**આજનો સુવિચાર**

માપી માપીને સંબંધ રાખનારના ત્રાજવા હંમેશા ખાલી જ રહે છે..!!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૬૩ જૂનાગઢ તા.૨૭-૬-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 163, Junagadh : Date : 27 Jun, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


### ક્રિકેટ વર્લ્ડ કપનો કાર્યક્રમ જાહેર :

# ૧૫ ઓક્ટોબરે અમદાવાદમાં ભારત - પાક. મુકાબલો

### ૪૬ દિવસ સુધી ચાલનારા ક્રિકેટનાં મહાકુંભનો તા.૫ ઓક્ટોબરથી પ્રારંભ : ૩ નોકઆઉટ સહિત ૪૮ મેચ રમાશે : ભારત તેની પ્રથમ મેચ ઓસ્ટ્રેલીયા સામે રમશે



મુંબઈ તા. ૨૭
વન-ડે ઈન્ટરનેશનલ મેચ વર્લ્ડ કપનું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. આઈસીસીએ આજે મુંબઈમાં એક મીડિયા બ્રીફિંગમાં વર્લ્ડ કપના કાર્યક્રમની જાહેરાત કરી હતી. ૪૬ દિવસીય ક્રિકેટ મહાકુંભની શરૂઆત ૫ ઓક્ટોબરે અમદાવાદમાં ઈંગ્લેન્ડ-ન્યૂઝિલેન્ડ મેચ સાથે થશે જ્યારે ફાઈનલ મેચ ૧૯ નવેમ્બરે અમદાવાદ સ્ટેડિયમમાં રમાશે. તેમજ એશિયાના સૌથી કટ્ટર હરીફ ભારત અને પાકિસ્તાન ૧૫ ઓક્ટોબરે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં એકબીજા સામે ટકકર થશે. વર્લ્ડ કપ ૨૦૨૩ ૧૨ શહેરોમાં રમાઈ શકે છે. અમદાવાદ (નરેન્દ્ર મોદી સ્ટેડિયમ), બેંગલુરુ (એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ), ચેન્નાઈ (એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ), દિલ્હી (અરુણ જેટલી ક્રિકેટ સ્ટેડિયમ), ધર્મશાલા (હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમ), ગુવાહાટી (આસામ ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમ), હૈદરાબાદ (રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, ઉપ્પલ), કોલકાતા (ઈડન ગાર્ડન્સ), લખનૌ (એકાના ક્રિકેટ સ્ટેડિયમ), ઈન્દોર (હોલ્કર સ્ટેડિયમ), મુંબઈ (વાનખેડે સ્ટેડિયમ) અને રાજકોટ (સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમ) ખાતે મેચો રમાશે.

આ ટુર્નામેન્ટ ૪૬ દિવસ ચાલશે અને ત્રણ નોકઆઉટ સહિત ૪૮ મેચો રમાશે. ભારત પ્રથમ વખત સમગ્ર વર્લ્ડ કપની યજમાની કરી રહ્યું છે. અગાઉ, ભારત તેના પડોશી દેશો સાથે આ મેગા ટુર્નામેન્ટનું આયોજન કરી ચૂક્યું છે.

આ વખતે વર્લ્ડ કપમાં ૧૦ ટીમો ભાગ લેશે. જેમાં યજમાન ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ ૨૦૨૩ **ODI** વર્લ્ડ કપ માટે સીધા ક્વોલિફાય થયા છે. જયારે બાકીની બે ટીમો ક્વોલિફાયર રાઉન્ડમાંથી આવશે.

## બળવા બાદ પુતિન ગાયબ થઈ ગયા હોવાનાં અહેવાલ

મોસ્કો તા. ૨૭
બળવાનાં અહેવાલો બાદ પુતિન ગાયબ થઈ ગયા હોવાનું સુત્રોએ જણાવેલ છે. પુતિને બળવાનાં પગલે એવું નિવેદન કર્યું હતું કે, તે આપણા દેશ અને આપણા લોકોની પીઠમાં છરો મારવા જેવું છે. આ બરાબર એ જ ઝટકો છે જે ૧૯૧૭માં રશિયાએ સહન કર્યું હતું જ્યારે દેશ પ્રથમ વિશ્વયુદ્ધ લડ્યું હતું. પ્રિગોઝિન, વેગનરની રશિયન ખાનગી સેનાના વડા દેશદ્રોહી છે. જેમણે સશસ્ત્ર વિદ્રોહનો માર્ગ પસંદ કર્યો છે તેમને સખત સજા ભોગવવી પડશે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને શનિવારે રશિયામાં તખ્તાપલટના કાવતરા વચ્ચે આ નિવેદન આપ્યું હતું. થોડા કલાકો પછી, પુતિનના પ્રેસ સેક્રેટરી કહે છે કે પ્રિગોઝિન સામે કોઈ કેસ દાખલ કરવામાં આવશે નહીં. આ નિવેદન બાદથી પુતિન ક્યાંય જોવા મળ્યા નથી.

# ટામેટાનાં ભાવમાં ભડકો કિલોનાં રૂા. ૧૦૦ : શાકભાજીનાં ભાવો આસમાને પહોંચતા રસોડાનાં બજેટ ખોરવાયા

નવી દિલ્હી તા. ૨૭ :
વર્તમાનમાં શાકમાર્કેટમાં ટામેટાના ભાવ લોકોને રડાવી રહ્યા છે. દેશના ઘણા ભાગોમાં ટામેટાના ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિ કિલોને પાર પહોંચી ગયા છે. જથ્થાબંધ મંડીઓમાં પણ ટામેટાનાં ભાવ ૭૦ થી ૮૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે.

કાળઝાળ ગરમી, ઓછા ઉત્પાદન અને વિલંબિત વરસાદને કારણે દેશના કેટલાક ભાગોમાં ટામેટાંના છૂટક ભાવ હવે રૂ. ૧૨૦ પ્રતિ કિલોએ પહોંચી ગયા છે. જથ્થાબંધ બજારોમાં તે ૭૦ રૂપિયા પ્રતિ કિલો સુધી છે. ટામેટાંની સાથે સાથે કેટલીક શાકભાજીના ભાવમાં પણ તિવ્ર વધારો થયો છે. આવી સ્થિતિમાં આ કિંમતો મોંઘવારી ઘટાડવાના રીઝર્વ બેંકના પ્રયાસો પર પાણી ફેરવી શકે છે.

શાકમાર્કેટમાં આદુ, લીલા મરચા અને કોથમીરના ભાવમાં પણ મોટો ઉછાળો આવ્યો છે. હોલસેલ માર્કેટમાં બેંગ્લોરી આદુનો ભાવ ૨૦૦ થી ૨૨૦ રૂપિયા કિલો પહોંચ્યો છે, જ્યારે સતારા આદુનો ભાવ હોલસેલ માર્કેટમાં ૧૬૦ થી ૧૭૦ રૂપિયા કિલો છે. રિટેઈલમાં આદુનો ભાવ રૂ. ૨૪૦ થી ૩૦૦ સુધી પહોંચ્યો છે. લીલા તીખા મરચાનો ભાવ હોલસેલ માર્કેટમાં સૌથી ઊંચો નોધાયો છે. હોલસેલ માર્કેટમાં લીલા તીખા મરચાનો ભાવ ૧૦૦ જયારે રિટેઈલ માર્કેટમાં ૧૫૦ સુધી પહોંચ્યો છે. કોથમીરનો ભાવ પણ પ્રતિ કિલો રૂ ૮૦ થી ૧૦૦ સુધી પહોંચ્યો છે. જેના ટામેટા બાદ આદુ, કોથમીર, મરચાના ભાવમાં વધારો થતાં ગૃહિણીઓ પરેશાન થઈ ઉઠી છે. ગરમ હવામાનની અસર હવે સામાન્ય લોકોના ખિસ્સા પર પણ જોવા મળી રહી છે. છેલ્લા અઠવાડિયા દરમિયાન દેશના ઘણા ભાગોમાં ટામેટાંના ભાવ બમણા થઈ ગયા છે. છૂટક બજારમાં ટામેટાના ભાવ ૮૦ રૂપિયાથી વધીને ૧૨૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા હતા. બીજી તરફ ટામેટાના જથ્થાબંધ ભાવ ૩૦-૩૫ રૂપિયા પ્રતિ કિલોથી વધીને ૬૫-૭૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા છે. ટામેટાંના ભાવમાં રેકોર્ડ વધારો અનેક કારણોસર થયો છે. જો કે, આ વધારો મુખ્યત્વે અતિશય ગરમી, વિલંબિત વરસાદ અને ખેડૂતોની ખેતી કરવામાં ઓછી રસને કારણે થયો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે મે મહિનામાં ટામેટાના ભાવ ઘટીને રૂ.૩-૫ પ્રતિ કિલો થયા હતા, જેમ કે વધુ ગરમી, મોડા વરસાદ અને પાક ઉગાડવામાં ખેડૂતોમાં રસનો અભાવ જેવા અનેક પરિબળોને કારણે. દિલ્હીના આઝાદપુર જથ્થાબંધ બજારના ટામેટાના વેપારી અશોક ગણોરે જણાવ્યું હતું કે છેલ્લા બે દિવસમાં ટામેટાંના ભાવ બમણા થઈ ગયા છે. હરિયાણા અને ઉત્તર પ્રદેશ જેવા પડોશી રાજયોમાંથી ટામેટાંનો પુરવઠો ઓછો થયો છે. હવે અમે બેંગ્લોરથી ટામેટાં લઈ રહ્યા છીએ. તેમણે કહ્યું કે તાજેતરના વરસાદ દરમિયાન જમીન પરના ટામેટાના છોડને નુકસાન થયું છે. ટામેટામાં નુકસાનને કારણે ખેડૂતોએ પણ આ પાકની કાળજી લેવાનું બંધ કરી દીધું છે. અમદાવાદમાં પણ ટામેટાનો ભાવ પ્રતિ કિલોએ ૮૦ -૧૦૦ રૂપિયાએ પહોંચી ગયો છે.

## ૯ વર્ષમાં વડાપ્રધાન મોદીને ૧૩ ઈન્ટરનેશનલ એવોર્ડ મળ્યા

નવી દિલ્હી,તા. ૨૭:
અમેરિકા બાદ ઈજિપ્તમાં પણ વડા પ્રધાન મોદી માટે રેડ કાર્પેટ બિછાવવામાં આવી હતી. વડાપ્રધાન મોદીને ઈજિપ્તના સર્વોચ્ચ સન્માન 'ઓર્ડર ઓફ ધ નાઈલ'થી નવાજવામાં આવ્યા હતા. તેમને કૈરોમાં ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતહ અલ-સિસિ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ ૧૯૧૫થી 'ઓર્ડર ઓફ ધ નાઈલ'આપવાની શરૂઆત થઈ હતી. ઈજિપ્ત કે માનવજાત માટે અમૂલ્ય યોગદાન આપનારા દેશોના વડા, પ્રિન્સ અને વાઈસ પ્રેસિડન્ટને આ સન્માન આપવામાં આવે છે. આ અવોર્ડ વાસ્તવમાં શુદ્ધ સોનાના હારજેવો છે, જેમાં ચોરસ આકારના સોનાના ત્રણ યુનિટ્સ છે. પહેલો યુનિટ દેશને ખરાબ તાકતોથી બચાવવાના વિચારને સંબંધિત છે. બીજો યુનિટ નાઈલ નદી દ્વારા લાવવામાં આવેલી સમૃદ્ધિ અને ખુશીને સંબંધિત છે. ત્રીજો યુનિટ ધન અને સહનશકિતને સંબંધિત છે. આ ત્રણેય યુનિટ્સ ટરકોઈઝ અને રુબીથી સજાવવામાં આવેલા સર્ક્યુલર ગોલ્ડ ફ્લાવર દ્વારા એકબીજા સાથે કનેક્ટ છે. હાર જેવા કોલરથી એક હેક્સાગોનલ પેન્ડન્ટ જોડાયેલું છે કે જે ફેરોનિક સ્ટાઈલનાં ફૂલો, ટરકોઈઝ અને રુબી જેમ્સથી સજાવેલું છે

# વોશીંગ્ટનમાં મોદી - બાઈડન મુલાકાતને પગલે પાકિસ્તાનમાં હોબાળો : આતંકવાદની દુકાનો બંધ કરવા જણાવ્યું હતું

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૭
ગત અઠવાડિયે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડન દ્વારા આપવામાં આવેલા સંયુક્ત નિવેદનને લઈને પાકિસ્તાનમાં હોબાળો મચી ગયો છે. આ નિવેદનમાં બંને દેશોએ તમામ આતંકવાદી સંગઠનો સામે કડક કાર્યવાહી કરવાની અપીલ કરી છે. જેમાં પાકિસ્તાનથી ચાલતા અનેક આતંકી સંગઠનોના નામ સામેલ છે.

અહેવાલ મુજબ પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું, અમેરિકાએ પાકિસ્તાન વિરુદ્ધ ભારતના રાજકીય રીતે પ્રેરિત અને પાયાવિહોણા દાવાઓને પ્રોત્સાહન આપતા નિવેદનોથી દૂર રહેવું જોઈએ. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે, આ સંયુક્ત નિવેદનમાં 'એકતરફી અને ભ્રામક' સંદર્ભો ટાંકવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદીની યુએસ મુલાકાત દરમિયાન સંયુક્ત નિવેદનમાં, બંને દેશોએ તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદ અને હિંસક ઉગ્રવાદની નિંદા કરી હતી. મોદી અને બાયડને લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ અને હિઝબુલ મુજાહિદીન જેવા પાકિસ્તાન સ્થિત સંગઠનો સહિત યુએન-સૂચિબદ્ધ તમામ આતંકવાદી જૂથો સામે નક્કર કાર્યવાહી કરવાની અપીલ કરી હતી. બંને પક્ષોએ ૨૬/૧૧ના મુંબઈ અને પઠાણકોટ હુમલાના ગુનેગારો સામે કાર્યવાહી કરવાની પણ અપીલ કરી હતી. આ સંગઠનોનાં પાકિસ્તાન સાથેના સંબંધો લાંબા સમયથી હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

## ધાર્મિક સંસ્થાઓએ રૂા.૨ લાખથી વધુનાં દાન પ્રાપ્તીની વિગતો જાહેર કરવી પડશે : કરમુકિતનાં નિયમોમાં ફેરફાર

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૨૭
આવકવેરા વિભાગે આવકવેરા મુકિતનો દાવો કરતી સખાવતી સંસ્થાઓ માટે નિયમોમાં કેટલાક ફેરફાર કર્યા છે. આ અંગે હવે વિભાગને વધારાની વિગતો આપવા માટે કહેવામાં આવ્યું છે. આવકવેરાના નિયમોમાં કરાયેલા સુધારા ૧ ઓક્ટોબરથી અમલમાં આવશે. તદનુસાર, સખાવતી સંસ્થાઓએ હવે જાહેર કરવું પડશે કે તેમની પ્રવૃત્તિઓ સખાવતી, ધાર્મિક કે ધાર્મિક-કમ-ચેરિટેબલ છે. આ ઉપરાંત, જો કોઈ વ્યકતિ પાસેથી એક દિવસમાં બે લાખ રૂપિયાથી વધુનું દાન મળે છે તો દાતાનું નામ અને સરનામું, ચૂકવણીની રકમ અને **PAN**ની માહિતી પણ ચેરિટેબલ સંસ્થાને આપવાની રહેશે.

આવકવેરા નિયમોમાં કરવામાં આવેલા આ સુધારા અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે સરકારે તાજેતરમાં આવકવેરા કાયદા હેઠળ કર મુકિતનો દાવો કરવા અથવા **80Å** પ્રમાણપત્ર મેળવવા માટે ચેરિટેબલ સંસ્થાઓને લાગુ થતી નોંધણીની આવશ્યકતામાં પણ સુધારો કર્યો છે. સુત્રોએ ઉમેર્યું કે સરકારે હવે આવકવેરાના નિયમો (નિયમો **2C, 11AA** અને **17A**)માં ફેરફાર કર્યા છે. સુધારેલા નિયમો ૧ ઓક્ટોબર ૨૦૨૩ થી જ લાગુ થશે. આ ઉપરાંત સંબંધિત ફોર્મના અંતે આપવામાં આવેલી બાંયધરીમાં પણ કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે.

# બેંકોમાં પડેલ રૂા. ૪૮ હજાર કરોડની થાપણોનો કોઈ દાવેદાર નથી : આરટીઆઈમાં ખુલાસો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૭
જો તમો બેંક ખાતુ ખોલાવીને નાની-મોટી રકમ જમા કરાવી હોય તો અનેક વખત તેઓને પણ યાદ હોતું નથી અથવા આ પ્રકારે ખાતા ખોલાવ્યા બાદ અચાનક જ મૃત્યુ પામતા લોકોના બેંક ખાતાઓ અંગે તેમના પરિવારજનોને પણ જાણ હોતી નથી અને તેવા થોડા ઘણા નહી પુરા રૂા.૪૮૦૦૦ કરોડની રકમ અલગ અલગ બેંકોમાં અનકલેમ મની તરીકે સેવિંગ કે તે પ્રકારના ખાતામાં જમા છે.

હાલમાં જ માહિતીના અધિકાર હેઠળ પુછાયેલા પ્રશ્નના જવાબમાં આ આંકડા બહાર આવ્યા છે. જયારે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ જે રકમ જે તે બેંક ખાતામાં જમા કરાઈ છે તેનો આંકડા તો અલગ જ છે. આ મોટી થાપણોમાં રૂા. ૩૪૧૪૬ કરોડની રકમ તો રોજની ૧૩ બેંકોમાંજ ગયા છે. હાલમાં જ રીઝર્વ બેંકે તમામ બેંકોને તેની બ્રાન્ચોમાં આ રીતે ૧૦ વર્ષ કે તેથી વધુ સમય સુધી જે બચત સહિતના ખાતાઓમાં જમા છે તેમના મૂળ લાભાર્થી કે તેના પરિવારને શોધીને આ રકમ કાનૂની રીતે પ્રક્રિયા કરીને પરત મળે તે માટે ઝુંબેશ ચલાવવા અને જીલ્લા મથકોથી તેનું સંચાલન કરવા જણાવ્યું હતું.

દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં સૌથી વધુ રૂા.૮૯૫૨.૨૧ કરોડની રકમ જમા છે. જયારે ખાનગી ક્ષેત્રમાં એચડીએફસી બેંકમાં રૂા.૧૦૯૦ કરોડ અને આઈસીઆઈસીઆઈ બેંકમાં રૂા.૧૬૨૭.૦૬ કરોડની રકમ જમા છે. આ ઉપરાંત નાની બેંકોમાં કુલ રૂા.૧૪૩૧૫ જેવી રકમ જમા છે. લાંબા સમય સુધી આ રકમ કલેમ ના થાય તો પછી તે રકમ બેંકોને રીઝર્વ બેંકને ટ્રાન્સફર કરી દેવા જણાવાયું છે જે થાપણદારોના બેંક ગ્રાહકોના જામીન માટે જે આરબીઆઈ ખર્ચ કરે છે તેમાં ઉપયોગમાં લેવાય છે.

## ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૪ તાલુકામાં વરસાદ સૌથી વધુ વલસાડનાં ઉમરગામમાં પાંચ ઈંચ ખાબકયો

અમદાવાદ તા. ૨૭
રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી અનેક જિલ્લાઓમાં વરસાદ વરસી રહ્યો છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૪ તાલુકામાં અનરાધાર વરસાદ વરસ્યો હતો જેમા સૌથી વધુ વલસાડના ઉમરગામમાં પાંચ ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં હજૂ પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

રાજ્યમાં વિધિવત રીતે રવિવારે ચોમાસાનું આગમન થઈ ગયુ હતું જેના પગલે છેલ્લા ત્રણ દિવસથી અનેક જિલ્લાઓમાં વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદને કારણે અનેક નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. ગઈકાલે અમદાવાદ સહિત અનેક જગ્યાએ અનરાધાર વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૪ તાલુકમાં વરસાદ નોંધાયો હતો જેમા સૌથી વધુ વલસાડના ઉમરગામમાં સવા પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં અનેક જગ્યાએ વાવણીલાયક વરસાદ થતા ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે તો બીજ તરફ રાજ્યમાં આગામી ૩૦ તારીખ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા હજુ પણ વરસાદની આગાહી કરવામાં આવી છે અને સાથે જ દક્ષિણ ગુજરાતમાં યલો તેમજ વલસાડમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુ છે. હવામાન વિભાગે આજે અમદાવાદ સહિત વડોદરા, છેટાઉદેપુર, ભરુચ, સુરત, આણંદ, અરવલ્લી, દાહોદ, ખેડા, મહીસાગર, પંચમહાલ, અમરેલી, ભાવનગર, બોટાદ, ગીર સોમનાથ, જામનગર, જૂનાગઢ, પોરબંદરમાં વરસાદની આગાહી છે. રાજ્યમાં આગામી તા. ૩૦ જૂન સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે.

## પાકિસ્તાનમાં વરસાદ અને વિજળી પડવાનાં બનાવમાં ૨૦નાં મોત

ઈસ્લામાબાદ તા. ૨૭
પાકિસ્તાનમાં ભારે વરસાદ અને વિજળી પડતા અત્યાર સુધી કુલ ૨૦ લોકોના મોત થયા છે. હવામાન વિભાગે આગામી કેટલાક દિવસમાં ભારે વરસાદની આગાહી કરી છે. પાકિસ્તાનના પૂર્વ પંજાબ પ્રાંતના કેટલાક ભાગમાં વિજળી પડતા ૧૦ લોકોના મોત થયા છે. તંત્ર તરફથી કહેવામાં આવ્યું છે છેલ્લા ૨૪ કલાક દરમિયાન બે પ્રાંત શેખપુરા અને નારોવાલમાં ભારે વરસાદને કારણે કેટલાક ઘર ધરાશાયી થયા છે. અત્યાર સુધી પાકિસ્તાનમાં ભારે વરસાદ અને વિજળી પડવાનાં બનાવોમાં ૨૦ લોકોએ જીવ ગુમાવ્યો છે.

## મુંબઈ - દિલ્હી એરઈન્ડીયાની ફલાઈટમાં મુસાફરે સીટ ઉપર શૌચ ક્રિયા કરી

નવી દિલ્હી,તા. ૨૭:
એર ઈન્ડીયાની મુંબઈ-દિલ્હીની ફલાઈટમાં એક મુસાફરે ચીતરી ચડી જાય તેવું કૃત્ય આચરતા ચકચાર જાગી છે.

મુસાફરે સીટ પર શૌચ કર્યા બાદ થૂંક્યો હતો. જે મામલે પોલીસ ફરિયાદ નોંધાતા હલકી માનસિકતા ધરાવતા આ મુસાફરની ઈન્દીરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ધરપકડ કરી લેવામાં આવી છે. જેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. આ આરોપી આફ્રિકામાં રસોયા તરીકે કામ કરતો હોવાનું સામે આવ્યું છે.

## છેલ્લા ૧૦ વર્ષમાં ૭૦ હજાર ભારતીયોએ તેમના પાસપોર્ટ સરન્ડર કર્યા

નવી દિલ્હી, તા. ૨૭:
છેલ્લા ૧૦ વર્ષમાં લગભગ ૭૦,૦૦૦ ભારતીયોએ ૨૦૧૧ અને ૨૦૨૨ની વચ્ચે દેશભરમાં પ્રાદેશિક પાસપોર્ટ ઓફિસો **(RPOs)** પર તેમના પાસપોર્ટ સરેન્ડર કર્યા હતા જેમાં ૮ રાજ્યો - ગોવા, પંજાબ, ગુજરાત, મહારાષ્ટ્ર, કેરળ, તમિલનાડુ, દિલ્હી અને ચંદીગઢ - ૯૦ ટકાથી વધુ છે. ધ ઈન્ડીયન એક્સપ્રેસ દ્વારા માહિતી અધિકાર (આરટીઆઈ) અરજીના જવાબમાં વિદેશ મંત્રાલય દ્વારા શેર કરાયેલ ડેટા દર્શાવે છે કે આ સમયગાળા દરમિયાન ૬૯,૩૦૩ પાસપોર્ટ સરેન્ડર કરવામાં આવ્યા હતા, જેમાંથી સૌથી વધુ ૪૦.૪૫ ટકા ગોવાના આરપીઓ ખાતે સરેન્ડર કરવામાં આવ્યા હતા.


**દુકાન વેચવાની છે**

વલ્લભાશ્રય માર્કેટ,
ગ્રાઉન્ડ ફલોર માંગનાથ રોડ સ્થિત
દુકાન વેચવાની છે

:: સંપર્ક ::
૯૭૨૩૮ ૯૮૪૮૫ / ૭૩૫૯૦ ૯૨૦૫૭



**દુકાન વેચવાની છે**

જૂનાગઢનાં ભરચક વિસ્તાર
પંચહાટડી ચોકમાં જે.ડી. ચેમ્બર
પહેલા માળે બે દુકાન નં. ૭ અને ૮
કુલ ૨૦૨ ફુટ વેચાણથી આપવાની
છે. તદ્દન વ્યાજબી ભાવમાં

સંપર્ક : ૯૯૨૫૭ ૫૫૦૦૮



તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને
સંક્રમણને અટકાવવા તેમજ
રોગપ્રતિકારક શકિત વધારવા માટે
ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને
સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# આજે ૨૭મી જૂન - આંતરરાષ્ટ્રીય સુક્ષ્મ, લઘુ, મધ્યમ ઉદ્યોગ દિવસ''

## સ્થાનિકથી લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે અર્થ વ્યવસ્થામાં માઇક્રો, સ્મોલ એન્ડ મીડિયમ ઇન્ડસ્ટ્રી (એમ. એસ. એમ. ઈ. )નું મહત્ત્વનું યોગદાન

રાજકોટ જિલ્લામાં હાલની સ્થિતિએ ૧,૨૨,૧૧૪ એમ.એસ.એમ.ઈ. નોંધાયેલા છે : જિલ્લામાં ૫૬,૮૯૫ મેન્યુફેક્ચરિંગ યુનિટ : ૬૫,૨૧૯ સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ : માઈક્રો સ્કેલના ૧,૧૭,૨૬૧ યુનિટ;સ્મોલ સ્કેલના ૪,૪૨૭ યુનિટ તથા મીડિયમ સ્કેલના ૪૨૬ યુનિટ કાર્યરત છે

સ્થાનિકથી લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે અર્થ વ્યવસ્થામાં માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ ઈન્ડસ્ટ્રી (એમ.એસ.એમ.ઈ.)નું મહત્ત્વનું યોગદાન છે. જેને ધ્યાનમાં રાખતા ૨૭મી જૂને વિશ્વભરમાં ''આંતરરાષ્ટ્રીય સુક્ષ્મ, લઘુ, મધ્યમ ઉદ્યોગ દિવસ'' (એમ.એસ.એમ.ઈ. ડે)ની ઉજવણી થાય છે. આ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ દૂરંદેશીભર્યો દ્રષ્ટિકોણ અપનાવીને મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વગેરે સ્કીમ શરૂ કરી છે.

ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર એમ.એસ.એમ.ઈ.ને વિકાસના ચાલકબળ તરીકે ગણીને પ્રોત્સાહન આપવાના આશયથી નવી ઔદ્યોગિક નીતિ ઉપરાંત ફેસિલિટેશન ઓફ એસ્ટાબ્લિશમેન્ટ એન્ડ ઓપરેશન એક્ટ-૨૦૧૯ પણ અમલી બનાવ્યો છે.

ઉદ્યોગની વાત આવે ત્યારે રાજકોટનું નામ મોખરે આવે છે. રાજકોટ જિલ્લામાં હાલની સ્થિતિએ ૧,૨૨,૧૧૪ એમ.એસ.એમ.ઈ. નોંધાયેલા હોવાનું જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજરશ્રી કે.વી. મોરીએ જણાવ્યું હતું. જિલ્લામાં ૫૬,૮૯૫ મેન્યુફેક્ચરિંગ યુનિટ છે જ્યારે ૬૫,૨૧૯ સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ છે. જિલ્લામાં માઈક્રો સ્કેલના ૧,૧૭,૨૬૧ યુનિટ, સ્મોલ સ્કેલના ૪,૪૨૭ યુનિટ તથા મીડિયમ સ્કેલના ૪૨૬ યુનિટ કાર્યરત છે.

મહત્વનુંછે કે, રાજકોટ તેમજ સૌરાષ્ટ્રમાં એમ.એસ.એમ.ઈ.ના વિકાસ માટે ઔદ્યોગિક ક્લસ્ટર બનાવવા પર ભાર મુકાઈ રહ્યો છે. હાલ એન્જિનિયરિંગ અને ઓટોપાર્ટ્સ ક્લસ્ટર, કાસ્ટિંગ ક્લસ્ટર, ફૂડ ઈન્ડસ્ટ્રી, એગ્રો બેઝ્ડ ક્લસ્ટર, જેમ્સ અને જ્વેલરી, હાર્ડવેર, કીચનવેર, પેકેજિંગ, પ્લાસ્ટિક, પમ્પ અને પાર્ટસ્, ટેક્સટાઈલ, જિનિંગ ક્લસ્ટર – એમ વિવિધ ક્લસ્ટર બનાવવા અંગે કવાયત તેજ બની છે.

ઉદ્યોગની સ્થાપના પછી, તેને વેગ આપવા ઔદ્યોગિક ઉત્પાદનોની તપાસણી અને પ્રમાણિકરણ તેમજ કુશળ માનવબળ ખૂબ મહત્ત્વના છે. ઉદ્યોગકારોને ઘર આંગણે જ ટેસ્ટિંગ અને કેલિબ્રેશનની સુવિધા મળે તે માટે કોમન ફેસિલિટેશન સેન્ટર શરૂ કરાઈ રહ્યા છે. જેનાથી ઉદ્યોગકારોનો ખર્ચ તેમજ સમય બચે છે અને તેઓની ઉત્પાદન ક્ષમતા અને ગતિ વધે છે.

રાજકોટ વોટર પમ્પ સેટનું મોટું ઉત્પાદક છે. આથી અહીંના પમ્પ સેટના ઉત્પાદકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, આજી જી.આઈ.ડી.સી.માં પમ્પ ટેસ્ટિંગ માટે કોમન ફેસિલિટી સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જે વર્ષ ૨૦૧૯થી સંપૂર્ણ કાર્યરત છે. રાજકોટ એન્જિનિયરિંગ ટેસ્ટિંગ અને રિસર્ચ સેન્ટર (સી.એફ.સી. ફોર પમ્પ એન્ડ ફાઉન્ડ્રી ક્લસ્ટર-રાજકોટ)ના હેડ શ્રી અભિષેક ગોંડલિયાના જણાવ્યા પ્રમાણે, રાજકોટમાં બી.આઈ.એસ. લાયસન્સધારક આશરે ૫૫૫ પમ્પ ઉત્પાદકો છે, જ્યારે અન્ય ૩૦૦થી વધુ ઉત્પાદકો છે. આ સેન્ટર એન.એ.બી.એલ. (નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરીઝ) તથા બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડની માન્યતા ધરાવે છે અને અહીં થતાં ટેસ્ટના આધારે ઉદ્યોગકારો બી.આઈ.એસ.માંથી આઈ.એસ.આઈ. માર્ક મેળવી શકે છે. અહીં વર્ષે આશરે ૫૫૦ જેટલા પમ્પનું ટેસ્ટિંગ થતું હોય છે.

રાજકોટમાં જેમ્સ અને જ્વેલરીના આશરે પંદર હજાર યુનિટમાં દોઢ લાખથી વધુ લોકો કામ કરી રહ્યા છે. રાજકોટમાં ખૂબ મોટા પાયે ગોલ્ડ અને સિલ્વર જ્વેલરીનું પ્રોડકશન થઈ રહ્યું છે ત્યારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા એક વરસ અગાઉ રત્ન આભૂષણ સુવિધા કેન્દ્ર (કોમન ફેસિલિટી સેન્ટર)નું ઉદઘાટન કરાયું હતું. રાજકોટ જ્વેલરી ક્લસ્ટર ફેડરેશન દ્વારા આ સી.એફ.સી.નું સંચાલન કરવામાં આવે છે. જે.સી.એફ.આર.ના પ્રમુખ દિવ્યેશ પાટડિયાએ જણાવ્યુંહતુંકે, સી.એફ.સી.માં રોજના આશરે ૩૦ જેટલા ધંધાર્થીઓ આવે છે. અહીં સમગ્ર રાજ્યના ધંધાર્થીઓને કોમ્પ્યુટર ટચ, લેઝર સોલ્ડર, લેઝર માર્કિંગ, સી.એન.સી. કટિંગ, ડિઝાઈનિંગ, કેડ ડિઝાઈનિંગ, કેમ આર.પી.ટી., વાયર પાઈપ સીએનસી, ગોલ્ડ અને સિલ્વર રિફાઈનરી, ગોલ્ડ પ્યોરિટી એનાલિસીસ સહિતની સેવાઓ આપવામાં આવે છે. આ સી.એફ.સી.ના કારણે, માર્કેટને લાઈટવેટ જ્વેલરી બનાવવા માટે ડિઝાઈનિંગ મળશે. ઈટાલી અને જર્મનીમાં જે ડિઝાઈનના દાગીના બને છે, તે અહીં બનાવીને નિકાસ કરી શકાશે.

રાજકોટ જિલ્લો એન્જિયરિંગનું હબ છે. રાજકોટમાં જનરલ એન્જિનિયરિંગના ઉદ્યોગોને મશીન પાર્ટ્સ તેમજ સાધનોનું સમયાંતરે ચેકિંગ-ઈન્સ્પેક્શન અને કેલિબ્રેશન કરાવવાની જરૂરિયાત પડતી હોય છે. આ સેવાઓ સેન્ટ્રલ મેન્યુફેક્ચરિંગ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ-મેટોડા દ્વારા પૂરી પાડવામાં આવે છે. અહીંના સાયન્ટિસ્ટ, રિજીયોનલ સેન્ટર ઈન્ચાર્જશ્રી અભિષેક સૂચકે જણાવ્યું હતું કે, સી.એમ.ટી.આઈ.એ ભારે ઉદ્યોગ મંત્રાલય અંતર્ગતની સ્વાયત્ત સંસ્થા છે અને રાજકોટમાં તેની પ્રાદેશિક કચેરી છે. આ સેન્ટર દ્વારા ઈન્સ્પેક્શન અને કેલિબ્રેશન, મટિરિયલ ટેસ્ટિંગ, મેટર્લજિકલ એનાલિસીસ, મશીન ટૂલ્સ ટેસ્ટિંગ, રિવર્સ એન્જિનિયરિંગ, કન્સલ્ટન્સી સહિતની સેવાઓ આપવામાં આવે છે. આ સેન્ટરની વર્ષે આશરે ૪૫૦થી ૫૦૦ ઉદ્યોગકારો સેવા લે છે. રાજકોટમાં ૨૦૦૨થી આ સેન્ટર ચાલે છે, અહીં જરૂર પડ્યે તાલીમની સુવિધા પણ છે.

સૌરાષ્ટ્રના વર્તમાન અને ઉભરતા સુક્ષ્મ, લઘુ, મધ્યમ કદના ઉદ્યોગકારોને પ્રોત્સાહન-સહયોગ આપવાના ઉદ્દેશ સાથે નેશનલ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન- ટેક્નિકલ સર્વિસ સેન્ટર રાજકોટની સ્થાપના ૧૯૬૫માં કરવામાં આવી હતી. આ સેન્ટર દ્વારા કુશળ માનવબળ ઊભું કરવા વિવિધ કોર્સની તાલીમ અપાય છે, તેમજ એન્જિન, મોટર, પમ્પ, મટિરિયલ ટેસ્ટિંગ, પ્લાસ્ટિક ટેસ્ટિંગ લેબ માટે ટેસ્ટિંગ સેન્ટરની સુવિધા ઊભી કરવામાં આવેલી છે. આ ટેસ્ટિંગ સેન્ટરને એન.એ.બી.એલ. અને બી.આઈ.એસ.ની માન્યતા પ્રાપ્ત છે. અહીંના ટેસ્ટિંગ સેન્ટરમાં વર્ષે આશરે ૩૫૦૦ કરતાં વધુ ટેસ્ટ કરવામાં આવે છે.

સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે જમીન, મશીનરી અને માળખાકીય સુવિધાઓ સાથે તાલીમકુશળ માનવબળ પણ એટલું જ જરૂરી છે. રાજકોટમાં એમ.એસ.એમ.ઈ. એક્સટેન્શન સેન્ટર, ગીરનાર ટોકિઝ નજીક કાર્યરત છે. પશ્ચિમ ભારતનું આ એવું કેન્દ્ર છે, જે ઉદ્યોગોની જરૂરિયાત મુજબ વિવિધ કોર્સ ડિઝાઈન કરીને તાલીમ આપવાનું કામ કરે છે. સેન્ટરના ડેપ્યૂટી ડાયરેક્ટરશ્રી પ્રવીણ જોશીના જણાવ્યા પ્રમાણે, ઉદ્યોગોના વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા જે નીતિઓ અને યોજનાઓ અમલી બનાવાય છે, તે અંગેની તાલીમ ઉદ્યોગકારો, મેનેજરો તેમજ તેમના સ્ટાફ તથા રોજગારવાંચ્છુ યુવાનોને આપવામાં આવે છે. દર વર્ષે આશરે ૪૦૦૦ જેટલા ઉમેદવારોને અહીં તાલીમ અપાય છે. છેલ્લા ચાર વર્ષમાં આ કેન્દ્ર દ્વારા ૧૬,૨૦૦થી વધુ ઉમેદવારોને તાલીમ અપાઈ છે. હાલમાં જાપાનીઝ કન્સેપ્ટ મુજબ, અહીં સિક્સ સિગ્મા, યલો બેલ્ટ, ગ્રીન બેલ્ટ તથા બ્લેક બેલ્ટની તાલીમ અપાય છે. આ સેન્ટર ઉદ્યોગો માટે કન્સલ્ટન્સીનું પણ કામ કરે છે.

રાજકોટમાં આજી જી.આઈ.ડી.સી. ખાતે સેન્ટર ફોર એન્ટરપ્રિનિયરશીપ ડેવલપમેન્ટના પ્રાદેશિક કેન્દ્ર દ્વારા દર વર્ષે આશરે ૮૦૦થી ૧૦૦૦ યુવાનોને ઉદ્યોગસાહસિકતા તથા કૌશલ્ય વિકાસની તાલીમ આપવામાં આવે છે. સંસ્થાના સિનિયર ટ્રેનિંગ ઓફિસર સિરાજ બખતરિયાએ જણાવ્યું હતું કે, રાજકોટ પ્રાદેશિક કચેરી અંતર્ગત ૭ સ્કીલ અપગ્રેડેશન સેન્ટર ચાલે છે. જેમાં આજી જી.આઈ.ડી.સી.-રાજકોટ, લોધિકા (મેટોડા), ગોંડલ, જુનાગઢ, પોરબંદર તથા સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. સંસ્થા દ્વારા વિવિધ શૈક્ષણિક તેમજ તાલીમ સંસ્થાઓ સાથે ભાગીદારી કરીને પણ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવે છે. આ ઉપરાંત રાજકોટમાં આઈ.ટી.આઈ., વિવિધ એન્જિનિયરિંગ કોલેજો વગેરે દ્વારા પણ ઉદ્યોગલક્ષી તાલીમ આપવામાં આવે છે. આમ કોમન ફેસિલિટી સેન્ટર અને ઔદ્યોગિક તાલીમ આપતી સંસ્થાઓ રાજકોટના સુક્ષ્મ, લઘુ, મધ્યમ ઉદ્યોગોના વિકાસમાં મહત્ત્વના પુરવાર થઈ રહ્યા છે.

ખાસ લેખ – સંદીપ કાનાણી

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં અંગ્રેજી ભવનના વિવાદો વકરાવવામાં

## એ.બી.વી.પી., શૈક્ષિક મહાસંઘ અને ભવનના વિદ્યાર્થીઓને હાથા બનાવવાની ગેરકાનુની પ્રવૃત્તિ અટકાવવા સમાજ સેવા સંગઠક યશવંત જનાણીની કુલપતિને રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા. ૨૭

જાણીતા સમાજ સેવા સેવા સંગઠક યશવંત જનાણીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના પ્રવર્તમાન વિવાદોથી વ્યથિત થઈને કુલપતિ ડો. ગીરીશભાઈ ભીમાણીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે '' અંગ્રેજી ભવનના પૂર્વ વડા અને બે વર્ષની ટર્મ હોવા છતાં ચાર વરસથી શૈક્ષિક મહાસંઘના પ્રમુદ પદે રહેલા પ્રો. કમલભાઈ મહેતા અને ઉચ્ચ શિક્ષણ જગતના અનિષ્ઠો સામે એકલા હાથે લડાઈઓ લડનારા સૌરાષ્ટ્રયુનિવર્સિટીના પૂર્વ કાર્યકારી કુલપતિ પ્રો. જયદીપસિંહ ડોડીયા વચ્ચેનો દાયકાઓ જુનો ગજગ્રાહ શિક્ષણ જગતમાં સર્વવિદિત છે. બંને વચ્ચેનો જંગ કાયદાઓની મર્યાદામાં રહીને અને બંને વ્યક્તિ પોતાની વ્યક્તિગત તાકાત ઉપર લડે તેમાં કોઈને પણ વાંધો હોય શકે નહીં. પરંતુ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ભગિની સંસ્થાઓ-શૈક્ષિક મહાસંઘ, એ.બી.વી.પી. અને ભવનના વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને બંને વચ્ચેની વ્યક્તિગત લડાઈમાં હાથા બનાવવાની નિમ્ન કક્ષાની હરકતો હરગિજ સ્વીકારી શકાય તેમ નથી. તાજેતરમાં પ્રો. કમલભાઈ હરગોવિંદભાઈ મહેતાએ પ્રો. જયદિપસિંહ ડોડીયા સામે કરેલ ૫૦ લાખનો બદનક્ષીનો દાવો નામદાર કોર્ટે પુરાવાઓ શંકાસ્પદ જણાતા રદ કરેલ છે. પ્રો. કમલ મહેતા દ્વારા પુરાવા તરીકે રજુ કરવામાં આવેલ પ્રો. સંજય મુખરજીના ચાર શોધ છાત્રા કુ.ભક્તિ વૈષ્ણવ, કુ. ધ્વનિ વૈષ્ણવ, કુ. હેના મુળીયાના અને ડો. પ્રતીક્ષા ચાવડા સહીતના પુરાવાઓ નામદાર કોર્ટને શંકાસ્પદ જણાતા કમલભાઈ મહેતાનો ૫૦ લાખ જેવી માતબાર રકમનો બદનક્ષીનો દાવો રદ કરેલ છે. પ્રો. કમલ મહેતાના ૫૦ લાખનો બદનક્ષીનો પ્રો. જયદીપસિંહ ડોડીયા સામેનો દાવો રદ થતાં તેઓ જો નામદાર કોર્ટના આ ચુકાદાથી નારાજ હોય તો તેઓ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરી શકે છે. પરંતુ કાયદાકીયલડત આગળ વધારવાને બદલે અંગ્રેજી ભવનના વડાની મદદથી વિદ્યાર્થી કાર્યકરોને સતત ભવનના વડાની ચેમ્બરમાં બોલાવી પ્રો. જયદીપસિંહ ડોડીયા વિરુદ્ધ ઉશ્કેરવાની જે નિમ્ન કક્ષાની હરકતો થઈ રહી છે તે શિક્ષણ જગતને છાજે તેવી નથી. છેલ્લા બે મહિનાના અંગ્રેજી ભવનના આ અધ્યાપકોની ચેમ્બરના સી.સી.ટી.વી. કેમેરાના રેકોર્ડીંગ ઉપરથી આપ આ હકીકત જાણી શકશો. વર્ષ ૨૦૧૯ – ૨૦માં અંગ્રેજી ભવનના પ્રો. જયદીપસિંહ ડોડીયા અને પ્રો. સંજય મુખરજી સામે પી.એચ.ડી. પ્રવેશ સંદર્ભે જે તપાસ થઈ હતી તેમાં શૈક્ષિક મહાસંઘના પ્રમુખ પ્રો. કમલભાઈ મહેતાના પ્રખર સમર્થક એવા શૈક્ષિક સંઘના ઉપ-પ્રમુખ પ્રો. ગીરીશ ભીમાણી આ સમિતિના અધ્યક્ષ હતા. અન્ય બે સભ્યો પ્રો. આર.બી. ઝાલાના મિત્ર અને એ.બી.વી.પી. અગ્રણી ડો. વિમલ પરમાર તેમજ શૈક્ષિક મહાસંઘ અગ્રણી ડો.સંજય ભાયાણી હતાં. આ સ્થિતિમાં પ્રો. જયદીપસિંહ ડોડિયાની સામેની તપાસ તો પ્રો. કમલ મહેતા અને પ્રો. આર.બી.ઝાલા માટે મોસાળે જમણ અને મા પીરસનારી જેવો માહોલ હતો. પ્રો. મહેતા અને પ્રો. ઝાલાના અંગત માણસો દ્વારા જ તપાસ કર્યા બાદ આ રીપોર્ટના આધારે સીન્ડીકેટ દ્વારા ભવનના વડા પ્રો. સંજય મુખરજી અને પ્રો. જયદીપસિંહ ડોડીયાને આજીવન પરીક્ષામાંથી મુક્તિ આપવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. ત્યારબાદ એમ.એ અંગ્રેજીની અનેક પરીક્ષાઓમાં અંગ્રેજી ભવનના ખુબજ તેજસ્વી વિદ્યાર્થીઓને ૨૮,૨૯ જેવા એવરેજ ગુણ આપી તેઓની કારકિર્દી સાથે ગંભીર ચેડા કરવાની ઘટના યુનિવર્સિટી સતાધીશો અને સત્તામંડળના સભ્યોના ધ્યાન ઉપર આવી. આખરે વિદ્યાર્થીઓની કારકીર્દી સાથે ગંભીર ચેડા ન થાય તે મુદાને ધ્યાને રાખી પ્રો. મુખરજી અને પ્રો. ડોડીયાને પરીક્ષાની કામગીરી પુનઃ સોપવાનો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવ્યો. અંગ્રેજી ભવનના સેંકડો વિદ્યાર્થીઓને એમ.એ ની પરીક્ષામાં ભયંકર અન્યાય થયાની ગંભીર ફરીયાદો હાલ યુનિવર્સિટીના રેકર્ડ ઉપર મોજુદ હોવા છતાં, અંગ્રેજી ભવનના કેટલાક અધ્યાપકોના રાજકીય પીઠબળને કારણે જવાબદાર વ્યક્તિઓ સામે કોઈ શિક્ષાત્મક કાર્યવાહી આજ દીન સુધી કરવામાં આવેલ નથી. યુનિવર્સિટી સત્તાધીશો પર દબાણ સર્જી પોતાની મનમાની કરવા માટે અંગ્રેજી ભવનના વિદ્યાર્થીઓને પોતાના ગુરુજનો દ્વારા કેવી રીતે હાથા બનાવવામાં આવે છે તે અંગેના કેટલાક અખબારી અહેવાલો આ સાથે સામેલ છે. જો આ પ્રકારની પ્રવૃતિઓ સત્વરે અટકાવવામાં નહીઆવે અમારે આંદોલનાત્મક પગલા લેવા પડશે. અને ઉચ્ચકક્ષાએ રજુઆત કરવી પડશે."

### રિશેષમાં બેહોશ હાલતમાં મળી હતી

## નવસારીમાં ધો-૧૨ ની વિદ્યાર્થીનીને શાળામાં હાર્ટએટેક આવ્યો

નવસારી, તા.૨૭

હવે નાની ઉંમરના લોકોમાં પણ હાર્ટએટેકનો ખતરો વધી રહ્યો છે. નવસારીમાં ધોરણ ૧૨ માં ભણતી ૧૭ વર્ષની વિદ્યાર્થીની ચાલુ શાળામાં હાર્ટએટેક આવ્યો હતો. વિદ્યાર્થીનીનું હૃદય અચાનક બંધ પડી ગયુ હતું. તેને સારવાર મળે તે પહેલા જ તે મોતને ભેટી હતી. ત્યારે આ ઘટનાથી સમગ્ર શાળામાં ગમગીનીનો માહોલ છવાયો છે. બન્યું એમ હતું કે, નવસારીની જાણીતી એ.બી. સ્કૂલમાં આજે રિસેસ દરમ્યાન એક વિદ્યાર્થીની બેહોશ હાલતમાં મળી હતી. ધોરણ ૧૨ માં ભણતી આશાસ્પદ વિદ્યાર્થીની તનીષા ગાંધીને અચાનક ખેંચ આવી હતી. જેથી તેને હોસ્પિટલમાં સારવાર માટે તાત્કાલિક અસરથી ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં તબીબોએ તનીષા ગાંધીને મૃત જાહેર કરી હતી. તબીબોના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થિની તનિષા ગાંધીને હૃદયરોગનો હુમલો આવતા તેનું મોત નિપજ્યુ છે. શાળામાં રિસેસ દરમિયાન વિદ્યાર્થિની તનિષાને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. માત્ર ૧૭ વર્ષીય વિદ્યાર્થિનીનું હૃદય અચાનક બંધ પડી જતાં મોત થયુ હતું. વિદ્યાર્થિનીના મોત મામલે શાળાએ દિલસોજી વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે, એ. બી. સ્કૂલની વિદ્યાર્થીની ઉપરાંત ધોરણ ૮ માં ભણતા વિદ્યાર્થીને પણ ખેંચ આવવાની ઘટના બની હતી. ખેંચ આવેલા વિદ્યાર્થીને સાજો થઈ જતા રજા આપવામાં આવી હતી. પરંતુ તનિષા ગાંધી બચી ન શકી.

આજકાલ વાયરલ વીડિયોમાં તમે એવુ જોતા હશો કે, કેટલાક લોકો પ્રસંગોમાં ઢળી પડે છે, તો કેટલાક ચાલતા ચાલતા મોતને ભેટે છે. તો કેટલાકને નાટકોમાં રોલ ભજવતા સમયે હાર્ટએટેક આવે છે. ત્યારે જો તમે પણ એવુ વિચારો છો કે તમારી સાથે આવુ ન થાય તો આજથી જ તકેદારી રાખવાની શરૂઆત કરી દો. આ ઘટનાઓ મતલબ હાર્ટ એટેક. આજકાલ હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યું છે. આવામાં જો તમે નાની ઉંમરમાં હાર્ટ એટેકનો શિકાર થવા ન માંગતા હોવ તો આજથી જ કેટલાક નિયમોનું પાલન કરવાનું શરૂ કરી દો.

વર્તમાન જીવનશૈલીને નાની ઉંમરે હૃદય સંબંધિત સમસ્યા અને હાર્ટ એટેકના કેસ પણ વધી રહ્યાં છે. હાઈ બ્લડ પ્રેશરથી તેની શરૂઆત થાય છે. WHOના અહેવાલ પ્રમાણે સમગ્ર વિશ્વમાં ૧.૨૮ અરબ લોકો હાઈ બ્લડ પ્રેશરથી પીડાય છે. પરતું એમાંથી ૪૬ ટકા લોકોને ખબ જ નથી કે તેઓ હાઈ બ્લડ પ્રેશરથી પીડાય છે. જ્યારે લોકો કોઈ સમસ્યાની સારવાર માટે જાય છે, ત્યારે તેમને ખબર પડે છે કે તેમને હાઈ બીપી છે. નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે ૨૦ થી ૩૦ વચ્ચે જો આ વાતોનું ધ્યાન રાખવામાં આવે તો હાર્ટએટેકનું જોખમ ઘટાડી શકાય છે.

## ખેડૂતોને એક મણ જીરૂનો ૯ હજાર ૫૦૦થી ૧૧ હજાર ૮૦૦ સુધીનો ભાવ મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) જામનગર, તા.૨૭

જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં ઈતિહાસમાં ક્યારેય ન થયા હોય તેવા જીરૂના મણદીઠ ઐતિહાસિક ભાવ ૧૧, ૮૦૦ નોંધાતા ખેડૂતોમાં આનંદની હેલી જામી હતી.૨ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ જામનગરના ભાવની વાત કરવામાં આવે તો જીરૂના સૌથી નીચા ભાવ ૯,૫૦૦ થી સૌથી ઊંચા ભાવ ૧૧,૮૦૦ નોંધાયા હતા. જએ હાપા માર્કેટિંગ યાર્ડના ઈતિહાસના ઓલ ટાઈમ ભાવ છે.

## સેન્ટર ઓફ એક્સલન્સ તથા નર્સરીઓ દ્વારા તૈયાર કરાયેલા બાગાયત પાકોના રોપા નર્સરીમાંથી ખેડૂતો મેળવી શકશે

રાજકોટ તા. ૨૭

બાગાયત વિભાગ દ્વારા ખેડૂતોને નજીવા ભાવે વિવિધ બાગાયતી ફળપાકો માટેના તૈયાર રોપા આપવામાં આવેછે. જે બાગાયત વિભાગની નર્સરીઓ ખાતેથી મેળવી શકાય છે.

સૌરાષ્ટ્રમાં કોડીનાર-૧,ઉના-૧,ગીર સોમનાથ ખાતે ૨, માંગરોળ જુનાગઢ જિલ્લામાં-૧,મોરબી તાલુકામાં વાંકાનેર ખાતે ૧(એક), અમરેલીમાં ધારી-૧, ધ્રાંગધ્રા-૧ અને ભાવનગર ખાતે મહુવામાં- ૧ એમ સાત ફળ પાક નર્સરીઓ આવેલી છે.જેમાં મહુવા, કોડીનાર, ઉના અને માંગરોળ ખાતે નાળિયેરી અને આંબાના પાક માટે રોપા તૈયાર કરવામાં આવે છે.વાંકાનેરમાં ખાસ માઈનોર ફ્રુટ ક્રોપ જેમ કે જાંબુ, સીતાફળ, લીંબુ, અંજીર, શેતૂર, બીલા, કરમદાના રોપા તૈયાર કરવામાં આવે છે. આ ઉપરાંત ધારીમાં પણ આંબાપાક અને ધ્રાંગધ્રામાં ખાસ હાઈટેક હોર્ટીકલ્ચર અંતર્ગત ૭ જેટલા સ્ટ્રક્ચર સાથે શાકભાજીના રોપા તૈયાર કરી આપવામાં આવે છે,આ માટે શાકભાજીના રોપા માટેનું બિયારણ ખેડૂતે આપવાનું રહે છે. આ ઉપરાંત સરકારશ્રી દ્વારા તાલાળામાં કેરી માટે સેન્ટર ઓફ એક્સેલન્સ અને પોરબંદરમાં ખાસ દરિયાકાંઠે થતાં શાકભાજી અને ફળ પાકો માટે સેન્ટર ઓફ એક્સેલન્સ કાર્યરત છે.જેમાં આંબા અને શાકભાજી તથા અન્ય ફળ પાકોની નવીન જાતો સહિતના રોપા તૈયાર કરવામાં આવે છે. આવનારા દિવસોમાં જામનગરમાં ધ્રોલ ખાતે શાકભાજી,મરી મસાલા,ડ્રેગન ફ્રુટ ફળપાકો માટેનું સેન્ટર ઓફ એક્સેલન્સ નિર્માણાધીન છે. આ સેન્ટર ખાતે મસાલા માટે ખાસ પ્રોસેસિંગ યુનિટ પણ તૈયાર થશે તેમ સંયુક્ત બાગાયત નિયામક શ્રી લાડાણીએ જણાવ્યું હતું.

## રાજકોટની પી.ડી.યુ. હોસ્પિટલની પ્રેરણાદાયી પહેલ ઈજાગ્રસ્ત-એકલવાયું જીવન જીવતા દર્દીમાં જીજીવિષા જગાવતી ''હેલ્પ ડેસ્ક''ની સેવાઓ

રાજકોટ તા. ૨૭

રાજકોટ શહેરમાં આવેલી પંડિત દીનદયાળ ઉપાધ્યાય સરકારી હોસ્પિટલમાં તબીબી અધિક્ષકશ્રી ડો. આર. એસ. ત્રિવેદીની અધ્યક્ષતામાં આર.એમ.ઓ.શ્રી તથા એચ.આર. મેનેજરશ્રીના સહયોગથી છેલ્લા કેટલાક મહિનાઓથી એક પ્રેરણાદાયી પહેલ શરૂ કરવામાં આવી છે, જેનું નામ છે-''હેલ્પ ડેસ્ક''. આ પહેલ અંતર્ગત નિરાધાર દર્દીઓને વિનામૂલ્યે હંગામી આશરો અને જરૂરી સારવાર આપવામાં આવે છે. વ્યવસ્થા થયા બાદ હેલ્પ ડેસ્ક સ્ટાફ દ્વારા યોગ્ય વ્યવસ્થા કરી દર્દીઓને સુરક્ષિત આશ્રયસ્થાને મોકલવામાં આવે છે. આમ, આ 'હેલ્પ ડેસ્ક'ની સેવાએ ઈજાગ્રસ્ત અને એકલવાયું જીવન જીવતી વ્યક્તિઓમાં જીજીવિષા જગાવી છે.

તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ૪૫ વર્ષીય દર્દીશ્રી રવિપ્રસાદભાઈ શંકરભાઈને ઈશ્વરીયા ફાટક, ગેટ નંબર ૧૨૮ પાસેથી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા થકી પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. તેઓની બિનવારસી તરીકે ઓળખ થયા બાદ લગભગ બે મહિના સુધી ટ્રોમા સેન્ટરમાં ઈલાજ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ લગભગ ત્રણ મહિના સુધી પી.એમ.એસ.એસ.વાય. પ્લાસ્ટિક સર્જરી વિભાગમાં સારવાર આપવામાં આવી હતી.

આથી, હેલ્પ ડેસ્કના સહયોગથી શ્રી રવિપ્રસાદભાઈને મોરબી ખાતે શ્રી યદુનંદન ગૌસેવા ટ્રસ્ટના આશ્રયસ્થાને મોકલી આપવામાં આવ્યા હતા. આમ, પી.ડી.યુ. હોસ્પિટલના 'હેલ્પ ડેસ્ક' સ્ટાફે બિનવારસી દર્દીને આશરો આપ્યો અને સારવાર કરી એટલું જ નહીં તેનું મનોબળ વધારીને 'હેલ્પ ડેસ્ક' નામ સાર્થક કર્યું છે.

## સાંસદની ઉપસ્થિતિમાં રાજકોટમાં મોડેલ જી-૨૦ કોન્ફરન્સ ''ક્લાઈમેટ ચેન્જ'' થીમ યોજાઈ

રાજકોટ તા. ૨૭

સાંસદ મોહનભાઈ કુંડારીયાની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટની ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર ખાતે ગુજરાતમાં પ્રથમ વખત મોડેલ જી-૨૦ કોન્ફરન્સનું આર્કિટેકચરના વિદ્યાર્થીઓએ પ્રતિનિધિત્વ કર્યું હતું. આ કોન્ફરન્સમાં ''ક્લાઈમેટ ચેન્જ'' થીમ પર આર્કિટેકચરના વિદ્યાર્થીઓએ વિવિધ દેશોનું પ્રતિનિધિત્વ કરીને ભવિષ્યમાં ક્લાઈમેટમાં થનાર ફેરફારો પર ગહન ચર્ચા કરી હતી. તેમજ મોડેલ જી-૨૦નું આયોજન કરવાનો મુખ્ય હેતુ સ્પષ્ટ કર્યો હતો., જેમાં વિદ્યાર્થીઓ અને યુવાનોમાં આત્મવિશ્વાસનો સંચાર કરવામાં આવશે. વિશ્વમાં માનવજીવનને પડકારરૂપ વિવિધ મુદ્દાઓ પર સંશોધનો થકી વધુ સચોટ નિર્ણયો અને તારણો મેળવવા પ્રયત્નશીલ બનીને પોતાના કૌશલ્યને પારખીને ઈચ્છિત દિશા મેળવવાનો હતો.

આ કાર્યક્રમમાં ટ્રસ્ટીશ્રી નરેન્દ્રભાઈ દવે, જ્યુરી મેમ્બર્સ શ્રેય જોશી, વિવેક બરછા, હિયા ભગદેવ ઉપસ્થિત રહ્યા હતા. અને આ કાર્યક્રમમાં મેનેજમેન્ટ, લોજિસ્ટિક્સ અને ફોટોગ્રાફી હિમાદ્રી, હેમાત્રી, અર્થ, મયંક, વિવેક, ગૌરવ, અંશભાઈ ભારદ્વાજ, રિચા ભગદેવ અને આર્કિટેક્ચરના ફેકલ્ટી રિધ્ધિબેન શાહના માર્ગદર્શનમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## રાજકોટ શહેર એસ.ઓ.જી. દ્વારા ક્રાઈસ્ટ કોલેજ ખાતે યોજાયો જાગૃતિ સેમીનાર

રાજકોટ તા. ૨૭

૨૬ જૂન "વિશ્વ ડ્રગ વિરોધી દિવસ" નિમિત્તે રાજકોટ પોલીસ કમિશનરશ્રી રાજુ ભાર્ગવના માર્ગદર્શન હેઠળ ક્રાઈસ્ટ કોલેજ, મુંજકા, રાજકોટ ખાતે જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકોટ શહેરમાંથી નાર્કોટીકસ પદાર્થોની બદી સંપુર્ણપણે નાબુદ કરાવવા માટે અને રાજકોટ શહેરના યુવાધનમાં ડ્રગ્સનું દુષણ ન પ્રવેશે તે અંગેની જાગૃતિ કેળવવા માટે ક્રાઈમ વિભાગનાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી ડો. પાર્થરાજસિંહ ગોહીલ અને સ્પેશ્યલ બ્રાન્ચની અધ્યક્ષતા હેઠળ રાજકોટ શહેર એસ.ઓ.જી. દ્વારા આ જાગૃતિ સેમિનાર યોજાયો હતો. જેમાં આશરે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓને ડ્રગ્સના સેવનના કારણે થતું આર્થિક, સામાજીક, શારીરિક તેમજ દેશને થતા નુકશાન અંગે જાગૃત કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં ક્રાઈસ્ટ કોલેજના ડાયરેકટરશ્રી ડો. ફાધર જોમોન થોમ્મન્ના, ક્રાઈસ્ટ કોલેજના પ્રિન્સીપાલશ્રી ડો. ઈવોન ફર્નાન્ડીઝ, મહીલા કોલેજ રાજકોટનાં પ્રોફેસરશ્રી મીનુભાઈ જસદણવાલા, એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટરશ્રી જે.ડી.ઝાલા, એસ.ઓ.જી. એ.એસ.આઈ. શ્રી ડી.બી.ખેર, સામાજિક કાર્યકરશ્રી મીનલબા ગોહીલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહયા હતાં.

# ભવનાથ ફરવા ગયેલા બહેનનો રૂા.૬૦હજારનો સોનાનો ચેન નેત્રમ શાખાએ ગણતરીની કલાકોમાં શોધી આપ્યો




## જૂનાગઢના શહેરીજનો માટે વિશ્વાસ પ્રોજેક્ટ આશીર્વાદરૂપ : લોકોની ખોવાયેલ વસ્તુઓ શોધી આપવામાં સીસીટીવી કેમેરા ખૂબ ઉપકારક

જૂનાગઢ, તા.૨૭

વિશ્વાસ પ્રોજેકટ હેઠળ ઈન્સ્ટોલ સીસીટીવી કેમેરા લોકો માટે આશીર્વાદરૂપ બન્યા છે. લોકોની ખોવાયેલ વસ્તુઓને શોધી આપવામાં ખૂબ ઉપકારક નીવડી રહ્યા છે. જૂનાગઢ પોલીસની નેત્રમ શાખાએ ભવનાથ ફરવા ગયેલ એક બહેનનો રૂા.૬૦ હજારની કિંમતનો દોઢ તોલાનો સોનાનો ચેનને સીસીટીવી કેમેરાની મદદથી ગણતરી કલાકોમાં શોધી આપવામાં આવ્યો હતો.


અરજદાર જ્યોતિષકુમાર ગુલાબદાસ નિમાવત જૂનાગઢ ખાતે રહેતા હોય અને પોતાના પરિવાર સાથે ભવનાથ ફરવા ગયેલ હોય, તે દરમ્યાન જયોતિષભાઈની પત્નીનો સોનાનો ચેન કિંમત રૂા.૬૦,૦૦૦/- નો રસ્તામાં પડી ગયેલ હોય, જે સોનાનો ચેન ભવિષ્યમાં મળવો મુશ્કેલ હોય જેથી તેઓ વ્યથિત થઈ ગયેલ હતા. આ બાબતની જાણ નેત્રમ શાખાના (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઈ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી..

જૂનાગઢ હેડ ક્વા. ડી.વાય.એસ.પી. એ.એસ. પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખાના (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પી.એસ.આઈ પી.એચ.મશરૂ, પો.કોન્સ. દેવેનભાઈ સિંધવ, અંજનાબેન ચવાણ, કિંજલબેન કાનગડ, એન્જીનીયર મસઉદ અલીખાન પઠાણ સહિતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી જ્યોતિષભાઈ નિમાવત જે સ્થળેથી પસાર થયેલ તે સ્થળના વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજ ચેક કરતા ભવનાથ મંદીર પાસે તેઓનો સોનાનો ચેન પડતો હોય તેવું સીસીટીવીમાં સ્પષ્ટ નજરે પડ્યું હતું. ત્યારબાદ તુરંત જ ૧ અજાણ્યા ફોરવ્હીલ ચાલક દ્વારા તે સોનાનો ચેન ઉઠાવી લેવાનું ધ્યાને ઉપર આવ્યું હતું. જેના આધારે ફોરવ્હીલ ચાલકનો વાહન રજી. નંબર જીજ. ૧૮ એબી ૧૦૩૧ શોધવામાં આવ્યો હતો. જૂનાગઢ નેત્રમ શાખા દ્વારા ફોરવ્હીલ ચાલકનો સંપર્ક કરી પૂછપરછ કરતા સોનાનો ચેન તેમની પાસે હોવાનું જણાવ્યું હતું. પોલીસ દ્વારા ફોરવ્હીલ ચાલકને ઠપકો પણ આપવામાં આવ્યો હતો. જ્યોતિષકુમાર નિમાવતનો દોઢ તોલા સોનાનો ચેન કિંમત રૂા.૬૦,૦૦૦નો રિકવર કરી સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક સવેંદનપૂર્ણ કાર્યવાહીથી જ્યોતિષકુમાર નિમાવત પ્રભાવિત થયેલ અને નેત્રમ શાખા પોલીસનો ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

જૂનાગઢ રેન્જના આઈજી મયંકસિંહ ચાવડા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે. તે ચરિતાર્થ કરવા માટે સૂચના આપેલ હતી.

જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા પણ પ્રજા સાથે સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પોલીસ ટીમને અભિનંદન આપ્યા હતા. આમ, જૂનાગઢ પોલીસ દ્વારા જ્યોતિષકુમાર ગુલાબદાસ નિમાવતનો દોઢ તોલા સોનાનો ચેન કિંમત રૂા.૬૦,૦૦૦નો સહી સલામત પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને ફરીવાર સાર્થક થયું છે.

# બોલીવૂડ સુપરસ્ટાર હિમેશ રેશમિયાએ પરિવાર સાથે કર્યા સાળંગપુર હનુમાનજીના દર્શન-આરતી



સાળંગપુર, તા.૨૭ : બોલીવુડના પ્રખ્યાત ડિરેક્ટર, મ્યુઝિક ડિરેક્ટર ગીતકાર, સંગીતકાર અને પ્રખ્યાત સિંગર એવા હિમેશ રેશમિયા તા. ૨૫-૬-૨૦૨૩ને રવિવારના રોજ વિશ્વ વિખ્યાત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરધામ ખાતે પોતાના પરિવાર સાથે દર્શને પધાર્યા હતા. દાદાના દર્શન-આરતી કર્યા બાદ 'કિંગ ઑફ સાળંગપુર' પ્રતિમાના દર્શન કરી કોઠારી સ્વામી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી(અથાણાવાળા)ના આશીર્વાદ ગ્રહણ કર્યા હતા. શ્રી કષ્ટભંજનદેવદાદાના દર્શન-આરતી એવમ સંતો સાથે સત્સંગ કરી ધન્યતા અનુભવી હતી.

# વેરાવળના ઉકડીયા ગામે પેવર બ્લોક, પુલ સહિતના વિકાસ કામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કરાયું



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૭

વેરાવળ તાલુકાના ઉકડીયા ગામમાં પેવર બ્લોક રસ્તા તથા પુલનું લોકાર્પણ તેમજ સી.સી. રોડનું ખાતમુહુર્ત વેરાવળ તાલુકા પંચાયતના પ્રમુખ સરમણભાઈ સોલંકીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉકડીયા ગામના સરપંચ લખમણભાઈ વાળા, મેરામણભાઈ જોટવા, લાલજીભાઈ વાળા, સતીશભાઈ વાળા, ગોવિંદભાઈ ચાંડેરા, મેરામણભાઈ વાળા, બચુભાઈ જોટવા, તાલુકા ભાજપ ઉપપ્રમુખ ખીમાભાઈ વાળા સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે તા.પં.ના પ્રમુખ સરમણભાઈ લોકોના પ્રશ્નો ઉકેલવા સતત સક્રિય રહી ખરા અર્થમાં લોક સેવકની ભૂમિકા અદા કરી રહ્યા હોવાનો સુર ગ્રામજનોએ વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાન મોદીના મિશન વિકાસ અર્તગત વેરાવળ તાલુકાના ગામડાઓમાં વિકાસની સરવાણી વહી રહી છે. આ વિકાસયાત્રામાં તાલુકા પંચાયતના ઈતિહાસમાં પહેલી વખત શાસકોની દ્રઢ ઈચ્છાશક્તિના લીધે ઉકડીયા ગામમાં વિકાસ કામો થઈ રહ્યા છે. ત્યારે ઉકડીયા ગામમાં ઉત્સાહનો માહોલ છવાયો હોય તેમ તા.પં.ના શાસકોનું સ્વાગત કરી ગામમાં આવી જ રીતે વિકાસ કાર્યો થતા રહે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

# વિહળધામ પાળીયાદ સંચાલીત શ્રી વિહળ ઇન્ટરનેશનલ વિદ્યાપીઠ સ્કુલનું ૯૪.૮૪% પરિણામ

બોટાદ, તા.૨૭

સૌરાષ્ટ્રની જગ વિખ્યાત દેહાણ પરંપરાની પરમ પૂજય શ્રી વિસામણબાપુની જગ્યા વિહળધામ પાળીયાદ સંચાલીત શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ સ્કુલનું તા.૨૫/૫/૨૦૨૩ ને ગુરૂવારના રોજ એસએસી માર્ચ ૨૦૨૩નું પરિણામ જાહેર થયેલ જેમાં શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠની વિદ્યાર્થીની પટેલ શ્લોકા પીન્કેશભાઈ એ-૧ ગ્રેડ સાથે બીઝીક ગણિતમાં ૧૦૦/૧૦૦ તથા ૯૯.૯૯ પીઆર સાથે સમગ્ર ગુજરાત રાજય અને બોટાદ જિલ્લામાં પ્રથમ અને જેમણે શાળા તથા પરીવારનું નામ રોશન કરેલ છે તેમજ આ શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા અન્ય ત્રણ વિદ્યાર્થીઓ ચાવડા પ્રિન્સ ૯૯.૯૧ પીઆર ૧ ગ્રેડ સાથે બોટાદ જિલ્લામાં તૃતીય, વાઘેલા તીર્થ ૯૯.૬૯ પીઅર એ-૧ ગ્રેડ અને રાઠોડ માનસ ૯૯.૩, એ-૧ ગ્રેડ સાથે સર્વ શ્રેષ્ઠ પરીણામ પ્રાપ્ત કર્યું છે.

આ તમામ વિદ્યાર્થીઓ ઉપર ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકારના ઠાકર શ્રી વિહળાનાથના તેમજ મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબાના આશીર્વાદ સદાય આમજ વરસતા રહે તથા એમના વાલીગણને પણ શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# વેરાવળ : તાલુકા પંચાયતના પ્રમુખની સાકરતુલા કરાઈ



(રાકેશ પરડવા દ્વાર)

વેરાવળ, તા.૨૭

ઉકડીયા ગામમાં હમીરભાઈ મેણસીભાઈ વાળાના પરીવાર દ્વારા તાલુકા પંચાયતના પ્રમુખ સરમણભાઈ સોલંકીની પરીવારના કુળદેવી શ્રી સિંહોરી માતાજીના મદિરમાં સાકરતુલા કરવામાં આવી હતી. બાદમાં ગામના રામ મંદિર, વાછરાદાદા મંદિર, હનુમાન મંદિર, નાગનાથ મહાદેવ મંદિર તથા રામદેવજી મંદિરમાં ધ્વજારોહણ કરાયેલ હતું.

# ભગવાન દ્વારકાધીશને એક ભક્ત પરીવાર દ્વારા ૨૨૦ ગ્રામ સોનાની માળા અર્પણ કરાઈ

## અન્ય એક ભક્ત દ્વારા શ્રીજીને ૬૦ ગ્રામ સોનાનો હાર અર્પણ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૭

દ્વારકા જગત મંદિરે ગઈકાલે સોમવારના દિવસે બે જુદા જુદા ભક્તો દ્વારા સોનું અર્પણ કરાયું છે. દ્વારકાધીશજીના પરમ ભક્તો દ્વારા શ્રીજીને સોનાની માળા તેમજ હાર અર્પણ કરાયો છે. ઠાકોરજીના એક પરમ ભક્ત પરીવાર દ્વારા ભગવાન શ્રી દ્વારકાધીશજીને (૨૨૦ગ્રામ) સોનાની સાત સરની માળા અર્પણ કરવામાં આવી છે તેમજ અન્ય એક ભકત દ્વારા સોનાનો (૬૦ ગ્રામ)નો હાર અર્પણ કરવામાં આવ્યો હતો.



# નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરમાં ૩૪૦૦ વંચિત બાળકો તથા વરિષ્ઠ નાગરિકોએ માણ્યો 'ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક'નો ખાસ શો



## રિલાયન્સ ફાઉન્ડેશનના એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ફોર ઓલ પ્રોગ્રામ દ્વારા સમર્થિત ૧૮ એનજીઓમાંથી સ્પેશિયલ ઓડિયન્સને નીતા અંબાણીએ સ્પેશિયલ શો સમર્પિત કર્યો : વર્ષોથી બાળકો માટે રિલાયન્સ ફાઉન્ડેશનના નિરંતર ચાલતા કાર્યો

મુંબઈ, તા.૨૭

નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર (NMACC) ખાતે શ્રીમતી નીતા અંબાણીએ રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા સમર્થિત NGO સાથે સંકલિત ૩,૪૦૦ વંચિત બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે ઈન્ટરનેશનલ બ્રોડવે મ્યુઝિકલ 'ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક'ના સ્પેશિયલ શોનું આયોજન કર્યું હતું. વિકેન્ડમાં આયોજિત આ બંને અત્યંત ખાસ શોમાં રિલાયન્સ ફાઉન્ડેશને ખાસ દિવ્યાંગ બાળકો સહિત સમગ્ર મુંબઈમાં વિવિધ સ્થળોએથી આવેલા ૩,૪૦૦ બાળકો અને વરિષ્ઠ નાગરિકોની યજમાની કરી હતી. આ પહેલ ૧૮ એનજીઓના એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ફોર ઓલ (ઈએસએ) પ્રોગ્રામ દ્વારા સમર્થિત હતી. આ સાથે રિલાયન્સના સ્વયંસેવી કર્મચારીઓ પણ ખડેપગે રહ્યા હતા અને તેમણે સુનિશ્ચિત કર્યું હતું કે, દરેકને આરામદાયક અને જાદુઈ અનુભૂતિ પ્રાપ્ત થાય. ઈએસએ પ્રોગ્રામ થકી રિલાયન્સ ફાઉન્ડેશને છેલ્લા ઘણા વર્ષોથી શિક્ષણ અને રમતગમતની વિવિધ પહેલો દ્વારા બાળકોની આકાંક્ષાઓને પાંખો આપી છે. એનજીઓ સાથેના સહયોગમાં આ વિશેષ શો બાળકોને પ્રેરણા આપવાની દિશામાં રિલાયન્સ ફાઉન્ડેશનના સતત પ્રયાસોની દિશામાં વધુ એક પગલું છે. "ભારત અને વિશ્વની શ્રેષ્ઠ પ્રસ્તુતિને પ્રદર્શિત કરવાના NMACCના વિઝનને 'ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક'ને મળેલો જબરજસ્ત પ્રતિસાદ પ્રતિબિંબિત કરે છે. દેશભરના પરિવારો એકસાથે આવે અને આ જાદુઈ અનુભૂતિનો અહેસાસ માણે તે જોવું ખરેખર હૃદયસ્પર્શી રહ્યું છે. છેલ્લા બે શો ૩,૪૦૦ વંચિત બાળકો અને વરિષ્ઠ નાગરિકોને સમર્પિત કરવા બદલ અમે ખૂબ આનંદિત છીએ. આ આઈકોનિક મ્યુઝિકલની સફરનું આ વિશેષ પ્રેક્ષકોની ઉપસ્થિતિમાં સમાપન કરવાથી અધિક યાદગાર બીજું કાંઈ નહોઈ શકે. અમારા એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ફોર ઓલ પ્રોગ્રામને નિરંતર જારી રાખીને અમે કળા સુધી દરેકની પહોંચ રહે તે માટે પ્રતિબદ્ધ છીએ," તેમ રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા અંબાણીએ જણાવ્યું હતું. 'ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક' સમારોહની આ વર્ષે મે મહિનામાં ધ ગ્રાન્ડ થિયેટર ખાતે ઐતિહાસિક આઠ સપ્તાહની શ્રેણીથી શરૂઆત થઈ હતી.

# કર્ણાટકમાં દેશનો સૌથી વધુ સોનાનો ભંડાર છે

નવી દિલ્હી, તા.૨૭

ભારત સહિત સમગ્ર વિશ્વમાં સોનું એક મૂલ્યવાન ધાતુ છે અને દર વર્ષે લાખો ટન સોનું કાઢવામાં આવે છે અને વેચવામાં આવે છે. વિશ્વના ઘણા દેશોમાં સોનાની ખાણો છે, જ્યાંથી તેને કાઢવામાં આવે છે. આ દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે. પરંતુ શું તમે જાણો છો કે, ભારતમાં સોનાની ખાણો ક્યાં આવેલી છે? આજે અમે તમને જણાવીશું કે, ભારત સહિત વિશ્વમાં દર વર્ષે કેટલું સોનું કાઢવામાં આવે છે અને કયા દેશમાં સૌથી વધુ સોનું કાઢવામાં આવે છે. ભારતના ઘણા વિસ્તારોમાં ખાણોમાંથી સોનું કાઢવામાં આવે છે. ભારતમાં સોનાની ખાણકામનો લાંબો ઈતિહાસ છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના જણાવ્યા અનુસાર વિશ્વમાં સોનાની ખાણકામની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં લગભગ ૨ લાખ ટન સોનું કાઢવામાં આવ્યું છે. પરંતુ ૨૦૨૦માં સોનાની ખાણનું ઉત્પાદન માત્ર ૧.૬ ટન હતું. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં ઘણી જગ્યાએ સોનું મળી આવ્યું છે. જો કે, દેશમાં સૌથી વધુ સોનાનો ભંડાર કર્ણાટકમાં છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં ઘણી જગ્યાએ સોનું મળી આવ્યું છે. જો કે, કર્ણાટકમાં દેશમાં સૌથી વધુ સોનાનો ભંડાર છે. કર્ણાટક પાસે ૮૮% સોનાનો ભંડાર છે. આ સિવાય ૧૨ ટકા સોનાનો ભંડાર આંધ્રપ્રદેશમાં છે જયારે (૦.૧ ટનથી ઓછો) ઝારખંડમાં છે. આંધ્ર અને ઝારખંડમાં હીરાબુદ્દિની અને કેન્દ્રુકોચા ખાણોમાંથી સોનું કાઢવામાં આવે છે. કોલાર ગોલ્ડ ફિલ્ડ કર્ણાટકમાં આવેલું છે, જે ૨૦૦૧માં બંધ થઈ ગયું હતું. તેના ૧૨૦ વર્ષના ઈતિહાસમાં આ ખાણમાંથી ૮૦૦ ટનથી વધુ સોનું કાઢવામાં આવ્યું હતું. ભારત દર વર્ષે ૭૭૪ ટન સોનાના વપરાશની સરખામણીએ આ ખાણો દ્વારા લગભગ ૧.૬ ટન સોનાનું ઉત્પાદન કરે છે.

# મનને હંમેશા વશમાં રાખો

એક યક્ષ પ્રશ્ન આપણને હંમેશાં સતાવતો હોય છે કે, આપણું શરીર મનને આધિન છે કે મન શરીરને આધિન છે. કારણકે, આપણું મન બહુ ચંચળ છે, તેથી ક્યાંય સ્થિર રહી શકતું નથી. આપણા મનને મર્કટ (માંકડા) સાથે સરખાવવામાં આવે છે. જેમ માંકડું કોઈ જગાએ સ્થિર બેસી રહે નહીં અને અહીં તહીં કૂદાકૂદ કરી મૂકે છે, એવી રીતે આપણું મન પણ આપણાં વશમાં નથી અને ગમે ત્યાં ભટકતું ફરે છે. બહુ ઓછાં લોકો એવા હશે, જે પોતાનું મન વશમાં રાખી શકતાં હશે. જે મનુષ્ય પોતાના મનને વશમાં રાખે છે; તે મનુષ્ય પોતાની ઈન્દ્રિયોને પણ વશમાં રાખી શકે છે. આપણને લોભ, લાલસા, તૃષ્ણા, ક્રોધ, લાગણી, પ્રેમ, અનુરાગ, વિષયવાસના, કામના વગેરે જેવા ભાવો અને લાગણીઓ હરહંમેશ થતી રહે છે, આમ થવાનું કારણ આપણું મન છે. જે વ્યક્તિનું મન પોતાના વશમાં નથી, તે વ્યક્તિ ઈચ્છવા છતાંય કાંઈ કરી શકતો નથી. જેમ કે કોઈ વ્યક્તિને તમાકુ કે ગુટખા ખાવાની આદત હોય અને તે કોઈ કથા સાંભળીને વિચારે કે, આવતીકાલથી હું તમાકુ કે પડીકી ખાવાનું બંધ કરીશ, પરંતુ જેવી એ કોઈના હાથમાં તમાકુ કે પડીકી જોશે કે તરતજ તેની તમાકુ કે પડીકી ખાવાની તલપ જાગૃત થઈ જશે અને તે પડીકી કે તમાકુ ખાઈ લેશે. આમ થવાનું કારણ એ છે કે, તે વ્યક્તિનું મન મક્કમ નથી પણ ચંચળ છે, તેથી તે મનની આગળ હાર માની લે છે અને પોતે જે વિચાર કર્યો હતો તે વિચાર અભેરાઈ ઉપર ચડી જાય છે.

આપણાં મન વિશે કોઈ કવિએ લખ્યું છે કે "મન લોભી મન લાલચુ, મન ચંચળ મન ચોર, મનના ગુલામ ના બનીએ, મન છે હરાયું ઢોર". કવિએ મનને હરાયા ઢોરની સાથે સરખાવ્યું છે. જેમ હરાયા ઢોર ઉપર તેના માલિક કે રખેવાળનો કોઈ કાબુ હોતો નથી અને જેમ મરજી ફાવે તેમ ફર્યા કરે છે તેવી જ રીતે, જે વ્યક્તિનો પોતાના મન ઉપર કાબુ નથી એ માણસ હરાયા ઢોર સમાન છે. આવા માણસને કોઈ લાગણી હોતી નથી કે પોતાની ઈજ્જતની કાંઈ પડી હોતી નથી, તેઓ તો મસ્તરામ બનીને, પોતાની મરજી મુજબ વરત્યા કરે છે. આવા વ્યક્તિઓની કિંમત કોડીની હોય છે. આવા વ્યક્તિ ઓનાં મનમાં દુર્ભાવ, કુભાવ, ઈર્ષ્યા, કાર, વેરઝેર, વાણીવિલાસ, અહંકાર, તોરણ, હુંપદ, ઝનૂન, ઉદ્વેગ વિગેરે જેવા દૂષણો કાયમી ધોરણે ઘર કરી ગયા હોય છે, તેને છોડવાને બદલે તેઓ તેને બહોળા પ્રમાણમાં બહેકાવે છે. જ્યારે સદ્દભાવના, સજ્જનતા, માનવતા, કરૂણા, દયા, સ્નેહ, મૃદુતા, ભાઈચારો, લાગણી, આત્મીયતા જેવા સદગુણોને આપણે ધિક્કારીયે છીએ અને તેનો સહજ સ્વીકાર કરી શકતાં નથી.

આપણાં મનમાં જે વિકારો ભરાઈ ગયા છે એમાં જ આપણને રસ હોય છે અને સારી પ્રવૃત્તિમાં રસ નથી, કારણકે આવા વિકારોના આદી અને ગુલામ બની ગયા છીએ. આવા દુર્ગુણોનો આપણે બહુ ઝડપથી ત્યાગ કરી શકતાં નથી. કારણકે આપણા મન ઉપર, આ બધાં દૂષણોની ચટ્ટાન કે ખડક જેવી છાપ પડી ગઈ હોય છે. જેમ ચટ્ટાન કે ખડકને સહેલાઈથી તોડી શકાતો નથી, એમ આપણે આપણા મનમાંથી દુર્ગુણ રૂપી દૂષણો આપણે સહેલાઈથી અને સહજતાથી કાઢી શકતા નથી.

આપણે આપણા મનને મક્કમ નહીં રાખીએ તો આપણામાં પણ હજાર દુર્ગુણ રૂપી દૂષણો પ્રવેશ કરી દેશે, પરંતુ જે વ્યક્તિ, પોતાના મનને મક્કમ અને અડગ રાખી શકે છે, તેનામાં કોઈ પણ પ્રકારના દુર્ગુણો પ્રવેશ કરી શકતાં નથી. આપણે આપણા મનને સંતુલિત રાખી દુર્ગુણોને પ્રવેશ આપવાને બદલે સદગુણોને વિકસાવવા જોઈએ. જે ક્ષણે આપણે ફાલતું અને નકામી બાબતોને મન પર લેવાનું છોડીશું તે જ ક્ષણથી આપણે સુખી થઈશું. માટે જ મના ગુલામ બનવાને બદલે પોતાના મન ઉપર કાબુ મેળવી મનને વશમાં લેવું જરૂરી છે.

- યોગેશભાઈ આર. જોશી (હાલોલ, જિ.પંચમહાલ)

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ધર્માંતરણ વિરોધ કાયદો રદ કરવાના જોખમો

કર્ણાટકની કોંગ્રેસ સરકાર જેટલી પ્રતિબધ્ધ પોતાની પાંચ ગેરંટીઓ પૂરી કરવા બાબતે છે, એટલી જ પોતાના એજન્ડાને આગળ વધારવા માટે પણ છે. આ અનુક્રમમાં તે પૂર્વવર્તી ભાજપ સરકારના કેટલાય નિર્ણયોને પલટવાનું કામ ગાઈ-વગાડીને કરી રહી છે. તેણે પહેલાંની ભાજપ સરકાર દ્વારા બનાવવામાં આવેલા ધર્માંતરણ વિરોધી કાયદાને રદ કરવાનો નિર્ણય કર્યો છે. આ કાયદા અંતર્ગત છળકપટ કે લોભ-લાલચથી ધર્માંતરણ કરાવવા બદલ ત્રણથી દસ વર્ષ સુધીની સજાની જોગવાઈ કરી હતી. કર્ણાટકની નવી સરકારને આ કાયદો ગમ્યો નહીં. જો આ કાયદો રદ થાય છે તો ધર્માંતરણ કરનારાઓને જિલ્લાધિકારીની અનુમતિ લેવાની જરૂર નહીં રહે. તે ઉપરાંત જો અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાત વર્ગોના લોકો પોતાનો ધર્મ વટલાવી નાખે તો તેઓ આ વર્ગોને મળનારા લાભોથી વંચિત નહીં થાય. સ્પષ્ટ છે કે આ કાયદો રદ થવાથી ધર્માંતરણનો સિલસિલો ચાલી નીકળશે અને દગા કે લાલચથી ધર્માંતરણ કરાવનારાઓનું દુ:સાહસ પણ વધી જશે.

કર્ણાટક સરકારે ધર્માંતરણ વિરોધી કાયદાને એક એવા સમયે રદ કરવાનો નિર્ણય કર્યો છે, જ્યારે દેશના વિભિન્ન હિસ્સામાં છળ-બળથી ધર્માંતરણ કરાવવાના કિસ્સા રોજ બહાર આવી રહ્યા છે. તાજો મામલો ભોપાલનો છે, જ્યાં વિજય રામચંદાની નામના એક યુવકને છ મુસ્લિમ યુવકોએ પકડીને તેના ગળામાં કૂતરાના પટ્ટાની જેમ બેલ્ટ બાંધ્યો અને તેને ભારે માર મારી સતામણી કરી. આ હિચકારી ઘટનાનો વીડિયો લગભગ એક મહિના બાદ સામે આવ્યો તો ખળભળાટ મચી ગયો. આ વીડિયોમાં વિજયને સતાવનારા યુવકો એમ કહેતા સંભળાય છે કે તુમિયાં બન જા ઔર બડે કા માંસ ખાને લગ. તેઓ તેને કૂતરાની જેમ ભસવા માટે પણ કહે છે. વીડિયોમાં વિજયને એમ કહેતાં સાંભળી શકાય છે કે 'હું મિયાંભાઈ બનવા તૈયાર છું.' વિજયના ભાઈનો આરોપ છે કે આ મુસ્લિમ યુવકો એક અરસાથી તેને ઈસ્લામ સ્વીકાર કરી લેવા માટે ધમકાવતા હતા. તેના પહેલાં મધ્ય પ્રદેશના જ દમોહ જિલ્લાનો એ મામલો ચર્ચામાં હતો, જેમાં ગંગા-જમના નામની સ્કૂલની હિંદુ છોકરીઓને હિજાબમાં દેખાડવામાં આવી હતી. આ એ છોકરીઓ હતી, જેણે હાઈસ્કૂલની પરીક્ષા પાસ કરી હતી. આ મામલો ત્યારે સામે આવ્યો, જ્યારે હાઈસ્કૂલની પરીક્ષાનું પરિણામ નીકળ્યું અને સ્કૂલે એક પોસ્ટર દ્વારા દાવો કર્યો કે તેને ત્યાં ભણનારા વિદ્યાર્થીઓએ ભારે સફળતા મેળવી છે. આ સ્કૂલની માન્યતા રદ કરીને તેની તપાસ કરાઈ રહી છે કે ક્યાંક સ્કૂલ મેનેજમેન્ટ ધર્માંતરણમાં સંડોવાયેલું તો નહોતું?

દગા અને લાલચથી ધર્માંતરણ એક રાષ્ટ્રવ્યાપી બીમારી છે. જોકે કેટલાંક રાજ્યોએ છળકપટથી કરાતા ધર્માંતરણ વિરૂધ્ધ કાયદો બનાવ્યો છે, પરંતુ ધર્માંતરણ કરાવવાનો જેને સનેપાત છે તેવા લોકો પર તેની કશી અસર નથી થઈ. તેનું પ્રમાણ ગાઝિયાબાદની એ ઘટના છે, જેમાં એક ગેમિંગ એપ દ્વારા કિશોરોને ઈસ્લામ સ્વીકાર કરી લેવા માટે મજબૂર કરવામાં આવતા હતા. આ કામમાં સંડોવાયેલો શાહનવાઝ ઉર્ફ બદ્દોની ધરપકડ કરી લેવામાં આવી છે. તે એક ઓનલાઈન ગેમમાં હારનારા કિશોરોને કુરાન અને નમાજ પઢવા માટે કહેતો હતો. તેનો દાવો હતો કે તેનાથી ઓનલાઈન ગેમ જીતવામાં સફળતા મળશે, કારણ કે અલ્લાહ જ સર્વશક્તિમાન છે. તે પોતાની ચુંગાલમાં ફસાયેલા કિશોરોને તેમના ઘર પાસેની મસ્જિદનું સરનામું પણ આપતો અને પછી તેની પાસે ઝાકિર નાઈક અને એના જેવા જ અન્ય જેહાદી મૌલાનાઓના વીડિયો મોકલતો હતો. તેની જાળમાં ઓછામાં ઓછા ત્રણ કિશોરો ફસાઈ ગયા હતા. તેમાંથી એક કિશોર તો જીમ જવાના બહાને પડોશની મસ્જિદમાં દિવસમાં કેટલીય વાર નમાજ પઢવા જવા લાગ્યો હતો. જ્યારે ઘરવાળાઓએ તપાસ કરી ત્યારે ખબર પડી કે એ તો જીમ નહીં પણ નમાજ પઢવા જાય છે. દીન એટલે કે ઈસ્લામની દાવત આપવાની આવી રીતો નવી નથી. આવી જ રીતભાતો અપનાવીને કિશોરો અને ગરીબોને ખાસ કરીને ધર્માંતરણ કરાવવાના કામે એક ધંધાનું રૂપ લઈ લીધું છે. બે વર્ષ પહેલાં ઉત્તર પ્રદેશ પોલીસે એક એવા ઈસ્લામી દાવા સેન્ટરનો ભંડાફોડ કર્યો હતો, જે મૂક-બધિર વિદ્યાર્થીઓનું છળકપટથી ધર્માંતરણ કરાવી રહ્યું હતું. આ દાવા સેન્ટરના લોકોએ નોઈડાની એક મૂકબધિર સ્કૂલના ૧૮ વિદ્યાર્થીઓને ઈસ્લામ કબૂલ કરાવ્યો હતો. પોલીસનો દાવો છે કે આ દાવા સેન્ટરના લોકોએ કમ સે કમ સો લોકોને છળકપટથી ધર્માંતરિત કર્યા હતા. તેમાં કેટલીય મહિલાઓ પણ સામેલ હતી.

જેમ આખી દુનિયાને ઈસ્લામના ઝંડા હેઠળ લાવવાનો સનેપાત કેટલાક કટ્ટરપંથી મુસલમાનો પર સવાર છે, એવો જ સનેપાત ઈસાઈ મિશનરીઓને પણ છે, પરંતુ કથિત સેક્યુલર પક્ષો, બુદ્ધિજીવીઓ અને અંગ્રેજી મીડિયાના એક મોટા હિસ્સાને દગા અને લાલચથી ધર્માંતરણનો સિલસિલો એક મનઘડંત દાવો લાગે છે. તેમને છળકપટથી અન્ય સમુદાયની છોકરીઓને પ્રેમજાળમાં ફસાવીને ઈસ્લામમાં ધર્માંતરિત કરવાના કિસ્સાઓ પણ માત્ર કોરી કલ્પના જ લાગે છે. જોકે લવજેહાદના કેટલાય આરોપીઓને સજા પણ થઈ ચૂકી છે, તેમ છતાં સ્વયંભૂ સેક્યુલર ટોળકી અને અંગ્રેજી મીડિયા માટે આ કોઈ મુદ્દો જ નથી! આ શાહમૃગી વલણ ત્યારે છે, જ્યારે લવજેહાદના નિત-નવા કિસ્સાઓ ખૂલી રહ્યા છે અને તે વધતા જ જાય છે. નામ બદલીને અને ઓળખ છૂપાવીને બીજા સમુદાયની છોકરીઓ સાથે પ્રેમનો દેખાડો કરીને કે પછી નિકાહ કરી લેવાના ન જાણે કેટલાય કિસ્સા સામે આવી ચૂક્યા છે અને તેને લઈને બરેલીના એક ઉલેમાએ ફતવો પણ બહાર પાડ્યો હતો, તેમ છતાં કથિત સેક્યુલર તત્ત્વો અને રાજકીય પક્ષોનું રૂંવાડુંય ફરકતું નથી. તેઓ એ સમજવાનો ધરાર ઈનકાર કરી રહ્યા છે કે આવી ઘટનાઓ સામાજિક તાણાવાણાને બગાડવાની સાથે જ સૌથી વધુ નુકસાન મુસ્લિમ સમાજનું જ કરી રહી છે.

## ગુજરાતના પોસ્ટ વિભાગના ઈતિહાસમાં પહેલીવાર આટલી રેકોર્ડ બ્રેક ખરીદી જોવા મળી હતી

# માત્ર પાંચ દિવસમાં ગુજરાતીઓએ ૧૯.૫૩ કરોડનું ડિજિટલ સોનું ખરીદ્યું

### કયા શહેરના લોકોએ કેટલુ સોનુ ખરીદ્યું

| શહેર | સોનું (ગ્રામ) | કરોડનું વેચાયું |
|---|---|---|
| અમદાવાદ | ૩૫૬૫ ગ્રામ | ૨.૧૧ કરોડ |
| ગાંધીનગર | ૨૦૧૧ ગ્રામ | ૧.૧૯ કરોડ |
| અમરેલ | ૧૮૫૨ ગ્રામ | ૧.૦૯ કરોડ |
| ભાવનગર | ૧૩૬૯ ગ્રામ | ૮૧ લાખ |
| રાજકોટ | ૮૮૬ ગ્રામ | ૫૨ લાખ |
| સુરત | ૬૧૧૬ ગ્રામ | ૩.૬૨ કરોડ |
| વડોદરા | ૧૭૪૪ ગ્રામ | ૧.૦૩ કરોડ |
| અન્ય | ૩૨૯૬૭ ગ્રામ | ૧૯.૫૩ કરોડ |

(એક ગ્રામ ગોલ્ડનો ભાવ ૫૯૨૬ રૂપિયા હતો)



અમદાવાદ, તા.૨૭ સોનાનો ભાવ ભલે આસમાને જાય, પરંતુ ગુજરાતીઓને સોનું ઓલટાઈમ ફેવરિટ છે. ગુજરાતીઓને સોનું પ્રિય હોય છે. આવામાં ગુજરાતીઓએ ફરી એકવાર સોનાની ખરીદીને રેકોર્ડ બ્રેક કર્યો છે. ગુજરાતીઓમાં હવે ડિજીટલ ગોલ્ડ ખરીદવાનો નવો ટ્રેન્ડ શરૂ થયો છે. જેમાં ગુજરાતીઓએ માત્ર પાંચ દિવસમાં પોસ્ટની ડિજીટલ ગોલ્ડની સ્કીમમાં માત્ર ૫ જ દિવસમાં ૧૯.૫૩ કરોડ રૂપિયાનું ૩૨.૯૬૭ કિલો ડિજિટલ ગોલ્ડ ખરીદ્યું છે. ડિજિટલ ગોલ્ડ ખરીદ્યું. ગુજરાતના પોસ્ટ વિભાગના ઈતિહાસમાં પહેલીવાર આટલી રેકોર્ડ બ્રેક ખરીદી થઈ છે. પોસ્ટ વિભાગ દ્વારા સોવેરિયન ગોલ્ડ સ્કીમ લોન્ચ કરવામાં આવી છે. જેમાં હવે રોકાણકારો વળ્યા છે. આ રોકાણમાં પણ ગુજરાતીઓ અવ્વલ છે. આ સ્કીમમાં સોનુ ખરીદવામાં ગુજરાત પ્રથમ ક્રમે છે. સુરત હેડ પોસ્ટ ઓફિસના જનસંપર્ક અધિકારી નિરજ ચિનાઈએ કહ્યું હતું કે, પોસ્ટ વિભાગ દ્વારા ડિજિટલ સોનાની સ્કિમ બહાર પાડવામાં આવે છે, વર્ષ ૨૦૧૭ની સ્કિમમાં જે લોકોએ રોકાણ કર્યુ હતું તેમના રૂપિયા હાલ ડબલ થઈ ગયા છે. આ ૫ દિવસની સ્કિમમાં પોસ્ટ ઓફિસના ઈતિહાસમાં સૌથી વધારે ડિજિટલ ગોલ્ડનું વેચાણ થયું છે.' સોવરિન ગોલ્ડ બોન્ડ સરકાર વતી RBI દ્વારા જાહેર કરવામાં આવે છે. આ હેઠળ તમે ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે સોનું ખરીદી શકો છો. ખાસ વાત છે કે આ ગોલ્ડ બોન્ડ (Gold Bond) GST હેઠળ સામેલ નથી. સાથે ગેરંટેડ રિટર્ન પણ મળશે. અહીં સસ્તું સોનું ખરીદવાનો અર્થ છે કે ગ્રાહક બજેટ પ્રમાણે એક ગ્રામ સોનું પણ ખરીદી શકે છે. વધુમાં વધુ ૪ કિલો સુધી સોનું ખરીદી શકે છે. નોંધનીય છે કે સરકાર તરફથી આ બોન્ડ રિઝર્વ બેંક જારી કરે છે. અત્રે નોંધનીય છે કે આ યોજનામાં રોકાણકારોને વાર્ષિક ૨.૫ ટકાના દરે વ્યાજનો લાભ મળે છે. આ યોજનામાં કેપિટલ ગેઈન ટેક્સ મુક્તિ પણ ઉપલબ્ધ છે. આ યોજના હેઠળ સોનું ખરીદવા માટે કોઈ GST અને મેકિંગ ચાર્જ લાગતો નથી. જો તમે ઈચ્છો તો આ યોજના હેઠળ ૪ કિલો ગોલ્ડ બોન્ડ ખરીદી શકો છો. આ સિવાય ટ્રસ્ટ અથવા સંસ્થા ૨૦ કિલો સુધીના બોન્ડ ખરીદી શકે છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, સોવરિન ગોલ્ડ બોન્ડ સ્મોલ ફાઈનાન્સ બેંક અને પેમેન્ટ બેંક, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SHCIL), નિયુક્ત પોસ્ટ ઓફિસ, માન્ય સ્ટોક એક્સચેન્જો, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ લિમિટેડમાંથી ખરીદી શકો છો. Sovereign Gold Bondની પાકતી મુદત ૮ વર્ષની છે. પરંતુ પાંચ વર્ષ પછી તમે આગામી વ્યાજ ચુકવણીની તારીખે આ યોજનામાંથી બહાર નીકળી શકો છો. સોવરિન ગોલ્ડ બોન્ડમાં રોકાણકારે ઓછામાં ઓછું એક ગ્રામ સોનાનું રોકાણ કરવું જરૂરી છે. જો જરૂરી હોય તો રોકાણકાર સોવરિન ગોલ્ડ બોન્ડ પર લોન પણ લઈ શકો છે, પરંતુ ગોલ્ડ બોન્ડ ગીરવે રાખવાનું રહેશે. કોઈપણ વ્યક્તિગત અને હિન્દુ અવિભાજિત પરિવાર વધુમાં વધુ ૪ કિલો સુધીની કિંમતનું ગોલ્ડ બોન્ડ ખરીદી શકે છે. ટ્રસ્ટ અને અન્ય સમાન સંસ્થાઓ માટે આ મર્યાદા ૨૦ કિલો સોનાની સમકક્ષ કિંમત સુધી રાખવામાં આવી છે. Sovereign Gold Bond સંયુક્ત ગ્રાહક તરીકે પણ ખરીદી શકાય છે. તેને સગીરના નામે પણ ખરીદી શકાય છે. સગીરના કિસ્સામાં, તેના માતાપિતા અથવા વાલીએ Sovereign Gold Bond માટે અરજી કરવી પડશે.

# નીતિશ કુમારની વિપક્ષી એકતાનો એજન્ડા રાહુલ ગાંધીના લગ્ન કરાવવાનો છે : અનુરાગ ઠાકુર

(જી.એન.એસ)

નવીદિલ્હી,તા.૨૭ હરિયાણાના પાણીપતમાં આયોજિત ગ્લોરિયસ ઈન્ડિયા રેલીમાં કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રાનું નામ લીધા વિના કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે કોંગ્રેસના સાળાએ ભ્રષ્ટાચારમાં કોઈ કસર છોડી નથી. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી હજુ પણ જામીન પર બહાર છે. તેમણે કહ્યું કે ગઈકાલે જ પટનામાં વિપક્ષી નેતાઓની બેઠક થઈ હતી, જેમાં વિપક્ષી પાર્ટીઓ એકસાથે આવી હતી પરંતુ નેતાઓના દિલ મળી શક્યા ન હતા. ૫ ક્લાક સુધી વિપક્ષી દળોની બેઠકમાં શું તેઓ માત્ર રોટલી ખાતા રહ્યા અને પછી



લાલુ પ્રસાદ યાદવ કહે છે કે, રાહુલજી હવે લગ્ન કરો, મમ્મી નારાજ છે. વિપક્ષનો એજન્ડા રાહુલ ગાંધીના લગ્ન કરાવવાનો છે. અરે વિપક્ષના લોકો, પહેલા તમે કોંગ્રેસને ઘરમાં બેસાડી અને હવે રાહુલને કહો છો કે લગ્ન કરી લો. મીડિયાને સવાલ કરતા તેમણે કહ્યું કે ગઈકાલની બેઠકમાંથી શું બહાર આવ્યું? ૨૦૨૪ની ચૂંટણી પહેલા આ નાટક મંડળીમાં વિપક્ષી પાર્ટી એકઠા થઈ ગઈ છે. જનતા તેમના પર હસશે અને ફરી એકવાર તેમને ઘરે બેસાડશે અને દેશમાં ફરી મોદીની સરકાર આવશે. જેમણે ક્યારેય વિચાર્યું ન હતું કે કલમ ૩૭૦ હટાવી દેવામાં આવશે તેઆજે હટાવી દેવામાં આવ્યું છે અને જમ્મુ-કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ બનાવવામાં આવ્યું છે. કેન્દ્રીય મંત્રી ઠાકુરનું કહેવું છે કે તેમણે ક્યારેય વિચાર્યું ન હતું કે દેશમાં રામ મંદિર બનશે, મોદી સરકારે રામ મંદિર બનાવીને બતાવ્યું છે. પીએમ મોદીએ બતાવ્યું છે કે અંગ્રેજોએ વર્ષો સુધી આપણને ગુલામ બનાવીને દેશની અર્થવ્યવસ્થાને વિશ્વમાં પાંચમા નંબર પર લાવી દીધી છે. કોંગ્રેસની સરકારમાં માત્ર કૌભાંડો જ સામે આવ્યા, ક્યારેક ૨જી કૌભાંડ, ક્યારેક કોમનવેલ્થ કૌભાંડ, ક્યારેક સ્પેસ કૌભાંડ, ક્યારેક અગસ્તા વેસ્ટલેન્ડ કૌભાંડ તો ક્યારેક જીજાજીનું કૌભાંડ. અનુરાગ ઠાકુરે કહ્યું કે હરિયાણાના લોકોએ જાણવું જોઈએ કે જીજાજીને હરિયાણાથી જ સૌથી વધુ ફાયદો થયો છે. તેમણે નેશનલ હેરાલ્ડમાં પણ ભ્રષ્ટાચાર કરવામાં કોઈ કસર છોડી ન હતી.

## TD રસી વિશે કેટલીક મહત્વની બાબતો:-

ટિટનેસ (ધનુર) અને મોટી ઉંમરના બાળકોમાં થતો ડીસેરીયા (ગળાનો ગંભીર ચેપી રોગ) (Td) રસી એ ટિટનસ અને ડિપ્થેરીયાનું સંયોજન છે જેમાં ડિપ્થેરિયા એન્ટિજેન (d) ની ઓછી ઘનતા છે જે મોટા બાળકો અને પુખ્ત વયના લોકો માટે ભલામણ કરવામાં આવે છે.

**Td રસી કયા રોગોથી રક્ષણ આપે છે.**

Td રસી ટિટેનસ અને ડિપ્થેરિયાને અટકાવી શકે છે જે ચેપી રોગો છે.જે જો સમયસર સારવાર ન કરવામાં આવે તો જીવલેણ બની શકે છે. ટિટેનસ કટ આપવા ઘા દ્વારા શરીરમાં પ્રવેશે છે. ડિપ્થેરિયા વ્યક્તિથી વ્યક્તિમાં ફેલાય છે. ટિટેનસ પીડાદાયક સ્નાયુ સંકોચનનું કારણ બને છે, ખાસ કરીને જડબા અને ગરદનમાં, રાસ લેવામાં મુશ્કેલી થાય અને આખરે મૃત્યુનું કારણ બને છે. આખરે મૃત્યુનું કારણ બને છે. ડિપ્લોરિયા શ્વાસ લેવામાં તકલીફ, હદયનો હુમલો, લકવો અને મૃત્યુ પણ કરી શકે છે.

**Td રસી કોણ લઈ શકે છે.**

Td રસી ૧૦ અને ૧૬ વર્ષની વયના તમામ કિશોરોએ ધ્ રસી લેવી જ જોઈએ. શાળાએ જતા તરુણોના કિસ્સામાં, ધોરણ ૫ અને ધોરણ ૧૦ ના તમામ વિદ્યાર્થીઓએ Td રસી લેવી આવશ્યક છે. પૂર્વ પ્રસુતિ સંભાળ દરમિયાન માતૃત્વ અને નવજાત ટિટેનસ અને ડિપ્થેરિયા સામે રક્ષણ આપવા માટે સગર્ભાબહેનોને ટીડી રસી પણ આપવામાં આવે છે.

**Td રસી કયાથી લઈ શકાય? રસીની કિંમત કેટલી છે?**

Td રસી નજીકની સરકારી શાળાઓ અને આરોગ્ય કેન્દ્રો પર વિના મૂલ્યે લઈ શકાય છે.

**શું Td રસી સલામત છે?**

Td એક સુરક્ષિત રસી છે. ૧૩૩ દેશો રાષ્ટ્રીય રસીકરણ સૂચીમાં Td રસીનો સમાવેશ કરી રહ્યા છે.

શા માટે ભારત સરકારના યુનિવર્સલ ઈમ્યુનાઈઝેશન પ્રાગ્રામમાં ટોટી રસીને ટીડી રસી સાથે બદલવામાં આવી

વૈશ્વિક WHO માર્ગદર્શિકાને અનુસરીને અને વધતા ડીપ્ટેરીયાના કેસોને કારણે (ખાસ કરીને મોટી વયના જૂથો (૫ વર્ષ અને તેથી વધુમાં), ભારત સરકારે ૨૦૧૯માં તેના સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં ટીટી રસીકરણને Td સાથે બદલ્યું. તે હવે સારી રીતે સ્થાપિત થઈ ગયું છે કે ડીપીટી શિશુના પ્રાથમિક રસીકરણથી ડીપ્થેરીયાના કેસો મોટી ઉમંરના વય જુથમા જોવા મળતા સતત રક્ષણ માટે ડીપ્થેરીયા ટોક્સોઈડ ધરાવતી રસીઓના બુસ્ટર ડોઝની જરૂર છે.

જો કોઈ કિશોરને ભૂતકાળમાં ટીટી રસી મળી હોય, તો શું ટીડીનો આગામી ડોઝ માટે ઉપયોગ કરી શકાય અગાઉના ડોઝની માન્યતા શું હતી? અગાઉના ડોઝનું પુનરાવર્તન કરવું જોઈએ?

હા, ટીડી રસી ટીટી પછી અનુગામી ડોઝ તરીકે આપી શકાય છે અને અગાઉના તમામ ટીટી ડોઝ માન્ય રહેશે. શ્રેણી ફરીથી શરૂ કરવાની જરૂર નથી.

**Td રસીકરણ અભિયાનમાં શિક્ષકો અને શાળા સંચાલકોની ભૂમિકા શું?**

શિક્ષકો અને શાળા વહીવટીતંત્રે નીચેની રીતે ટેકો આપવો જોઈએ:- રસીકરણ ટીમ સાથે ધોરણ ૫ અને ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓની યાદી શેર કરવી. વિદ્યાર્થીઓ અને વાલીઓને કિશોરાવસ્થાના રસીકરણ અંગેની જાગૃતિ અને માહિતીનો પ્રસાર કરવો, પેરેન્ટ ટીચર એસોસિએશન (PTA) મીટીંગ દ્વારા માતા-પિતા સાથે સંકલન કરવું, મોબાઈલ દ્વારા ટેસ્ટ્સ અને વોટ્સએપ સંદેશાઓ દ્વારા Td રસી પર સકારાત્મક સંદેશાનો પ્રચાર પ્રસાર કરવો અને શાળાએ જતા કિશોરોની સંભાળ રાખનારાઓમાં સીના હિમાયતીઓનું સંકલન કરવું. રસીકરણ હાથ ધરવા માટે રસીકરણ કરનાર/રસીકરણ ટીમને મદદ કરવી, રસીકરણ સ્થળ પર લાભાર્થીઓને એકત્રીત કરવા. રસીકરણ સત્ર પહેલાં, વિદ્યાર્થીઓને રસીકરણની આશંકા ઘટાડવા ઈતર પ્રવૃત્તિઓમાં સામેલ કરો, જ્યારે તેઓ નિયુક્ત પ્રતીક્ષા રૂમ માં હોય.

● રસીકરણ સત્ર પછી, દરેક લાભાર્થી/વિદ્યાર્થી નિયુક્ત "નિરીક્ષા રૂમ માં ઓછામાં ઓછી ૩૦ મિનિટ રાહ જુએ છે તેની ખાતરી કરવા માટે રસીકરણ કરનારને સમર્થન આપો. વિદ્યાર્થીઓને જૂથમાં રહેવા અને રસીકરણના દિવસે ભોજન લેવા માટે પ્રોત્સાહિત કરવું.

★ વિસ્તારમાં VHSND સત્રો દરમિયાન ટ્રેકિંગ માટે રસીકરણ ટીમને બાકી રહેલ બાળકોની સૂચિ આપવી.

**Td રસીકરણ અભિયાનમાં આરોગ્ય અને ખુખાકારી એમ્બેસેડર ની ભૂમિકા શું છે**

દરેક શાળામાં નિયુક્ત સ્વાસ્થ્ય અને સુખાકારી રાજદૂત' (શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ), આ કરવું જોઈએ:

● ટીડી રસી મેળવવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓને જાણ કરો અને પ્રોત્સાહિત કરો,

● શાળામાં ટીડી રસીકરણ સત્રો આયોજિત કરવામાં રસી આપનાર/રસીકરણ ટીમનું સંકલન અને સમર્થન કરો.

**Td રસી કોવીડ-૧૯ રસીની સાથે લઈ શકાય ?**

બે રસી એકસાથે અલગ-અલગ સ્થળોએ આપી શકાય છે, પરંતુ એવું સૂચવવામાં આવ્યું છે કે Td સ્ત્રી અને COVID-19 રસી વચ્ચે ચાર અઠવાડિયાનું અંતર હોવું જોઈએ. રસીઓ વચ્ચેના આ સૂચિત અંતરને સમર્થન આપવા માટે કોઈ વૈજ્ઞાનિક પુરાવા નથી, પરંતુ મુકવામાં આવેલ રસી પૈકી કઈ વેક્સીન થી આડઅસર (AEFI) થયેલ છે તે નક્કી કરી શકાય તે માટે.....

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

આત્મગૌરવ ખોઈનાખનારનું જીવન મૃત્યુ સમાન છે.
- ભર્તૃહરિ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ સુદ-૯ શ્રી હરિ જયંતિ, ભડલીનોમ તા.૨૭ જૂન ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૮, હસ્ત નક્ષત્ર, વરિયાન યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૦૮, સૂ.અ.૭:૪૦

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), પરોઢે ૩:૨૭ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આર્થિક સમસ્યા હળવી બને. અગત્યના કાર્યમાં સફળતા મળે.
વૃષભ: મનમાં અશાંતિ રહે. મનની મુરાદ બર ન આવે.
મિથુન: નવિનઆયોજનો સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય સંભાળવું.
કર્ક: કાર્યોમાં વિલંબથી સફળતા મળે. પરિવારજનોમાં વાદ-વિવાદ થાય.
સિંહ: ખર્ચ પર કાબુ રાખવો. ચિંતાનો ઉકેલ મળે.
કન્યા: મનમાં વ્યગ્રતા રહે. જીવનસાથીના આરોગ્ય અંગે સંભાળવું.
તુલા: અણધારી આફત આવી પડે. મનમાં ચંચળતા રહે.
વૃશ્ચિક: અણધાર્યો ધન લાભ થાય. ભાગીદારીથી ચેતતા રહેવું.
ધન: કાર્યબોજ વિશેષ રહે. નાણાંભીડ અનુભવાય.
મકર: સફળતા માટે મહેનત કરવી પડે. નવિન ખરીદી થાય.
કુંભ: મિલ્કત-વાહનોને લગતા પ્રશ્નો હલ થાય. વ્યર્થ ક્રોધ ટાળવો.
મીન: પરિશ્રમનું શ્રેષ્ઠ ફળ મળે. અધિકારીથી લાભ થાય.

## શિક્ષણ એ સમાજ અને રાષ્ટ્રના વિકાસનું પ્રથમ પગથિયું - ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલ




(જી.એન.એસ),તા.૨૭

ગાંધીનગર ખાતે હુકમ વિતરણ કાર્યક્રમમાં શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યની સરકારી કોલેજોના વિવિધ વિદ્યાશાખામા GPSC દ્વારા નિમણૂક પામેલ ૨૦ (વીસ)મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૨) ને નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા છે.મંત્રી ઋષિકેશ પટેલે શિક્ષણ પરિવારમાં જોડાઈ રહેલા તમામ નવનિયુક્ત મદદનીશ પ્રાધ્યાપક ભાઈઓ અને બહેનોને આવકારીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ ક્ષણે તેમણે તમામને હક સાથે પોતાની ફરજો પ્રત્યે પણ પ્રામાણિક રહેવાની શીખ આપી હતી.

શિક્ષણ એ કોઈપણ સમાજ અને રાષ્ટ્રના વિકાસનું પ્રથમ પગથિયું હોવાનું કહીને મંત્રી એ નવનિયુક્ત તમામ શિક્ષકોને ઉજ્જવળ કારકિર્દી માટેની શુભેચ્છાઓ આપી હતી.આ નવનિયુક્ત ૨૦ મદદનીશ પ્રાધ્યાપક માંથી ૧૦ ને પ્રાણીશાસ્ત્ર, ૪ ને સંસ્કૃત, ૨ (બે) સમાજશાસ્ત્ર /સામાજિક વિજ્ઞાન , ૩ ગણિત-વિજ્ઞાન અને ૧ ને અર્થશાસ્ત્ર વિભાગમાં ફરજ માટે હુકમ એનાયત થયા છે.આ પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ કુમાર, કમિશ્નર પરિમલ પંડ્યા, વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૦૨૩ માટે વિશ્વના સૌથી વધુ રહેવા યોગ્ય શહેરોની યાદી



(એજન્સી) તા.૨૭

ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ (EIU) દ્વારા ૨૦૨૩ માટે વિશ્વના સૌથી વધુ રહેવા યોગ્ય શહેરોની રેન્કિંગ હાલમાં જ બહાર પાડવામાં આવી છે અને વિયેના તેમાં ફરી ટોચ ઉપર આવી ગયું છે. EIUએ આરોગ્ય સંભાળ, શિક્ષણ, સ્થિરતા, ઈન્ફ્રાસ્ટ્રકચર અને પર્યાવરણ સહિતના ઘણા મહત્વપૂર્ણ પરિબળો ઉપર વિશ્વભરના ૧૭૩ શહેરોને ક્રમાંકિત કરે છે. EIUના વૈશ્વિક જીવંતતા સૂચકાંકમાં વિયેના તેના પ્રથમ સ્થાને છે, તેના વિશ્વસનીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અદભૂત સંસ્કૃતિ અને મનોરંજન અને દોષરહિત શિક્ષણ અને આરોગ્ય સેવાઓ માટે પ્રખ્યાત છે. ડેનમાર્કનું કોપનહેગનએ તેનું બીજું સ્થાન જાળવી રાખ્યું હતું. ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન અને સિડની શહેરોએ તાજેતરના વર્ષોમાં આ યાદીમાં નીચે ઉતરી ગયા હતા, જ્યારે સિડની તાજેતરમાં ટોચના ૧૦માંથી બહાર થઈ ગયું હતું અને મેલબોર્ન ૨૦૨૨માં જાપાનના ઓસાકા સાથે ૧૦મા સ્થાને હતું, તે બંનેએ હવે અનુક્રમે ત્રીજું અને ચોથું સ્થાન મેળવ્યું છે.

કેનેડાનું પ્રતિનિધિત્વર સારૂ રહ્યું છે અને તેના ત્રણ શહેરો કેલગરી, વાનકુવર અને ટોરોન્ટોએ ટોચના ૧૦માં સ્થાન મેળવ્યું છે. દરમ્યાન સ્વિટ્ઝર્લેન્ડને બે ટોપ ૧૦ એન્ટ્રીઓ મળી, જેમાં ઝ્યુરિચ છઠ્ઠું સ્થાન મેળવ્યું અને જિનીવા કેલગરી સાથે સાતમા સ્થાને છે. ઓસાકા તેની સંસ્કૃતિ અને પર્યાવરણ રેટિંગ્સમાં વધારો કરીને ટોચના ૧૦માં આવે છે. EIU ખાતે લિવબિલિટી ઈન્ડેકસના વડા ઉપાસના દત્તે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કોવિડ-સંબંધિત નિયંત્રણો દૂર કરવાથી ૨૦૨૩ માં વૈશ્વિક જીવનક્ષમતા માટે એકંદરે સારો સંકેત મળ્યો છે. એશિયા અને મધ્ય પૂર્વના વિકાસશીલ અર્થતંત્રોના શહેરોમાં કેટલાક નોંધપાત્ર સુધારાઓ સાથે, હોસ્પિટલો અને આરોગ્યસંભાળ પ્રણાલીઓ ઉપર નોંધપાત્ર રીતે ઘટેલા બોજની સાથે બાળકો શાળાઓમાં પાછા ફરવાથી શિક્ષણ વધુ સારૂં બન્યું છે. જેમ જેમર વિશ્વની રાજકીય અને આર્થિક ધરી પૂર્વ તરફ આગળ વધી રહી છે, અમે અપેક્ષા રાખીએ છીએ કે આ પ્રદેશોના શહેરો ધીમે ધીમે અમારી રેકિંગમાં આગળ આવશે.

યુરોપની આ યાદીમાં, યુકેની રાજધાની લંડન અને સ્વીડનની રાજધાની સ્ટોકહોમ બંને રેન્કિંગમાં નીચે આવી ગયા છે, જે ૪૬મા ૪૩મા સ્થાને છે. ૨૦૨૨માં પ્રથમ વખત આ સર્વેક્ષણમાં ૩૫ નંબર ઉપર પ્રવેશ્યા પછી, સ્કોટલેન્ડની રાજધાની એડિનબર્ગ આ વર્ષે ૫૮માં સ્થાને આવી ગયું છે. ૧૭૨ શહેરોમાં સરેરાશ ઈન્ડેક્સ સ્કોર (યુક્રેનમાં કિવને બાદ કરતાં) હવે ૧૦૦માંથી ૭૬.૨ ઉપર પહોંચી ગયો છે, જે ૧૫ વર્ષમાં સૌથી વધુ સ્કોર છે. રિપોર્ટ અનુસાર, આરોગ્ય સંભાળના સ્કોર્સમાં સૌથી વધુ સુધારો થયો છે, જ્યારે શિક્ષણ, સંસ્કૃતિ અને મનોરંજન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના સ્કોર પણ વધ્યા છે. જોકે, ઘણા શહેરોમાં નાગરિક અશાંતિના કિસ્સાઓ તેમજ કેટલાક શહેરોમાં અપરાધમાં વધારાને કારણે સ્થિરતામાં નજીવો ઘટાડો થયો છે. જાહેર વ્યવસ્થા ઉપર દબાણ અને આર્થિક સંકટના કારણે કેટલાક શહેરોમાં ગુનાના બનાવોમાં પણ વધારો થયો છે અને આ ભવિષ્ય માટે જોખમ બની રહેશે. હોનોલુલુ, જેહવાઈનું સૌથી મોટું શહેર છે જે ૨૫માં સ્થાને છે. પ્રસિદ્ધ વાઈકીકી બીચનું ઘર, લોકપ્રિય સ્થળ, આરોગ્ય સંભાળના સ્કોર્સમાં સુધારાને કારણે આ વર્ષે છ સ્પોટ ઉપર આગળ વધ્યું છે. જો કે, યુએસના શહેરો સાન ડિએગો, જે યાદીમાં ૬૧માં ક્રમે છે અને લોસ એન્જલસ, ૫૭ ઉપર છે.

અલ્જેરિયાના અલ્જિયર્સ, લીબિયાના ત્રિપોલી અને સીરિયાના દમાસ્કસને વિશ્વના ત્રણ સૌથી ઓછા રહેવા યોગ્ય શહેરોની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. યુક્રેનિયન શહેર કિવ, જે ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયાના આક્રમણને કારણે ૨૦૨૨ની સૂચિમાંથી ગાયબ હતું, તે યુદ્ધની અસરના સીધા પરિણામને લીધે આ વર્ષે સૂચિમાં નીચે આવી ગયું છે.

**૨૦૨૩નો વૈશ્વિક રહેવા લાયક શહેરોના ૧૦ ટોચના સૂચકાંક :**

૧. વિયેના, ઑસ્ટ્રિયા
૨. કોપનહેગન, ડેનમાર્ક
૩. મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા
૪. સિડની, ઓસ્ટ્રેલિયા
૫. વાનકુવર, કેનેડા
૬. ઝ્યુરિચ, સ્વિટ્ઝર્લેન્ડ
૭. કેલગરી, કેનેડા
૭. જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડ
૯. ટોરોન્ટો, કેનેડા
૧૦. ઓસાકા, જાપાન

# ડાંગ જિલ્લો સૌથી વધુ એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ સાથે ગુજરાતમાં પ્રથમ ક્રમે

## ગુજરાતમાં પાંચ વર્ષમાં ધો.૬થી ૧૨ના ૬૭,૦૦૦થી વધુ આદિજાતિ બાળકોએ એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ્સમાં શિક્ષણનો લાભ લીધો

ગાંધીનગર, તા.૨૭

કેન્દ્ર સરકારની જવાહર નવોદય વિદ્યાલયની પેટર્ન ઉપર આધારિત એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ (EMRS)માં ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ધો.૬થી ૧૨ના ૬૭,૦૦૦થી વધુ આદિજાતિ બાળકો વિનામૂલ્યે ગુણવત્તાયુક્ત શિક્ષણનો લાભ આપવામાં આવ્યો છે. આ માટે વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૨-૨૩ સુધી છેલ્લા પાંચવર્ષમાં કેન્દ્ર દ્વારા રૂા.૪૪,૧૪૨ લાખ અને ગુજરાત સરકાર દ્વારા રૂા.૧૫,૪૮૬ લાખ એમ કુલ રૂા.૫૯,૬૨૮ લાખની માતબર રકમ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આદિજાતિ બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તેવા હેતુથી ચાલુ વર્ષના ગુજરાત બજેટમાં પણ વિવિધ શૈક્ષણિક હેતુ માટે કુલ રૂા.૬૬૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતના આદિજાતિ વિકાસ મંત્રી ડો.કુબેરભાઈ ડિંડોરના સતત માર્ગદર્શનમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતમાં કેન્દ્ર સરકાર સંચાલિત ૩૪ EMRS શાળાઓમાં ૫૩૮૦ કુમાર અને ૫૭૭૬ કન્યાઓ શિક્ષણ લઈ રહી છે. જયારે ગુજરાત સરકાર સંચાલિત ૧૦ EMRS શાળાઓમાં ૧૩૨૭ કુમાર અને ૨૫૭૪ કન્યાઓ વિનામૂલ્યે નિવાસી શિક્ષણ મેળવી રહી છે. આ આદિજાતિ વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત સ્કૂલમાં પ્રતિ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂા.૧,૦૯,૦૦૦ જયારે ગુજરાત સરકાર સંચાલિત શાળાઓમાં પ્રતિ વિદ્યાર્થી વાર્ષિક રૂા.૭૦,૦૦૦ રિકરિંગ ગ્રાન્ટ શિક્ષણ પાછળ પ્રતિ વિદ્યાર્થી દીઠ ખર્ચ કરવામાં આવે છે, જેમાં આદિજાતિ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પાઠ્યપુસ્તક, ગણવેશ, સ્ટેશનરી, ગુણવત્તાયુક્ત ભોજન, વોકેશનલ તાલીમ, શૈક્ષણિક પ્રવાસ, કોમ્પ્યુટર શિક્ષણ અને રમત-ગમત સહિતની સુવિધાઓ આપવામાં આવે છે. રાજયના આદિજાતિ વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાની વિવિધ પરીક્ષાઓ દ્વારા મેરિટના આધારે પ્રવેશ મેળવીને શહેરી અને સામાન્ય જ્ઞાતિના વિદ્યાર્થી સાથે દરેક ક્ષેત્રે હરીફાઈ કરવા વધુ સક્ષમ બને તેવા ઉમદા હેતુથી એકલવ્ય મોડેલ સ્કૂલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારની જવાહર નવોદય વિદ્યાલયની પેટર્ન ઉપર ગુજરાત સરકારે આદિજાતિના વિદ્યાર્થીઓ માટે વિવિધ જિલ્લાઓમાં એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ શરૂ કરી છે, જેમાં પ્રતિશાળા દીઠ ૪૮૦ની ક્ષમતા સાથે ધો.૬થી ૧૨ના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે આવાસીય સુવિધા સાથેનું ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ગુજરાતમાં સૌથી વધુ સાત EMRS શાળાઓ ડાંગ જિલ્લામાં આવેલી છે. આ ઉપરાંત છોટાઉદેપુર જિલ્લામાં ૬, દાહોદ અને નર્મદા જિલ્લામાં ૪-૪, બનાસકાંઠા, અરવલ્લી, સુરત, તાપી અને વલસાડમાં ૩-૩, મહિસાગર, પંચમહાલ, વડોદરા અને ભરૂચમાં ૨-૨ તેમજ સાબરકાંઠા અને નવસારીમાં ૧-૧ એમ કુલ-૪૪ EMRS શાળાઓ કાર્યરત છે.

# અબજોપતિઓનું ઈન્ટરનેટ યુદ્ધ : એલન મસ્ક ભારતમાં સ્ટારલિંક લાવવા આતુર છે, તો તેમના હરીફ અંબાણી પણ પ્રતિકાર કરવા માટે તૈયાર છે

નવી દિલ્હી, તા.૨૭

એલોન મસ્ક તેના સ્ટારલિંક સેટેલાઈટ બ્રોડબેન્ડને ભારતમાં લાવવા આતુર છે, પરંતુ વિશ્વના આ સૌથી ધનિક વ્યક્તિને એશિયાના સૌથી ધનાઢ્ય મુકેશ અંબાણીના પ્રતિકારનો સામનો કરવો પડી રહ્યો છે, જેઓ ભારતીય ટેલિકોમ જાયન્ટ રિલાયન્સ જિયો ચલાવે છે. તાજેતરમાં યુ.એસ.માં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની બેઠક બાદ, મસ્કે જણાવ્યું હતું કે તેઓ ભારતમાં સ્ટારલિંક શરૂ કરવા આતુર છે જે દૂરના ગામડાઓમાં મદદરૂપ થઈ શકે છે જ્યાં ઈન્ટરનેટ નથી અથવા હાઈસ્પીડ સેવાઓનો અભાવ છે. તેમની સ્ટારલિંકએ અંબાણીની રિલાયન્સ સાથે સરકારના સેટેલાઈટ બ્રોડબેન્ડ સ્પેકટ્રમના વિતરણ ઉપર મતભેદ ધરાવે છે, અને આ વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા રાષ્ટ્રમાં સેટેલાઈટ સેવાઓ માટે વિશ્વના બે સૌથી ધનાઢ્ય વચ્ચેનું યુદ્ધ બની શકે છે. સ્ટારલિંક ભારતને સ્પેકટ્રમની હરાજી ન કરવા માટે લોબિંગ કરી રહી છે. રિલાયન્સ અસંમત છે અને સરકારને જાહેર સબમિશનમાં હરાજી માટે હાકલ કરી છે, અને જણાવ્યું હતું કે વિદેશી સેટેલાઈટ સેવા પ્રદાતાઓ વૉઈસ અને ડેટા સેવાઓ પ્રદાન કરી શકે છે અને પરંપરાગત ટેલિકોમ પ્લેયર્સ સાથે સ્પર્ધા કરી શકે છે, અને તેથી લેવલ પ્લેઈંગ ફિલ્ડ હાંસલ કરવા માટે હરાજી થવી જોઈએ. આ પ્રતિસ્પર્ધા વધવાના સંકેતો છે. રિલાયન્સ સેટેલાઈટ સ્પેકટ્રમની હરાજી કરવા માટે ભારત સરકારને દબાણ કરવાનું ચાલુ રાખશે અને વિદેશી કંપનીઓની આ માંગણીઓ સાથે સંમત થશે નહીં. મસ્ક ટેસ્લા ફેકટરી સ્થાપવા માટે ભારત સાથે વાટાઘાટો કરી રહ્યા છે. અંબાણી સેટેલાઈટ બ્રોડબેન્ડમાં વિદેશી હરીફાઈને તોડી પાડવા માંગે છે. તેમની રિલાયન્સ જિયો પાસે પહેલેથી જ ૪૩૯ મિલિયન ટેલિકોમ યુઝર્સ છે, જે તેને માર્કેટ લીડર બનાવે છે, અને ૮ મિલિયન વાયર્ડ બ્રોડબેન્ડ કનેકશન છે, જે ૨૫% બજાર હિસ્સો ધરાવે છે. સેટેલાઈટ સ્પેકટ્રમ ઉપર ભારતના જાહેર પરામર્શ માટે કંપનીઓ, ઉદ્યોગ જૂથો અને અન્યોના ૬૪ પ્રતિસાદોમાંથી, ૪૮ લાયસન્સ તરફેણમાં, ૧૨ એ હરાજીની તરફેણમાં મત આપ્યો હતો, અને બાકીના તટસ્થ રહ્યા હતા. ઉદ્યોગના એક સ્ત્રોતે જણાવ્યું હતું કે રિલાયન્સનું માનવું છે કે સ્ટારલિંક જેવા સ્થાપિત વિદેશી કંપનીઓ માટે હરાજી વિના દરવાજા ખોલવાથી તેમને એમેઝોનની જેમ જ સફળતા મળશે, જે ભારતીય કંપનીઓને નુકસાન પહોંચાડશે અને અસમાન ક્ષેત્ર બનશે. અંબાણીની રિલાયન્સ રિટેલે એમેઝોન સાથે જોડાણ કર્યું છે, પરંતુ ઈ-કોમર્સ સ્પેસમાં માર્કેટ શેરમાં યુએસ હરીફ કરતાં પાછળ છે. ડેલોઈટનું કહેવું છે કે ભારતનું સેટેલાઈટ બ્રોડબેન્ડ સર્વિસ માર્કેટ ૨૦૩૦ સુધીમાં ૩૬% વધીને $1.9 બિલિયન સુધી પહોંચશે. સ્ટારલિંક કહે છે કે તે પહેલાથી જ વિશ્વભરના ૮૪ વહીવટમાં અધિકૃત છે અને તેની ઓછી-લેટન્સી બ્રોડબેન્ડ સેવાઓના ૧.૫ મિલિયન સક્રિય વપરાશકર્તાઓ છે. એમેઝોન ૨૦૨૪માં તેના ઉપગ્રહોનો પ્રથમ સેટ લોન્ચ કરવાની યોજના ધરાવે છે. જો ભારત હરાજી યોજવાનું નક્કી કરે છે, તો વનવેબને દેશમાં વેપાર કરવો મુશ્કેલ બનશે. સ્ટારલિંક તેની વ્યાપારી વ્યૂહરચના મજબૂત કરતા પહેલા ભારતના સ્પેકટ્રમ ફાળવણી અંગે સ્પષ્ટતાની રાહ જોઈ રહી છે.

# રાજ્ય સરકારની એમ્બ્યુલન્સ સેવા ૧૦૮ની જેમ એનિમલ હેલ્પ લાઈન ૧૯૬૨ની કારગત સેવા




ગાંધીનગર, તા.૨૭

અમદાવાદ જિલ્લામાં ગુજરાત સરકારની એમ્બ્યુલન્સ સેવા ૧૦૮ની જેમ એનિમલ હેલ્પલાઈન ૧૯૬૨ પણ કાર્યરત છે, જેમાં કુલ ૧૩ જેટલી એમ્બ્યુલન્સ આવેલી છે, તે તમામ એમ્બ્યુલન્સ અમદાવાદ જિલ્લાના અબોલા પશુ-પક્ષીઓને સારવાર કરી સેવા આપે છે. ગ્રામીણ વિસ્તારમાં પશુપાલકોના ખીસાનું ભારણ ઓછુંથાય તે હેતુથી ૧૦ ગામ દીઠ એક ફરતુ પશુ દવાખાના પણ કાર્યરત છે. જે કુલ ૧૧૩ જેટલા પશુધન ધરાવતા મુખ્ય ગામોને સેવા પૂરી પાડે છે. આ સેવાથી અત્યાર સુધીમાં ગ્રામીણ વિસ્તારમાં ૧,૨૨,૭૫૯ જેટલા પશુઓને સારવાર આપી જીવ બચાવ્યા છે તથા અમદાવાદ શહેરી વિસ્તારમાં માલિકી વગરના કુલ ૫૭,૪૫૫ પશુ-પક્ષીઓના જીવ બચાવવામાં આવ્યા છે. સમગ્ર ગુજરાતમાં પશુધન માલિકો માટે કુલ ૪૬૦ એમ્બ્યુલન્સ સાથે મફત પશુ ચિકિત્સા સેવા પૂરી પાડવા માટે સમર્પિત મોબાઈલ વેટરનરી ડિસ્પેન્સરીએ ૯૯૨૧ જેટલા ગામોને આવરી લીધા છે.

## ધરમપૂર ખાતે જન સભાને સંબોધતા મુખ્યમંત્રીએ કરી જાહેરાત

# રાજ્યના આદિજાતિ બેલ્ટમાં આગામી દિવસોમાં નવી ચાર મેડિકલ કોલેજોનું નિર્માણ કરવામાં આવશે



ગાંધીનગર, તા.૨૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારતીયજનતા પાર્ટી-વલસાડ આયોજિત જનસભાને સંબોધતા જણાવ્યું હતું કે, ગરીબ, વંચિત, આદિજાતિ, ગ્રામીણ લોકો સૌના સતત વિકાસ માટે સમર્પિત કેન્દ્ર સરકારે વિકાસની રાજનીતિનો ઈતિહાસ રચ્યો છે. રાજય અને કેન્દ્ર સરકારે સ્પષ્ટ ઈરાદાઓ, સાફ નિયત અને નેકીથી 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ'ના મંત્રને અનુસરી જનહિતલક્ષી યોજનાઓના સો ટકા લાભ આમજનતા સુધી પહોંચાડવાનો સંકલ્પ કર્યો છે. કોઈ પણ લાભાર્થી સરકારી યોજનાઓના લાભોથી વંચિત રહી ન જાય તેવા મક્કમ ઈરાદા સાથે સરકાર આગળવધી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાનના વિકાસના પથને અનુસરીને અમારી સરકાર નવા સંકલ્પો, નવી ઊર્જા સાથે આગળ વધી રહી હોવાનું સ્પષ્ટપણે જણાવતા ઉમેર્યું કે, રાજય અને કેન્દ્ર સરકારની અનેક યોજનાઓના અમલથી ગરીબોના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. સરકારી યોજનાઓનો લાભ ભૂતકાળમાં માત્ર ગણ્યાગાંઠ્યા લોકો સુધી જ પહોંચતો હતો, ત્યારે સરકાર અંત્યોદયના સૂત્ર સાથે જન જનના હિતને પ્રાધાન્ય આપીને છેવાડાના માનવીના ઉત્થાન માટે કટિબદ્ધ છે. સરકારની હકારાત્મક નીતિઓના કારણે આદિવાસી સમાજના સંતાનો ભણી ગણીને ડોકટર, એન્જિનિયર, પાયલોટ, ઉચ્ચ અધિકારી બની રહ્યા હોવાનું જણાવતા મુખ્યમંત્રીએ રાજયના આદિજાતિ બેલ્ટમાં ૬ મેડિકલ કોલેજો કાર્યરત છે, ત્યારે આદિજાતિ સમાજના યુવા વિદ્યાર્થીઓને વધુ તકો મળી રહે એ માટે નવી ૪ મેડિકલ કોલેજોનું નિર્માણ કરાશે એમ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ સામાજિક ન્યાયને તુષ્ટિકરણથી દૂર કરીને સશક્તિકરણ તરફ લઈ જઈને વિકાસની નવી પરિભાષા તૈયાર કરવાનો શ્રેય પ્રધાનમંત્રીને આપ્યો હતો. આ સંદર્ભે તેમણે કહ્યું કે, જયાં રાષ્ટ્રએ વિવિધ બેડીઓ તોડી નાખી છે અને જાતિવાદ, વંશવાદ, ભ્રષ્ટાચાર અને તુષ્ટિકરણની રાજ નીતિમાંથી વિકાસ, વૃદ્ધિ, એકતા અને રાષ્ટ્રવાદની રાજનીતિ તરફ આગળ વધ્યું છે. આ નોંધપાત્ર સફર આપણા સમાજના છેવાડાના વર્ગો-ગરીબોથી લઈને પછાત વર્ગો, લઘુમતીઓ, આદિવાસીઓ અને દલિત વર્ગોથી લઈને મહિલાઓ અને યુવાનોના સશક્તિકરણ દ્વારા લોકશાહીને તેના વાસ્તવિક અર્થમાં મજબૂત કરી છે. આ પ્રસંગે નાણાં, મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, દેશના નાગરિકોને મૂળભૂત સુવિધાઓ અને યોજનાઓના લાભો આપી તેમના જીવનમાં ઉન્નતિનો નવો ઉજાસ પાથરવાનું કાર્ય આ સરકારે કર્યું છે. સંગઠનના હોદ્દેદારોએ મુખ્યમંત્રીને તીર કામઠું અને સ્મૃતિ ચિહ્ન આપી બહુમાન કરવામાં આવ્યું હતું. રાજયમાં તમામ લોકસભા સીટોને બહુમતીથી જીતવાનો અહીં ઉપસ્થિત તમામ ભારતીય જનતા પાર્ટી કાર્યકર્તાઓએ સામૂહિક નિર્ધાર કરીને મુખ્ય મંત્રીને હર્ષનાદથી વધાવ્યા હતા.

# ગ્રાહકોને સુનાવણીની તક આપ્યા વિના ખાતાઓને 'ફ્રોડ' જાહેર કરવાના RBIના પરિપત્ર અંગે બોમ્બે હાઈકોર્ટે બેંકોને સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરવા કહ્યું



નવી દિલ્હી, તા.૨૭

બોમ્બે હાઈકોર્ટે સોમવાર, ૧૯ જૂને બેંકોને સુનાવણી વિના 'ફ્રોડ એકાઉન્ટ્સ'ના વર્ગીકરણ ઉપર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના ૨૦૧૬ના પરિપત્ર પર સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરવા જણાવ્યું હતું. આરબીઆઈના પરિપત્ર મુજબ, બેંકો સુનાવણી વિના કોઈપણ ખાતાને ફ્રોડ એકાઉન્ટ તરીકે જાહેર કરી શકે છે. હાઈકોર્ટ આરબીઆઈના પરિપત્રને પડકારતી અરજીઓની બેચની સુનાવણી કરી રહી હતી. જેમાં જણાવ્યું હતું કે, આ નિર્ણય કુદરતી ન્યાયના સિદ્ધાંતની વિરૂદ્ધ છે અને ખાતાધારકોને સુનાવણીની મંજૂરી આપવી જોઈએ. અરજીકર્તાઓમાં જેટ એરવેઝના સ્થાપક નરેશ ગોયલ અને તેમની પત્ની અનિતા ગોયલનો સમાવેશ થાય છે. કેટલાક અહેવાલોમાં શરૂઆતમાં એવું કહેવામાં આવ્યું હતું કે, આરબીઆઈના પરિપત્રની અસરકારકતા ઉપર બોમ્બે હાઈકોર્ટની જસ્ટિસ જી.એસ. પટેલ અને નીલા ગોખલેની ખંડપીઠે સ્ટે આપ્યો હતો. કોર્ટના આદેશમાં કહ્યું છે, તે આ કેસ નથી. અમે માસ્ટર સર્ક્યુલરની કામગીરી ઉપર રોક લગાવી નથી. સુપ્રીમ કોર્ટે માસ્ટર સર્ક્યુલરમાં માત્ર અમુક આવશ્યકતાઓ જ જોઈ છે. તેથી સુપ્રીમ કોર્ટના ચુકાદા અને નિર્ણય સાથે સુસંગત માસ્ટર સર્ક્યુલર હેઠળની કાર્યવાહી નિઃશંકપણે થઈ શકે છે. કોર્ટે કહ્યું કે, તેની કાર્યવાહી ફકત બેંકો અથવા તેમની ઈન-હાઉસ કમિટીઓ દ્વારા આ મુખ્ય પરિપત્ર હેઠળની કાર્યવાહી સુધી મર્યાદિત છે. અમે ૭મી અને ૮મી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ સુનાવણી અને અંતિમ નિકાલ માટે આ સમગ્ર અપીલને સાથે લઈશું. તે બંને તારીખે પૂરક બોર્ડની સમાપ્તિ પછી તરત જ અંતિમ સુનાવણી શરૂ થશે. કાર્યવાહી ઉપરનો સ્ટે ૧૧ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે. ભારતીય રિઝર્વ બેંક (વાણિજ્યિક બેંકો અને પસંદગીના FIs દ્વારા છેતરપિંડીનું વર્ગીકરણ અને અહેવાલ) નિર્દેશો, ૨૦૧૬માં જારી કરવામાં આવ્યા હતા, જે કહે છે કે, એકવાર બેંક ખાતાને છેતરપિંડી તરીકે વર્ગીકૃત કરે છે, તો તેણે ક્રેડિટ પ્લેટફોર્મ ઉપર માહિતીના સેન્ટ્રલ રિપોઝીટરીને તેની જાણ કરવી પડશે. અન્ય બેંકોને ચેતવણી આપવી જોઈએ. વધુમાં, જો કોઈ બેંક ખાતાને છેતરપિંડી તરીકે વર્ગીકૃત કરવાનું નક્કી કરે છે તો તેણે ૨૧-દિવસની અંદર આરબીઆઈને છેતરપિંડીની જાણ કરવી પડશે અને કોઈપણ તપાસ એજન્સીને આ બાબતની જાણ કરવી પડશે. આ પરિપત્રના આધારે, ઋણ લેનારાઓને તેમના ખાતાઓને છેતરપિંડી ખાતા તરીકે વર્ગીકૃત કરતા પહેલાં તેમનો કેસ રજૂ કરવાની કોઈ તક આપવામાં આવી ન હતી. એવો અરજદારોએ દાવો કર્યો હતો. આગળની કાર્યવાહી કરતા પહેલાં તેમને બેંક દ્વારા સામગ્રીની નકલો પણ આપવામાં આવી ન હતી. ડિસેમ્બર ૨૦૨૦માં તેલંગાણા હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે, ઉધાર લેનારને 'છેતરપિંડી કરનાર ઉધાર લેનારા' તરીકે જાહેર કરતા પહેલાં તેમની સુનાવણી કરવી આવશ્યક છે. ૨૭ માર્ચે સુપ્રીમ કોર્ટે તેલંગાણા હાઈકોર્ટના આદેશને માન્ય રાખ્યો હતો અને આરબીઆઈના પરિપત્ર ઉપર સ્ટે આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, ઉધાર લેનારના ખાતાને છેતરપિંડી તરીકે વર્ગીકૃત કરવાનો નિર્ણય તર્કબદ્ધ આદેશ દ્વારા લેવામાં આવવો જોઈએ જેથી મનસ્વીતાથી બચાવી શકાય. હાલના કેસમાં, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ જસ્ટિસ ગૌતમ એસ. પટેલની આગેવાની હેઠળની બોમ્બે હાઈકોર્ટની બેન્ચને કહ્યું છે કે, તેણે સુપ્રીમ કોર્ટના આદેશ સામે સમીક્ષા અરજી દાખલ કરી છે, જેની સુનાવણી હજુ બાકી છે.

## કેસર કેરી મહોત્સવ-૨૦૨૩

# અમદાવાદીઓએ ઉનાળામાં મન મૂકીને રસાયણ મુક્ત કેસર કેરીનો આનંદ માણ્યો

# એક મહિનો ચાલેલા કેરી મહોત્સવમાં ૨.૯૪ લાખ કિગ્રાથી વધુ કેરીનું વેચાણ

### પ્રાકૃતિક રીતે પકવેલી પ્રખ્યાત કેસર કેરી સીધી ગ્રાહકોને વેચતા ખેડૂતોની આવકમાં ૩૦ થી ૩૫ ટકા જેટલો વધારો





અમદાવાદ, તા.૨૭

દેશના ખેડૂતોની આવક બમણી કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરુ કરેલી ઝુંબેશમાં સહભાગી થઈ ગુજરાત સરકાર પણ રાજ્યના ખેડૂતોની આવકમાં વધારો કરવા સતત પ્રયત્નો કરી રહી છે. ખેડૂતોનો ખેતી ખર્ચ ઘટે, આવક વધે અને સાથે નાગરિકોને રસાયણમુક્ત ખેત પેદાશો મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રાકૃતિક કૃષિ ઉપર વધુ ભાર આપી રહી છે. સાથે જ રસાયણમુકત અને પ્રાકૃતિક ખેત પેદાશોને પ્રોત્સાહિત કરવા સમયાંતરે વિશેષ આયોજનો પણ હાથ ધરવામાં આવતા હોય છે.

શહેરી નાગરિકોને કાર્બાઈડ ફ્રી કેરી અને ખેડૂતોને તેમની કેરીના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકાર વર્ષ ૨૦૦૭થી દર વર્ષે ઉનાળાની સીઝનમાં 'કેસર કેરી મહોત્સવ'નું આયોજન કરે છે. આ વર્ષે પણ અમદાવાદ હાટ ખાતે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે તા. ૧૮મી મે,૨૦૨૩ના રોજ આ 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૩'નો શુભારંભ કરાવ્યો હતો. આ વર્ષે અમદાવાદીઓએ કાર્બાઈડ ફ્રી અને ઓર્ગેનિક કેસર કેરી ખાવામાં કોઈ કસર છોડી નથી એમ કહી શકાય. ગત વર્ષે યોજાયેલા કેરી મહોત્સવમાં ખેડૂતો દ્વારા ૯૨ હજાર કિલોગ્રામ જેટલી કેરીનું વેચાણ થયું હતું, જેની સામે આ વર્ષે એક મહિનાના સમયગાળામાં ખેડૂતો દ્વારા ૨.૯૪ લાખ કિલોગ્રામથી પણ વધુ કેસર કેરીનું વેચાણ કરવામાં આવ્યુ છે. એ વાતથી તો લગભગ કોઈ અજાણ નથી કે, ગુજરાતની કેસર કેરીએ આજે સમગ્ર વિશ્વમાં નામના મેળવી છે. વિદેશમાં પણ કેસર કેરીની માંગ વધતા ગીર-સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, કચ્છ તેમજ દક્ષિણ ગુજરાતમાં કેસર કેરીનું વાવેતર અને ઉત્પાદન બંનેમાં વધારો થઈ રહ્યો છે. કેસર કેરી પકવતા ખેડૂતો તેમની કાર્બાઈડ ફ્રી કેરીઓ સીધી શહેરી ગ્રાહકોને વેચી શકે તે માટે રાજ્ય સરકાર 'કેસર કેરી મહોત્સવ' જેવું એક માધ્યમ પૂરું પાડી ખેડૂતોને સહાયરૂપ થઈ રહી છે. આ વર્ષના કેરી મહોત્સવમાં કુલ ૮૩ જેટલા સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યા હતા. જેમાં ૫૮ ફાર્મર ગ્રુપ, ૧૫ નેચરલ ફાર્મિંગ એફ.પી.ઓ., ૫ સી.બી.બી.ઓ અને ૪ સહકારી મંડળીના સભાસદોએ તેમની ગુણવત્તાયુક્ત અને કાર્બાઈડ ફ્રી કેસર કેરીનું વેચાણ કરી સામાન્ય કરતા ૩૦ થી ૩૫ ટકા વધુ આવક મેળવી છે. સમગ્ર વિશ્વમાં આ વર્ષને આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે ત્યારે, આ કેરી મહોત્સવમાં ભારત સરકારની પીએમએએમઈ યોજનાના લાભાર્થીઓની પ્રોડક્ટ્સ, મીલેટ આધારિત પેદાશો તેમજ એફ.પી.ઓ. દ્વારા બાજરો, મગ જેવા પ્રાકૃતિક કૃષિ આધારિત ધાન્યોનું પણ વેચાણ કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડૂતોના ઉત્પાદનોની આયુ વધારવા કૃષિ વિભાગ હેઠળના ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી. દ્વારા રાજ્યના વિવિધ સ્થળોએ શીતાગારની સાથે સોર્ટીંગ, ગ્રેડીંગ, પેકીંગ અને રાઈપનીંગ, ઈ-રેડીએશન પ્રોસેસિંગ યુનિટ, ઈ?ન્ટીગ્રેટેડ પેક હાઉસ તેમજ પેરીશેબલ કાર્ગો કોમ્પ્લેક્ષ જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

## ગાંધીનગર ખાતેથી વર્ષ ૨૦૨૩ના

# TD (ટિટેનસ(ધનૂર), ડિપ્થેરીયા) રસીકરણના પ્રથમ ચરણનો પ્રારંભ કરાવતા આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ

### ધોરણ ૫ અને ૧૦માં અભ્યાસ કરતા રાજ્યના ૨૩ લાખ વિદ્યાર્થીઓનું દોઢ મહિનામાં રસીકરણ કરવામાં આવશે



ગાંધીનગર, તા.૨૬

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ગાંધીનગર ખાતેથી ટીડી (ટિટેનસ(ધનુર) અને ડિપ્થેરીયા) રસીકરણનો પ્રારંભ કરાવ્યો હતો. ગાંધીનગરની જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં વર્ષ ૨૦૨૩ના ટીડી રસીકરણ અભિયાનના પ્રથમ ચરણનો પ્રારંભ કરાવતા આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા બાળકોનું રસીકરણ કરીને સશક્ત અને તંદુરસ્ત ભારતના પાયાનું મજબૂતીકરણ કરવામાં આવી રહ્યું છે. ઘોરણ ૫ અને ૧૦ મા અભ્યાસ કરતા રાજ્યના ૨૩ લાખ વિદ્યાર્થીઓમાં ટીડી (ધનૂર અને ડિપ્થેરીયા)નું રસીકરણ કરીને તેમને ગંભીર બિમારીઓ થી રક્ષિત કરવામાં આવશે. મંત્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું કે, આ રસીકરણ અભિયાનને સફળ બનાવવા રાજ્યની આરોગ્ય ટીમ અને ખાસ કરીને **RBSK**ની ટીમના પ્રયાસો સરાહનીય છે. રાજ્યમાં ૫૧,૬૬૭ શાળાઓમાં અંદાજીત ૨૩ લાખ જેટલા બાળકોનું **RBSK**ની ટીમ દ્વારા **TD** રસીકરણ કરવામાં આવશે જે પ્રશંસાને પાત્ર છે. મંત્રી ઋષિકેશ પટેલે વધુમાં ઉમેર્યું કે, નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ તેમણે રાજ્યના અબાલવૃધ્ધના આરોગ્યની ચિંતા કરી હતી. જેના પરિણામે જ ગર્ભ રહેલ બાળક થી વૃધ્ધ વ્યક્તિને લાભાન્વિત કરતી આરોગ્ય વિષયક વિવિધ યોજનાઓ કાર્યાન્વિત કરી. મિશન ઈન્દ્રધનુષ હેઠળ પણ વિવિધ રોગો સામે આરક્ષિત રસી આપીને બાળકને તંદુરસ્ત બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ ક્ષણે તેમણે ૨૧ મી સદી ભારતની સદી હોવાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નેતૃત્વ આજે વિશ્વ એ સ્વીકાર્યું છે. ૨૦ મી સદીને અમેરિકાની સદી તરીકે ઓળખવામાં આવતું હતું. આજે ૨૧ મી સદીમાં અમેરિકા જેવી મહાસત્તાએ ભારતના નેતૃત્વ અને સહકાર માટે હાથ લંબાવ્યો છે. જે સશક્ત ભારતની નેમ વ્યક્ત કરે છે. મંત્રીએ એમ પણ કહ્યું કે, ટીડી વેક્સિન, સાર્વત્રિક રસીકરણ હેઠળની વિવિધ રસીઓ દ્વારા બાળકોને સશક્ત અને તંદુરસ્ત બનાવવામાં આવી રહ્યા છે. કારણ કે આ જ બાળકો અને યુવાનો આવનારા ઉજ્જ્વળ ભારતનું ભવિષ્ય છે. સશક્ત ભારતના ભવિષ્યનો પાયો મજબૂત હશે તો ચોક્કસ થી ભાવિ પણ ઉજજ્વળ બનશે તેવો ભાવ મંત્રી ઋષિકેશ પટેલે વ્યક્ત કર્યો હતો.

## કેન્દ્રીય ગૃહમંત્રાલયે રાજ્યસભામાં આંકડા રજૂ કર્યા

# ગુજરાતમાં દર વર્ષે સરેરાશ ૪૫૦ સગીરો આત્મહત્યા કરે છે

### છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૨૫૫૪ સગીરે આત્મહત્યા કરી



અમદાવાદ, તા.૨૭

ગુજરાતમાં ૧૮ વર્ષથી ઓછી વયના કિશોરોમાં આત્મહત્યાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધ્યુ છે. ગૃહમંત્રાલયે રાજ્યસભામાં રજૂ કરેલા આંકડા મુજબ દર છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૨૫૫૪ સગીરે આત્મહત્યા કરે છે. દર વર્ષે ગુજરાતમાં સરેરાશ ૪૫૦ સગીર આત્મહત્યા કરે છે. ગૃહમંત્રાલયે આપેલી માહિતી મુજબ છેલ્લા પાંચ વર્ષના આંકડા પર નજર કરીએ તો ૧૮ વર્ષથી ઓછી વયના કિશોરોમાં આત્મહત્યા પાછળ માટો ભાગે માનસિક તણાવ મુખ્ય જવાબદાર પરિબળ છે. આ ઉપરાંત પરીક્ષામાં નિષ્ફળ જવાનો ડર. ભણવાનુ દબાણ, સારા માર્ક્સ લાવવાનુ દબાણ, મોબાઈલનો વધુ પડતો ઉપયોગ, માતાપિતા સાથે ઘટતો સંવાદ, પ્રેમસંબંધમાં નિષ્ફળતા, સહનશક્તિનો અભાવ, માતાપિતા સાથે અણબનાવ, જનરેશન ગેપ સહિતના પરિબળો જવાબદાર છે. જેમા ક્યાંકને ક્યાંક મોબાઈલને કારણે પણ બાળકો અને માતાપિતા સાથે સંવાદ ઘટ્યો છે. જેમા માતાપિતા બાળકોને સમજી શકવામાં તેમનુ કાઉન્સેલિંગ કરી શકતા નથી અને કિશોરાવસ્થામાં રહેલુ બાળક પોતાની જાતને અસલામત, એકલુ-અટુલુ સમજે અને નિરાશાના ગર્તામાં ધકેલાતુ જાય છે. પહેલાની તુલનાએ બાળકોમાં સહનશક્તિનું પ્રમાણ પણ ઘટ્યુ છે જેના કારણે કોઈપણ બાબતને લઈને જલ્દી લાગે આવી છે અને આત્મહત્યા કરવા પ્રેરાય છે.શાળામાં ભણતા બાળકો પરીક્ષામાં નિષ્ફળ જવાના ડરથી આત્મહત્યા કરી રહ્યા છે. પરીક્ષાનો હાઉ વિદ્યાર્થીઓના મનમાં ઘર કરી ગયો છે. પરીક્ષા અગાઉ કાન્સેલિંગ કરાય છે. છતાં કિશોરોને કારકિર્દીની ચિંતા સતાવે છે. આ કારણોસર પરીક્ષાનું પરિણામ આવે તે પહેલા જ યુવાઓ આત્મહત્યા કરી લેતા હોય છે. આવા અનેક કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. ભણતરનું ભારણ યુવાઓ સહન કરી શકે તેવી સ્થિતિમાં નથી. આ ઉપરાંત વાલીઓ પણ સતત બાળકો પર સારા માર્ક્સ લાવવા દબાણ કરી રહ્યા છે. જેના પગલે યુવાઓ સતત માનસિક દબાણ હેઠળ હોય છે. નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોના મર્તૈસ્સહિત શૈક્ષણિક સંસ્થાઓમાં પણ આત્મહત્યાનું પ્રમાણ વધ્યુ છે. કારકિર્દીની ચિંતાને કારણે યુવાઓ આત્મહત્યા કરી રહ્યા છે. પ્રેમ સંબંધમાં નિષ્ફળતાને યુવાઓમાં આત્મહત્યાનું પરિબળ છે. સાથે સાથે બેરોજગારીને કારણે પણ યુવાઓમાં નિરાશા આવે છે. અનેક કિસ્સામાં નાની વયે બાળકોના માથે કુટુંબની જવાબદારી આવી પડે છે. ત્યારે બેરોજગારીને કારણે પણ યુવાઓ આત્મહત્યા કરે છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે રાજ્યસભામાં આપેલી માહિતી મુજબ ગુજરાતમાં વર્ષ ૨૦૧૭થી માંડીને વર્ષ ૨૦૨૧ સુધી ૧૮ થી ઓછી વયના ૨૫૫૪ યુવાઓએ આત્મહત્યા કરી છે. ગુજરાતની સરખામણીમાં ગોવા, બિહાર, ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશ, પંજાબ, કેરળ અને હરિયાણા જેવા પ્રદેશમાં યુવાઓની આત્મહત્યાનું પ્રમાણ સરવાળે ઓછુ છે. જો કે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને તમિલનાડુમાં ગુજરાત કરતા વધુ યુવાનો આત્મહત્યા કરે છે.

# એક સારા સમાચારે ગૌતમ અદાણીની કંપનીઓના કારોબારમાં તેજીનો પ્રાણ ફૂંક્યો

મુંબઈ,તા.૨૭



હિંડનબર્ગ રિપોર્ટ બાદ અમેરિકા દ્વારા અદાણી ગ્રુપ પાસે કેટલાક જવાબ માંગવામાં આવતા આ અહેવાલના પગલે કંપનીના શેર તુંત્યાહતા પણ હવે એક સારા સમાચારે ગૌતમ અદાણીની કંપનીઓના કારોબારમાં તેજીનો પ્રાણ ફૂંકી દીધો છે. આજે સવારે ૧૧.૩૦ વાગ્યાના અરસામાં અંબુજા સિમેન્ટને બાદ કરતાં ગ્રુપના તમામ શેર ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહયા હતા. અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝમાં ૪% તો અદાણી પાવર અને એનડીટીવીના શેરમાં ૫ %નો ઉછાળો નોંધાયો હતો. અદાણી ગ્રૂપ ૨-૩ વર્ષમાં ?૯૦,૦૦૦ કરોડના ઈĺૈંદ્બછ સુધી પહોંચવા માટે ૨૦% વર્ષ-દર-વર્ષના વધારાનું લક્ષ્ય ધરાવે છે તેવા સમાચાર અહેવાલને પગલે આજે સોમવારે અદાણી ગ્રૂપના મોટાભાગના શેર લીલા રંગમાં ટ્રેડ થઈ રહ્યા હતા.એરપોર્ટથી લઈને ઉર્જા સુધીની કંપનીઓમાં મજબૂત વિકાસ નોંધાયો છે. અદાણી એન્ટરપ્રાઈઝ લિ., અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ., અદાણી ટ્રાન્સમિશન લિ., અદાણી પાવર લિ., અદાણી ટોટલ ગેસ લિમિટેડ,અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ અને અદાણી વિલ્મર લિમિટેડ તમામના શેરના ભાવ ઉછળ્યા હતા. આ સામે એમબીજ સિમેન્ટ ના શેર લાલ નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા.પીટીઆઈના અહેવાલ મુજબ પોર્ટ-ટુ-એનર્જી ગ્રુપ હવે એરપોર્ટ, સિમેન્ટ, રિન્યુએબલ, સોલાર પેનલ્સ, ટ્રાન્સપોર્ટેશન અને લોજિસ્ટિક્સ અને પાવર એન્ડ ટ્રાન્સમિશન જેવા ક્ષેત્રોમાં મજબૂત વૃદ્ધિની અપેક્ષા રાખે છે અને ઉમેર્યું હતું કે અદાણીના ઘણા નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણો પણ કરશે. આગામી વર્ષોમાં રીવોર્ડ આપવાનું અને આવક ઉભી કરવાનું શરૂ કરે છે.જૂથે તાજેતરમાં બંદરોમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે અને રીન્યુઅલ એનર્જી, પરિવહન અને બંદરોમાં મોટા પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે. એરપોર્ટ્સ અને રિન્યુએબલ પણ ઊંચા રોકડ પ્રવાહની જાણ કરી રહ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર તેનો સ્થિર એસેટ બેઝ જે ત્રણ દાયકામાં બનાવવામાં આવ્યો છ, તે સ્થિતિસ્થાપક નિર્ણાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સક્ષમ કરે છે અને તેમના જીવન ચક્ર દરમિયાન સારા એસેટ કામગીરીની ખાતરી આપે છે.

# બાબા વેંગાની અત્યંત ખતરનાક ભવિષ્યવાણીથી દુનિયા ડરી, આગામી ૬ મહિનામાં પૃથ્વીની કક્ષા બદલાઈ જશે !!



બલ્ગેરિયાના બાબા વેંગાની નવી ભવિષ્યવાણીઓમાંથી અત્યાર સુધી તો ઘણી સાચી પડી ચૂકી છે. આથી દર વર્ષની શરૂઆત, મધ્ય અને અંતમાં તેમની ભવિષ્યવાણીઓની ચર્ચા હંમેશા થતી રહે છે. બાબા વેંગાએ પોતાની ભવિષ્યવાણીઓ ૧૧૧ વર્ષ પહેલા જ કરી દીધી હતી. જેને લઈને હવે દુનિયાભરમાં ડરનો માહોલ છે. અત્રે જણાવવાનું કે તેમણે ગત વર્ષે ૨૦૨૨ માટે પણ અનેક ભવિષ્યવાણી કરી હતી. જેમાંથી કેટલીક સાચી પડી. ત્યારબાદ હવે ૨૦૨૩ માટે પણ તેમની ભવિષ્યવાણીઓની ચર્ચા થઈ રહી છે. કારણ કે વર્ષ પૂરું થવામાં હજુ ઘણો સમય બાકી છે.

બાબા વેંગાની ભવિષ્યવાણીઓ મુજબ વર્ષ ૨૦૨૩માં પૃથ્વીની કક્ષા**(Earth's Orbit)** બદલાઈ જશે. જેના સમગ્ર દુનિયાએ ખુબ જ ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે. આ ભવિષ્યવાણી પોતાનામાં જ એટલી ઘાતક છે કે તમે તેની કલ્પના કરી શકો નહીં.

બાબા વેંગાની ૨૦૨૩ માટે સૌથી ચિંતાજનક ભવિષ્યવાણીઓમાંથી એક સૌર તોફાન વિશે હતી જે વિનાશનું કારણ બની શકે છે. સૌર તોફાનનો અર્થ સૌર્યથી નીકળનારી ઉર્જાનો વિસ્ફોટ છે જેનાથી અનેક પ્રકારના ખતરનાક રેડિએશન પૃથ્વી પર પડશે. તેનો પ્રભાવ સેંકડો પરમાણુ બોમ્બ જેટલો શકિતશાળી અને ઘાતક હોઈ શકે છે. ધ સન સહિત યુરોપની અનેક વેબસાઈટ્સ મુજબ બાબા વેંગા વર્ષ ૫૦૭૯ સુધીની ભવિષ્યવાણીઓ કરી ગયા હતા. તેમના અનુયાયીઓનું માનવું છે કે બાબા વેંગાએ ૯/૧૧ થી લઈને ડોનાલ્ડટ્રમ્પના પ્રેસિડેન્ટ બનવા સુધીની ભવિષ્યવાણી કરી હતી. જે એકદમ સાચી પડી. બાબા વેંગાની કેટલીક આગામી ભવિષ્યવાણીઓની વાત કરીએ તો વર્ષ ૨૦૨૮માં માણસ શુક્ર ગ્રહની યાત્રા કરશે. વર્ષ ૨૦૪૬માં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની મદદથી લોકો ૧૦૦થી વધુ વર્ષો સુધી જીવિત રહી શકશે.

# સોમનાથ દાદાનાં સાંનિધ્યે પૂજ્ય મોરારીબાપુના વ્યાસાસને એક દિવસીય દુર્લભ રામકથાનું આયોજન

(મિનાક્ષી વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૭

સુપ્રસિધ્ધ રામ પારાયણ કથાકાર પૂજય મોરારીબાપુ જળ, જમીન, વાયુ, જેલ સહિત વિવિધ સ્થળોએ રામ પારાયણ રામ સંદેશો લહેરાવી ચુકયા છે. તેમાં એક વધુ દુર્લભ યોગથી જયોતિર્લિંગો સ્થળે એક દિવસીય રામકથાનું આયોજન કરાઈ રહ્યું છે. સામાન્ય રીતે નવ દિવસ રામ પારાયણ કથા યોજાતી જ રહે છે તા.૨૨ જૂલાઈથી શરૂ થનારી જયોતિર્લિંગ રામકથા ૧૮ દિવસ સુધી જુદા જુદા જયોતિર્લિંગ સ્થળોએ અલગ અલગ દિવસોએ ચાલશે અને કથા શ્રૌતાજનો સ્પેશ્યલ રેલ્વે દ્વારા મુસાફરી કરશે એટલે કે બનારસના વિશ્વનાથ ભગવાનના જયોતિર્લિંગ કથા પૂર્ણ થાય એટલે બીજા દિવસે સવારે અન્ય જયોતિર્લિંગ પહોંચી ત્યાં કથા કરશે. આમ દરેક જયોતિર્લિંગમાં ૧૨ દિવસ કથા ગાન અને બાકીના દિવસો મુસાફરીના રહેશે. કુલ ૧૮ દિવસ બાદ કથા સોમનાથમાં તા.૭,૮-૨૦૨૩ના રોજ વિરામ પામશે અને છેલ્લે ચિત્રકુટ ધામ તલગાજરડા દર્શન કરી તા.૮-૮-૨૩ના રોજ ટ્રેનનો છેલ્લો સ્ટોપ દિલ્હી હશે. આમ દરેક જયોતિર્લિંગે એક એક દિવસ એમ ૧૨ દિવસો કથાના રહેશે. ભારતના ચાર મુખ્ય યાત્રાધામોને આ કથાના સ્થળમાં આવરી લેવાયા છે. કથા શ્રવણ શ્રૌતાઓ આઈ.આર.ટી.સી ટ્રેન મુસાફરી કરી આ કથા લાભ મેળવશે કુલ મળીને ૮ હજાર કિલોમીટરની આ યાત્રા ૭ ઓગષ્ટના રોજ જયોતિર્લિંગ ભગવાન શ્રી સોમનાથ ખાતે સમાપન થશે આ કથાના યજમાન તરીકે ઈન્દોરના આદેશ ટ્રસ્ટ સંસ્થા દ્વારા આયોજન કરાઈ રહ્યું છે. આમ ૨૨ જુલાઈથી ૭ ઓગષ્ટ ૨૩ દરમ્યાન ૧૨ જયોતિર્લિંગના સ્થળોએ એક દિવસીય કથા રહેશે.

# જીલ્લા કક્ષાની નાણાંકીય સાક્ષરતા કવિઝ યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૭

બી.આર.સી. ભવન જૂનાગઢ ગ્રામ્ય ખાતે જિલ્લો કક્ષાની નાણાંકીય સાક્ષરતા કવિઝનું આયોજન કરવામાં આવ્યુંટ. જૂનાગઢ જિલ્લાવના કુલ ૧૦ તાલુકાના પ્રથમ નંબરે આવેલા ૨૦ વિદ્યાર્થીઓની કુલ ૧૦ ટીમો વચ્ચો જિલ્લાટ કક્ષાની કવિઝ સ્પાર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કવિઝ સ્પર્ધામાં મેનેજર આર.બી.આઇ. અમદાવાદ આલોકકુમાર સિંહ, એફ.એલ.સી. લીડ બેંકના શ્રી દિલીપ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વિપુલ ધુંચલા, જિલ્લાન કો-ઓર્ડિનેટર રશ્મીઝબેન લીંબાસીયા તથા બી.આર.સી. કો-ઓર્ડિનેટર સુરેશ મેવાડા હાજર રહ્યા હતા. આ સ્પમર્ધામાં નિર્ણાયક તરીકે આચાર્ય મધુસુદન બારૈયા, ડી.એફ મોકરીયા તથા સી.આર.સી. કો-ઓર્ડિનેટર ભાવિકાબેન ગોરએ ફરજ બજાવી હતી. આ કવિઝ સ્પરર્ધામાં લેખીત તથા ઓન-સ્ટેયજ રાઉન્ડશમાં યોજાઈ હતી. જેમાં પ્રથમ નંબરે શાપુર પેસેન્ટીર શાળા દ્રિતિય નંબરે સરકારી હાઈસ્કુલ મેંદરડા તથા તૃતિય નંબરે તાલુકા પેસેન્ટતર શાળા માળીયાના બાળકો આવ્યા હતા. આ ત્રણે ટીમને અનુક્રમે રૂા. ૧૦૦૦૦, રૂા. ૭૦૦૦, અને રૂા. ૫૦૦૦ નું રોકડ ઈનામ તથા શિલ્ડ, પ્રમાણપત્ર તથા સ્ટેશનરી આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

# પ્રભાસ પાટણમાં આખલાએ બેને હડફેટે લીધા, એકનું થયેલ મોત

પ્રભાસપાટણ તા. ૨૭

પ્રભાસ પાટણમાં આખલાનો આંતક યથાવત જોવા મળી રહ્યો છે. અને માર્ગ પર બાખડતા આખલાએ કાકા-ભત્રીજાને હડફેટે લેતા કાકાનું મોત નિપજયું હતું. જયારે ભત્રીજાને ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવાયો હતો. પાલિકા તંત્ર દ્વારા રેઢીયાળ પશુઓને પકડવાની કામગીરી શરૂ કરવામાં આવે એવી માંગ ઉગ્ર બનવા પામી છે.

પ્રથમ જયોતિર્લિંગ સોમનાથ મંદિર કરોડો લોકોની આસ્થાનું પ્રતીક છે.ત્યારે પ્રતિવર્ષ લાખો યાત્રાળુઓ અહી દર્શનાર્થે આવતા હોય છે.ત્યારે મંદિરે જવા માટેના મુખ્ય માર્ગ પર જ કાયમી માટે રખડતા પશુઓનો અડિંગો જોવા મળે છે.જેના કારણે ઘણી વખત યાત્રિકો અને સ્થાનિકો તેનો શિકાર બન્યા છે. અવાર નવાર તંત્રને પણ રજૂઆત કરવામાં આવી છે પરંતુ તંત્ર જાણે માત્ર કાગળપર જ કામગીરી કરવાની હોઈ તેવી રીતે અમુક પશુઓને પકડીને કામગીરી કર્યાનો સંતોષ માની લે છે! અગાઉ પણ પાલિકા દ્વારા રખડતા ઢોર પકડવાની કામગીરી હાથ ધરીને તેમને ગૌશાળા ખાતે મૂકવાની વાતો કરવામાં આવી હતી. પરંતુ રસ્તાઓ પર રખડતા ઢોરની સંખ્યા આજે પણ એની એ જ છે.જેથી સ્થાનિકો માં પણ રોષ પ્રવર્ત્યો છે. તાજેતરમાં ફરી એક સ્થાનિક આવા રખડતા ઢોરનો શિકાર બન્યા હતા અને ૩ સંતાનોએ તેમના પિતાની છત્રછાયા ગુમાવી છે. પ્રભાસ પાટણનાં શાઈન કોલોનીમાં રહેતા ઈસ્માઈલ ઈભરામ થોબાત સોમનાથ મંદિર નજીક વેણેશ્વર રોડ પાસેથી રવિવારે મોડી સાંજના સમયે પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન રસ્તાપર આખલાએ તેમના પર હુમલો કરતા તેઓ ઈજાગ્રસ્ત થયા હતા.જેથી તેમને તાત્કાલિક પ્રભાસ પાટણ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા.

જયાં સ્થિતિ વધુ ગંભીર જણાતા વેરાવળની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ કમનસીબે તેઓનું થોડીક જ કલાકોમાં મૃત્યુ થયું હતું.પરિણામે તેમના ૩ બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી હતી અને પરિવારમાં પણ ગમગીન માહોલ છવાયો હતો. દરમિયાન તેમની સાથે બાઈક પર સવાર તેમના ભત્રીજાને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. પરિવારજનોએ તંત્ર પાસે આવા રખડતા પશુઓને ખસેડવાની માંગ કરી હતી જેથી આવા બનાવ કોઈ અન્ય વ્યક્તિ સાથે ભવિષ્યમાં બને નહિ.

# બોગસ પ્લોટીંગ કૌભાંડમાં અંતે તપાસ ટીમ દોડી

ઊના તા. ૨૭

નલીયા માંડવીમાં નવા ગામતળમાં ૭૪ પ્લોટ મંજુર થયા બાદ આ પ્લોટો માંથી મોટાભાગના પ્લોટોની બેઠા થાળે હરરાજી થઈ ગયેલ હોય તેમજ આ નવા ગામતળની સરકારી જમીનમાં ૭૪ કરતા વધુ પ્લોટોનું વેચાણ કરી કૌંભાડ થયેલ હોય તેમજ સરકારી રેકર્ડ સાથે ચેડા થયેલ હોવાના દિવ્યભાસ્કરમાં અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ તંત્રની પણ ચાર આંખ થઈ ગયેલ કેમ કે વર્ષો પહેલા થયેલ આ સરકારી જમીન વહેચી મારવાનું કૌંભાડ અત્યાર સુધી કેમ કોઈ અધિકારીના ધ્યાને આવેલ નથી.


ધ્યાને આવેલ તો અત્યાર સુધી તપાસ કેમ કોઈ અધિકારી દ્વારા કરવામાં આવેલ નહી તેવા અનેક વણઉકેલ પ્રશ્નોના જવાબ તંત્ર પાસે પણ નથી. પણ જે હોઈ તે અંતે અખબારી અહેવાલ બાદ તપાસનો ધમધમાટ શરૂ થયો અને ઉનાળામાં તપાસ સમીતીએ માંગેલ પોલીસ પ્રોટેક્શન ચોમાસે મળતા અંતે તપાસ સમીતીની ટીમ આજે પોલીસ પ્રોટેક્શન સાથે સ્થળ પર તપાસ કરવા વરસતા વરસાદે પહોચી ગયેલ અને તપાસ સમીતીના સભ્યો પાસેથી તપાસથી વિગત માંગવા મીડીયા કર્મી દ્વારા ફોન કરવામાં આવેલ પણ કોઈએ ફોન રીસીવ કરેલ નહી જગજાહેર તપાસ કરતા અધિકારીએ મીડીયા કર્મી પાસે આ બોગસ જમીન કૌંભાડની વાત છુપાવી રહ્યા છે. તેથી પણ અનેક સવાલો ઉભા થયા પામેલ છે.


નલીયા - માંડવીમાં સરકારી જમીનમાં ગામતળના નામે પ્લોટ વહેચવાના કૌંભાડના વર્ષો જુના કોથળા ખોલતા તપાસ સમીતીને પણ ચોકાવનારી વિગતો બહાર આવતા ચોકી ગયાનું સુત્રોમાંથી જાણવા મળી રહ્યુ છે. પણ તેની સામે અત્યાર સુધી પગલા પણ ભરાયા નથી. તે પણ વાસ્તવિકતા છે બીજુ આ બોગસ પ્લોટીંગ કૌંભાડમાં સનદો ખોટી આપવામાં આવી છે.

તેમજ સરકારી રેકર્ડ સાથે પણ ચેડા કરવામાં આવ્યા છે. તથા રેકર્ડ પણ ગુમ થયેલ હોય ત્યારે આ બોગસ પ્લોટોના વેચાણના કોભાડમાં એકને એક પ્લોટની સનદો કાઢવામાં આવેલ હોય ત્યારે ક્યા પ્લોટ ધારકની સનદ સાચી અને ક્યા પ્લોટ ધારકની સનદ ખોટી તેમાટે ૮૦ થી વધુ પ્લોટ ધાકરો તેમના દસ્તાવેજી કાગળો તપાસ અર્થે ગ્રામ પંચાયત કચેરીએ આપી ગયેલ અને ગ્રામ પંચાયત દ્વારા આ તમામ દસ્તાવેજી કાગળો તપાસ સમીતીને સોપવા હવે તમામ લોકોના નિવેદન લેવા આજરોજ તપાસ સમીતીની ૧૫ થી વધુ લોકોની ટીમ વરસતા વરસાદે લોકોના નિવેદન લેવા પહોચી ગયેલ તે સીવાય ઘણા પ્લોટ ધાકરોએ દસ્તાવેજી કાગળો આવેલ નથી.

તેવા લોકોના દસ્તાવેજી પુરાવા માટે તેમજ સ્થળ નિરીક્ષણ કરવા આજે તપાસ સમીતીના અધ્યક્ષ સહીતનો સ્ટાફ પહોચી ગયેલ ત્યારે હવે સ્થળ પરની તપાસ પૂર્ણ થયા બાદ રીપોર્ટ થશે કે હજુ પણ ૩૦ દિવસના ૬૦ દિવસ થશે તેવો સવાલ પણ ઉઠવા પામેલ છે. તેમજ ગામતળનો નકશો મળતો ન હતો. પણ છેવટે આ નવા ગામતળનો નકશો મળી ગયાની વાત બહાર આવેલ ત્યારે નવા ગામતળનો નકશો સાચો કે ખોટો તે પણ તપાસ સમીતી એ તપાસ કરવી ઘટે તેમજ ડી આઈ એલ આર કચેરી દ્વારા નવા ગામતળની માપણી કરવાની હોય તે ક્યારે કરવામાં આવશે તે જોવાનું રહ્યુ.

# દ્વારકાનાં વડત્રા ગામે આવેલા વિશ્વનાથ વેદ પાઠશાળા ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી થશે





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વડત્રા મુકામે શ્રી વિશ્વનાથ વેદ પાઠશાળા, (પરમ શ્રધેય શ્રી મગનભાઈ રાજયગુરૂ પૂ. બાપજીના સાનિધ્યમાં) મુરલીધર પેટ્રોલ પંપ પાસે, ગુરૂપૂર્ણિમાના દિવસે તા. ૩/૭/૨૦૨૩ ના સોમવારના રોજ રાત્રે ૯ થી ૧૨ વાગ્યે "વ્રજ કે નાથ.... વૈષ્ણવો કે દ્વાર" શ્રીનાથજી સત્સંગ તેમજ ઓ...કાન્હા ગ્રુપ, મુંબઈ પ્રસ્તુત ઈન્ટરનેશનલ મ્યુઝિક ગ્રુપ "કલાશ્રી" રાજકોટ દ્વારા રજૂઆત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ૪૦ કલાકારો દ્વારા ગાયન, વાદન, અને નૃત્યની દર્શનીય પ્રસ્તુતિ કરશે, સાંસ્કૃતિક સેવા નિધિ ગ્રુપ તથા સમસ્ત વડત્રા ગામ દ્વારા ધર્મ પ્રેમી જનતા વ્હાલા વૈષ્ણવોને હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે.

# દેલવાડામાં વરસાદ પડતા અડધા ગામમાં ૯ કલાક વીજળી થઈ ગુલ

ઊના તા. ૨૭

ઊના પંથક નાં દેલવાડા ગામે ગત રાત્રિ નાં ૧૨ વાગ્યા પછી ધીમીધારે વરસાદ વરસવાનું શરૂ થયો હતો ત્યારબાદ બે વાગ્યે ગ્રામ પંચાયત કચેરી પાસે આવેલ ટ્રાન્સફોર્મર માં ધડાકા સાથે થ્રી ફેસ નો કેબલ વાયર ફાયર થતાં તે વિસ્તારમાં આવતા દેલવાડા ગામના અડધા વિસ્તાર માં અંધારપટ છવાઈ ગયેલ જેની ઉના ફોલ્ટ સેન્ટરમાં જાણ કરતા નાઈટમાં હાજર રહેતા સ્ટાફે દેલવાડા ગામના તમામ વિસ્તારમાં લાઈટ બંધ કરાવી ગામના હેલ્પરને સાથે રાખી ખામી દર્શાવેલ ટ્રાન્સફોર્મર નાં સ્થળે ગયેલ જ્યાં ખૂબ જ ગંભીર રીતે કેબલ વાયર ધડાકાભેર સાથે ફાયર થયેલ કે તેને રાત્રે રિપેર કરવો કે નવો નાખવો હાજર સ્ટાફ ને યોગ્ય ન લાગેલ ત્યારબાદ તે ટી.સી. અને આસપાસનાં બીજા ૪ ટી.સી. એમ કુલ ૫ ટી.સી. બંધ રાખી અન્ય વિસ્તારમાં એક કલાક બાદ પાવર ચાલુ કરેલ ત્યારબાદ સવાર થતાં ૯ વાગ્યે ફોલ્ટ રિપેર કરનાર ગેંગ ને સ્થળે બોલાવી બે કલાકની જહેમત બાદ ઠીક ૧૧ વાગ્યે કુલ ૯ કલાક બાદ બંધ કરેલ ૫ ટ્રાન્સફોર્મરનો વીજળીનો પાવર ચાલુ કરતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો અને ગ્રામ પંચાયત પાસે આવેલ ટી.સી. માં વારંવાર સર્જાતી વીજ ફોલ્ટને કાયમીનાં ધોરણે નિકાલ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# માંગરોળનાં વંદે માતરમ વોટસેપ ગ્રુપમાં પ્રોફેસરને ટેકનોલોજી મામલે તુકારે શબ્દોમાં અપમાન કરાયું

માંગરોળ તા. ૨૭

માંગરોળમાં ચાલતા સનાતન હિન્દુ ધર્મનાં વંદેમાતરમ વોટસેપ ગ્રુપમાં એવી કોમેન્ટ કરવામાં આવી કે હિન્દુ પંચાગ સામે કરોડોની ટેક્નોલોજી બેકાર છે.માંગરોળના વતની પ્રોફેસર વર્ગ-૨ અધિકારી જણાવેલ કે જો ટેક્નોલોજી બેકાર હોય તો આજે સેટેલાઈટ, ઈન્ટરનેટ, વાયરલેશ, મોબાઈલ ટેકનોલોજી, ઉપગ્રહનો ઉપયોગ થાય છે તે બેકાર કઈ રીતે હોય આ વાત પર આ ગ્રુપમા પ્રોફેસરને તુ જેવા શબ્દ પ્રયોજી ટેકનોલોજી અવગણના કરવામાં આવી શુ આ છે ટેકનોલોજીનો ઉપયોગ?

આજે ટેકનોલોજી બહોળી પ્રમાણમાં ઉપયોગ થાય છે તમામ મંદિરોના દર્શન ઓનલાઈન ઈન્ટરનેટ માધ્યમથી થાય છે શુ એ વાત કય રીતે નકારી શકાય.ભુગોળ, હવામાન વિભાગ, ખેતી, ઉદ્યોગ, ધર્મ કથા, ભજન, લોક ગીતો, દેવસ્થાન, શિક્ષણ ,ઈલેકટ્રોનિક મીડિયા પ્રીન્ટ મીડિયા ટેકનોલોજી ઉપયોગ થાય છે તે કઈ રીતે નકારી શકાય. આથી પ્રોફેસરનું તુકારા કરતા વંદેમાતરમ વોટસેપ ગ્રુપમાં એડમીન પ્રોફેસર ને કહેલુ તું ઘંટ જેવી માનસિકતા વાળો મનોરોગી છે અહીંથી તું જઈ શકે છે. બેચોપડી વાંચી ને ખુદ ને બુદ્ધિશાળી સાબિત કરવા મથતા ગધેડાઓ હિન્દૂ સનાતન સભ્યતા માટે કલંક છે. આવા શબ્દોમાં પ્રોફેસરનું અપમાન કર્યું તે વંદેમાતરમ ગ્રુપની ઘોર બેદરકારી દાખવી છે.

# રાજકોટ જિલ્લામાં વિકલાંગ લગ્ન સહાય યોજના ૧૦૩ દિવ્યાંગ અરજદારને રૂા.૫૦ હજારની લગ્ન સહાય

રાજકોટ તા. ૨૭

રાજય સરકાર દ્વારા જરૂરિયાતમંદ છેવાડાના માનવી માટે અનેકવિધ લોક કલ્યાણકારી યોજનાઓ કાર્યરત છે. જેમાં દિવ્યાંગો માટેની અનેક યોજનાઓનો સમાવેશ થાય છે. રાજકોટ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી પ્રાર્થના શેરસિયાના જણાવ્યા અનુસાર રાજકોટ જિલ્લામાં દિવ્યાંગો માટે તા.૧.૪.૨૨ થી તા.૩૧.૩.૨૩ સુધી આવેલ ૧૦૩ દિવ્યાંગોની લગ્ન સહાયનો અરજીઓ મંજૂર કરાઈ હતી, જેમાં દિવ્યાંગ અરજદાર દીઠ રૂા. ૫૦ હજારની સહાય મળવાપાત્ર છે.

આ યોજનાનો લાભ તમામ વર્ગના દિવ્યાંગોને મળવાપાત્ર થાય છે. વિકલાંગ લગ્ન સહાય યોજના લગ્ન સહાય માટે વિકલાંગ કન્યાની ઉંમર ૧૮ વર્ષથી ઉપર અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ. વિકલાંગ ઓળખ કાર્ડ ધરાવતા ૪૦% કે તેથી વધુ અંધત્વ, ઓછી દ્રષ્ટિવાળા દિવ્યાંગ વ્યકિત, ૭૧% કે તેથી વધુ સાંભળવાની ક્ષતિવાળા દિવ્યાંગ વ્યકિતઓ, ૫૦% કે તેથી ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ, સામાન્ય ઈજામાં જીવલેણ રક્તસ્ત્રાવ, ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા, બૌદ્ધિક અસમર્થતા, હિમોગ્લોબીનની ઘટેલી માત્રા, દીર્ઘકાલીન એનેમિયા, માનસિક બીમાર, ખાસ અભ્યાસ સંબંધિત દિવ્યાંગતા, વાણી અને ભાષાની અશકતતા, ચેતાતંત્ર-ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ, બહેરા અંધત્વ સહિત અનેક અપંગતાવાળા દિવ્યાંગ વ્યકિતઓને સહાય મળવાપાત્ર છે.

૪૦% કે તેથી વધુ આનુવંશિક કારણોથી થતો સ્નાયુ ક્ષય, રક્તપિત સાજા થયેલ, એસીડના હુમલાનો ભોગ બનેલા, હલન-ચલન સાથેની અશકતતા, સેરેબ્રલ પાલ્સી, વામનતા, બહુવિધ સ્કલેરોસિસ, શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ વાળા દિવ્યાંગ વ્યકિતઓને સહાય મળવાપાત્ર છે.

અરજીપત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, બહુમાળી ભવનમાંથી મેળવી, ફોર્મ ભરી રજૂ કરવાનું રહેશે. (જો બંને વ્યકિત દિવ્યાંગ હોય તો અલગ અલગ ફોર્મ ભરવાના રહેશે) અરજીપત્રક સાથે સામેલ કરવાના પુરાવા (બીડાણ) માં વિકલાંગ ઓળખકાર્ડ અને સિવિલ સર્જનનો વિકલાંગતાના દાખલાની પ્રમાણિત, નકલ. બન્નેના શાળા છોડ્યાના પ્રમાણપત્ર (સ્કુલ લીવીંગ સર્ટી.) ની પ્રમાણિત નકલ, રેશન કાર્ડની પ્રમાણિત નકલ, આધાર કાર્ડની નકલ અને રાષ્ટ્રીયકૃત બેંક એકાઉન્ટ ન્ટની માહિતી. (બંને વિકલાંગ હોય તો બંનેની), બન્નેના સંયુક્ત ફોટા/લગ્ન કંકોત્રી. (ફોટા વિધિ દર્શાવતો), લગ્ન રજીસ્ટ્રાર ઓફ મેરેજીસની ઓફિસમાં નોંધાયેલ નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. રૂ. ૫૦/- ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામું અરજીપત્રક સાથે આપેલ નમુના મુજબ, અરજદાર પોતાની જાતે પણ ઓનલાઈન અરજી **esamajkalyan.gujarat.gov.in** પર કરી શકશે.

## ભોજપરા ગામમાં ખાદ્ય પદાર્થોના ૬ નમુનાઓ ફેઈલ થતા ૧.૩૫ લાખનો દંડ ફટકારાયો

રાજકોટ તા. ૨૭

જાહેર સ્વાસ્થ્યની જાળવણી માટે રાજકોટમાં ફુડ સેફટી ઓફિસરો દ્વારા લતિફભાઈ અનવરભાઈ સંજાત (માલિક), ભોજપરા, તા.ગોંડલ જી.રાજકોટની પેઢીમાંથી ફુડ સેફ્ટી ઓફિસરશ્રી દ્વારા તપાસ દરમ્યાન લેવાયેલ કુલ ૬ નમૂનાઓ મિસબ્રાન્ડેડ જાહેર થતા તેમને રૂ. ૧.૩૫ લાખનો દંડ કરવામાંઆવ્યો છે, તેમ એજયુડિકેટિંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટરશ્રી, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

## ઈદની નમાઝ

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ શહેર શાહી ઈદગાહ મસ્જીદ ખાતે ઈદની નમાઝ સવારે ૭.૪૫ થશે. અથવા વરસાદ હશે તો શાહી જામ્મા મસ્જીદ ખાતે થશે. જેની નોંધ લેવા અને ઈદની નમાઝ ઈદ મસ્જીદ ખાતો અદા કરવા સૌયદ કાદરીબાપુની યાદીમાં જણાવેલ છે.

## જૂનાગઢમાં ઘોડીપાસાનો જુગાર રમતા ૧૧ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે નંદનવન સોસાયટી, ઝુલેલાલ બેકરીની પાછળ ઘોડીપાસાનો જુગાર રમતા અયુબ મેમણ, વસંત સરવૈયા, ઈરફાન ભટી, જુબેર ફોજજાદા, મુસ્તાક સીડા, નોહાલ લાસારી, અફઝલ ખાણીયા, લતીફ બગડુવાલા, મુનીરખાન બ્લોચ, મુસ્તાફા મારપાની અને શકીલ બ્લોચનો રોકડ રૂા. ૧,૦૦,૨૦૦ તથા નાલનાં રૂા. ૬૦૦૦, મોબાઈલ ફોન-૭ મળી કુલ રૂા. ૧,૪૯,૨૦૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજકોટની નિધી સોલંકીએ બી.એચ.એમ.એસ.ની પદવી પ્રાપ્ત કરી લુહાર સમાજનું ગૌરવ વધાર્યુ



(રેનિશ મહેતા દ્વારા) ભેંસાણ તા.૨૭

રાજકોટના વેપારી અગ્રણી અને ભવાની ઈલેક્ટ્રીકવાળા અનિરુદ્ધભાઈ સોલંકીની પુત્રી કુ. નિધિ સોલંકી તાજેતરમાં પારુલ યુનિવર્સિટીમાંથી હોમિયોપેથીક મેડિસિન એન્ડ સર્જરી ની ડીગ્રી પ્રાપ્ત કરીને સમગ્ર લુહાર સમાજનું અને સોલંકી પરિવારનું ગૌરવ વધાર્યું છે ડોક્ટર નીતિને આ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ શુભેચ્છાઓ મળી રહી છે. આ બાબતે ભેસાણ તાલુકા લુહાર સમાજના અગ્રણી અને અગ્રણી ઉધોગપતિ પરેશભાઈ આસોડિયા એ જણાવ્યું હતું કે અમારી આ દીકરી ખૂબ તેજસ્વી અને ભણવામાં પ્રાથમીક કક્ષા એ થી જ હોશિયાર હતી તેમની આ સિધ્ધિ થી અમો ગૌરવ અનુભવી રહ્યા છીએ. વધુમાં તેમણે ઉત્તરોત્તર પ્રગતિની શુભેચ્છાઓ પાઠવી હતી.

## જૂનાગઢમાં અમરનાથ યાત્રીકો માટે માર્ગદર્શન શિબિર યોજાશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૭

અમરનાથ યાત્રામાં ૨૦૨૩માં જોડાવા ઈચ્છતા યાત્રીકોને યાત્રા દરમ્યાન કોઈ મુશ્કેલી ના રહે એ ઉદેશ્યથી યાત્રીકોને માર્ગદર્શન આપવા ભોલેનાથ ગ્રુપ જૂનાગઢ તરફથી તા. ૨-૭-૨૩ રવિવારનાં રોજ સાંજે ૫ થી ૭ ભોલેનાથ ગૌશાળા (મંદિર), નંદબાવા ગૌશાળાની સામે, તપોવન સ્કુલની બાજુમાં, બિલખા રોડ ખાતે એક નિઃશુલ્ક માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ શિબિરમાં છેલ્લા ૨૦ વર્ષથી અમરનાથ યાત્રા કરી રહેલ અને અનેક ભંડારાનાં સંપર્કમાં છે એવા અનુભવી યાત્રીકો માર્ગદર્શન આપશે તો યાત્રીકોએ લાભ લેવા જણાવેલ છે.


**જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ જૂનાગઢ**
**નિવિદા નં. ૮/૨૦૨૩-૨૪**

કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત મા.મ.વિભાગ જૂનાગઢ (ફોન નં.૦૨૮૫/૨૬૩૦૦૧૨) ની કચેરી મારફતે જુદી-જુદી યોજના હેઠળના રોડ વર્ક તથા બ્રીજ વર્કના કામો માટે એન્યુઅલ રેઈટ રૂા.૬૩૪૪.૯૮ લાખ માટે ઓન લાઈન ઈ ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે ઈ-ટેન્ડરની વિગતો આ કચેરીના નોટીસ બોર્ડ તથા વેબસાઈટ **www.nprocure.com** પરથી જોવા મળશે અને આ સાઈટ ઉપર ઓન લાઈન ભરવાના રહેશે. આ કામોની વિગતવાર ટેન્ડર નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ **www.statetenders.gujarat.gov.in** ઉપર જોવા મળશે.

| | |
|---|---|
| ઓન લાઈન સબમીશનની છેલ્લી તારીખ સમય | ૧૪/૦૭/૨૦૨૩ ૧૮.૦૦ કલાક |
| પ્રી બીડ મીટીંગની તારીખ | ૧૦/૦૭/૨૦૨૩ ૧૨-૦૦ કલાક |
| ટેન્ડર ફી,બાનાની રકમ,અન્ય ડોક્યુમેન્ટ રજુ કરવાની છેલ્લી તારીખ(રજી.એડી) | ૧૯/૦૭/૨૦૨૩ ૧૮-૦૦ કલાક |
| ટેન્ડર ઓપનીંગ (ઓન લાઈન) તારીખ: (ટેકનીકલ બીડ) | ૧૯/૦૭/૨૦૨૩ ૧૧-૦૦ કલાક |
| ટેન્ડર ઓપનીંગ (ઓન લાઈન) તારીખ: (પ્રાઈસ બીડ) | ૨૧/૦૭/૨૦૨૩ ૧૧-૦૦ કલાક |

માહિતી/જૂના/૩૭૩/૨૦૨૩



**જેએમ ફાઈનાન્સિયલ હોમ લોન્સ લિ.**
કોર્પોરેટ આઈડેન્ટી નંબર: U65999MH2016PLC288534
Regd. ઓફિસ: ૭મો માળ, Cnergy, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ ૪૦૦૦૨૫.
JM FINANCIAL

**કબજાની નોટીસ**

(સિકયુરીટી ઈનટેરસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના પેટા કાયદા ૮ (૧) હેઠળ)

જેએમ ફાઈનાન્શિયલ હોમ લોન લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરનાર, જેની ઓફીસ ૭મો માળ Cnergy, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ -૪૦૦૦૨૫, નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઈઝેશન અને પુનઃનિર્માણ હેઠળ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨નો ૫૪), અને કલમ ૧૩ (૧૨) હેઠળ આપવામાંઆવેલી સત્તાઓનો ઉપયોગ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ એ અહીં ઉલ્લેખિત તારીખની ડિમાન્ડ નોટિસ જારી કરી નીચેના ઋણ લેનારાઓએ નોટિસમાં ઉલ્લેખિત રકમની ચુકવણી આ નોટિસ જારી થયાની તારીખથી ૬૦ દિવસની અંદર કરવાની રહેશે.

નીચેના ઋણ લેનાર નાસતા - ભાગતા ફરે છે અને તે રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, આથી નીચેના ઋણ લેનારાઓને અને સામાન્ય જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે નીચે દર્શાવેલ મુજબની મિલ્કતનો સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૮ સાથે વાંચેલા અધિનિયમની કલમ ૧૩ ની પેટા કલમ (૪) હેઠળ કબ્જો લઈ લીધેલ છે.

| ઋણ લેનાર / સહ ઋણ લેનાર જમીન પડનારનાં નામો અને એકાઉન્ટ નં. | ડિમાન્ડ નોટીસની તારીખ અને બાકી રકમ | અચલિત મિલકતનું વર્ણન | કબ્જો મેળવ્યાની તારીખ |
|---|---|---|---|
| શ્રી હર્ષિદભાઈ જયેશભાઈ શુક્લા, શ્રી હરેશભાઈ જયેશભાઈ શુક્લા, શ્રીમતિ પૂજાબેન હરેશભાઈ શુક્લા, શ્રીમતિ શિતલબેન હર્ષિદભાઈ શુક્લા LAN- LSUR22000024336 and HSUR22000024330 | ૧૧ એપ્રિલ, ૨૦૨૩ રૂા. ૧૨,૬૮,૫૪૭/- (રૂપિયા બાર લાખ અડસઠ હજાર, પાંચસો સુડતાલીસ ફકત | રતનપર નવા R.S. No.43 પૈકી (જૂનો R.S. No.85/ પૈકી ૧), પ્લોટ નં.૨૦ પૈકી દક્ષિણ બાજુ દેવ દર્શન ટાઉનશીપ, માલોદ રોડ, મુ.રતનપર તા.વઢવાણ, જિલ્લો: સુરેન્દ્રનગર ગુજરાત વઢવાણ સીટી ૩૬૩૦૨૦. પૂર્વ: રોડ પશ્ચિમ: પ્લોટ નંબર ૩૭ ઉત્તર: પ્લોટ નં. ૨૦ની બાકીની જમીન દક્ષિણ: પ્લોટ નંબર ૨૧ | ૨૪ જૂન, ૨૦૨૩ (ભૌતિક કબ્જો) |

ખાસ કરીને ઋણ લેનાર અને સામાન્ય રીતે જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરે નહી તેમજ મિલકત સાથે જોડાયેલ કોઈપણ જાતનો વ્યવહાર ઉપર દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજ માટે JM ફાઈનાન્શિયલ હોમ લોન લિમિટેડના ચાર્જને આધીન રહેશે.

સદરહું કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ તરફ ઋણ લેનારનું ધ્યાન આમંત્રિત કરવામાં આવે છે, જે જરૂરી સમય મર્યાદામાં સિકયોર્ડ એસેટ રીડિમ કરવાની છે.

તારીખ: ૨૬ જૂન, ૨૦૨૩
સ્થળ: સુરેન્દ્રનગર

સહી/-
અધિકૃત અધિકારી
વતી- JM ફાયનાન્સિયલ હોમ લોન લિમિટેડ

# ભેંસાણના ચણાકા ગામે પુત્રવધુની હત્યા કરનાર સસરા અને તેના મિત્રની ધરપકડ

## રૂા. દસ લાખની રકમ મેળવવા કાવત્રુ ઘડાયું હોવાનો ઘટસ્ફોટ



ભેંસાણ તા. ૨૭

ભેંસાણ તાલુકાના ચણાકા ગામે રહેતા વિધવા મહિલા રસીલાબેન જયેશભાઈ માંડવીયા ( ઉ.વ.૪૦) ની તા.૨૩ ના રોજ તેમના સસરા શંભુવશરામ માંડવીયા એહત્યા કરીને તેમની હત્યાને આત્મહત્યામાં ખપાવવા લાશ ને પંખા સાથે બાંધી દીધી હતી, પરંતુ પોલીસને શંકા જતા ઊંડાણ પૂર્વક તપાસ હાથ ધરતા તમામ હકીકત પ્રકાશમાં આવી હતી. અને આ બનાવમાં સસરાએજ પુત્રવધુને મોતને ઘાટ ઉતારી દીધી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. સસરાએ નાનપણના મિત્ર સાથે મળીઅને આ હત્યા કરી હોવાનું પણ બહાર આવેલ દરમ્યાન પોલીસે આરોપીઓની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે જે અંગે પોલીસ માંથી પ્રાપ્ત વિગત મુજબ ભેસાણ તાલુકાના ચણાકા ગામે રહેતા જયેશભાઈ શંભુભાઈ માંડવીયા નામના યુવાનનું પાંચ વર્ષ પહેલા વીજ શોર્ટ લાગવાથી મૃત્યુ થયું હતું. બાદ તેમના પત્ની રસીલાબેન બે પુત્રો સાથે ચણાકા ગામે રહેતા હતા અને મજૂરી કામ કરતા હતા. તા.૨૩ ના રોજ ઓચિંતા રસીલાબેન ની લોહીથી લથબથ મૃત હાલતમાં લાશ તેમના રૂમ માથી મળી આવતા તેમના સસરાએ પોલીસને જાણ કરી હતી. પોલીસ એ સ્થળ પર પહોંચી તો શંભુ માંડવીયાએ પોલીસને જણાવ્યું હતું કે રસીલા બેને આત્મહત્યા કરી લીધી છે. પરંતુ પોલીસનેશંકા જતા તેમણે ઊંડાણપૂર્વકની કડક તપાસ હાથ ધરતા સમગ્ર હકીકત સામે આવી હતી જેમાં શંભુભાઈ વશરામભાઈ માંડવીયાએ રસીલાબેન નેમાથામાં લાકડીના ઘા મારીને અન્ય એક વ્યક્તિની મદદ થી ગળે ટૂંપો દઈને તેમની લાશને પંખે લટકાવી દીધી હતી. બાદ શંભુ વશરામે પોલીસ સમક્ષ કબૂલ્યું હતું કે તેમના પુત્રવધુ ગામના ભાવેશ નામના વ્યક્તિની વાડીએ ખેત મજૂરીએ જતી હતી જે મને મંજુર ન હોવાથી મે તેમની હત્યા કરી નાખી છે , જોકે અન્ય એક એવી પણ ચર્ચા થઈ રહી છે કે રસીલાબેન ના સ્વર્ગીય પતિ જયેશભાઈ પીજીવીસીએલના કોન્ટ્રાકટ રાખતા હતા, ત્યારે પાંચેક વર્ષ પહેલાં જયેશભાઈ નું શોર્ટ લાગવાથી મૃત્યુ થયું હતું તેમને વિમાની રકમનો ક્લેમ ચાલતો હતો તે ક્લેમ મંજુર થઈ જતા થોડા દિવસ બાદ મોટી રકમ રસીલાબેન નેમળવાની હતી. જે રૂપિયા રસીલાબેન ને મળે નહીં અને આ રૂપિયા પોતે જ ઓળવી જવાની નીતિ સસરા શંભુ વશરામ ની હોવાથી તેમણે રસીલાબેન ની હત્યા કરી નાખી છે. મૃતક મહિલાના ભાઈ રમેશભાઈ લાખાણી ની ફરિયાદ લઈને ભેસાણ ના પી.એસ.આઈ ડી.કે. સરવૈયાએ ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી હતી દરમ્યાન ગઈકાલે જીલ્લા પોલીસવડાએ એક પત્રકાર પરિષદ યોજી હતી અને આ હત્યાકાંડના બનાવ અંગે વિસ્તૃત વિગતો આપી હતી અને આ હત્યાકેસમાં સંડોવાયેલા સસરા અને તેના મિત્રની ધરપકડ કરી હતી આ બનાવ અંગે વિશેષ મળતી વિગત અનુસાર મરનાર રસીલાબેનના પતિ જયેશભાઈ માંડવીયા પીજીવીસીએલમાં કોન્ટ્રાકટ રાખવાનું કામ કરતા હતા અને તેઓનું ૨૦૧૭માં શોર્ટ લાગવાથી અવસાન થતા તેઓએ લીધેલો ૧૦ લાખનો વીમો પાકયો હતો. જે ૧૦ લાખની રકમ સીધી રીતે જયેશભાઈના પત્ની રસીલાબેનને મળવાની હતી. પરંતુ આ રકમને લઈને તેમના સસરા શંભુભાઈ નાખુશ હતા. કારણ કે રસીલાબેન ઉપર તેમને શંકા હતી કે તેઓ જયાં મજુરી કામે જતા તે ભાવેશ પાછળ તેઆખી રકમ વાપરી નાખશે અને તે રકમમાંથી તેના પુત્રને કોઈ ભાગ નહી મળે જેથી તે રકમ માટે શંભુભાઈએ પોતાના નાનપણના મિત્ર દુર્લભ બાવાભાઈ વઘાસીયાની મદદ વડે બનાવની રાત્રે રસીલાબેનની લાકડી વડે માથામાં ઘા ઝીંકીને હત્યા કરી લાશને સાડી વડે ગળેફાંસો આપી પંખે લટકાવીને હત્યાના બનાવને આત્મહત્યામાં ખપાવવાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે જેને લઈને પોલીસે રસીલાબેનની હત્યામાં તેમના સસરા શંભુભાઈ વશરામભાઈ માંડવીયા (ઉવ.૬૯) અને દુર્લભભાઈ બાવાભાઈ વઘાસીયા (ઉવ.૫૫)ની પોલીસે ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# શ્રી ગિરનાર સાધના આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમા ઉત્સવની ભાવભેર ઉજવણી થશે

## આગામી રવિવાર તા. ૨નાં રોજ સવારે દત્તયાજ્ઞ, પ્રસાદ, સત્સંગ, ધૂન તથા ધ્યાન તેમજ તા. ૩ જુલાઈનાં સદગુરૂ પાદુકાપૂજન, સત્સંગ ધુન તથા શકિતપાઠધ્યાન, મહાપ્રસાદ, ભજન સહિતનાં કાર્યક્રમો : તડામાર તૈયારી

(જગડુશા ડી. નાગ્રેચા દ્વારા) જૂનાગઢ તા. ૨૭

ભવનાથ તળેટી જૂનાગઢ ખાતે આવેલા ધર્મસ્થાનોમાં આગામી ગુરૂપૂર્ણિમા ઉત્સવની ભાવભેર અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવનાર છે. અને જે અંગેની તૈયારીઓ પણ ચાલી રહી છે ત્યારે પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ શ્રી ગિરનાર સાધના આશ્રમમાં પણ ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉત્સાહભેર અને ભાવભેર ઉજવણી કરવામાં આવશે. આ સાથે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે.

પ.પૂ. પુનિતાચાર્યજી મહારાજએ ખુબ જ આકરી તપસ્યા કરી હતી અને સાધનાનાં ફળસ્વરૂપ તેઓને ભગવાન દત્તાત્રેયનો સાક્ષાત્કાર થયો હતો અને 'હરીૐ તત્સત જય ગુરૂદેવ મંત્ર' પ્રાપ્ત થયો હતો. અને આ મહામંત્રને ભાવિકોને પ્રદાન કરવામાં આવેલ છે. આ મંત્ર જાપ પાંચ-સાત મીનીટ ઉચ્ચાર કરવામાં આવે તો પણ તેની અદભૂત અનુભૂતિ થાય છે. સદગુરૂનાં આદેશનું પાલન કરીને પ.પૂ. પુનિતાચાર્યજી મહારાજ તથા પ.પૂ. માતાજી શૈલજાદેવી (મૈયાશ્રી) દ્વારા સહજ ધ્યાન યોગનાં પ્રચાર અને પ્રસારની ઉત્તમ કામગીરી કરવામાં આવી છે. તેમજ ગિરનાર સાધના આશ્રમ ખાતે સાધકોને માટે સાધના માટેનું અલૌકીક વાતાવરણ પુરૂ પાડવામાં આવી રહયું છે તેવી આ પાવનકારી જગ્યા ખાતે ગુરૂપૂર્ણિમા ઉત્સવની ભાવભેર







ઉજવણી કરવામાં આવશે. ગિરનાર સાધના આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમા ઉત્સવ અંતર્ગત આગામી તા. ૨-૭-૨૩ રવિવારે સવારે ૮ વાગ્યે દત્તયાજ્ઞ, બપોરનાં ૧૨ થી ૨ પ્રસાદ, સાંજનાં ૩.૩૫ થી ૫ દત્તયાજ્ઞ પૂર્ણાહુતિ, સાંજનાં ૫ થી ૭ દરમ્યાન પૂ. મૈયાશ્રી ડૉ. ઉમાજીનાં સત્સંગ અને ધૂન તથા ધ્યાનનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ સોમવાર તા. ૩-૭-૨૩ ગુરૂપૂર્ણિમાનાં પાવનકારી પર્વે સવારે ૮.૩૦ થી ૧૦ સુધી સદગુરૂ પાદુકા પૂજન, સવારે ૧૦ થી ૧૨.૩૦ ડો. ઉમાજીનાં સત્સંગ ધૂન અને શકિતપાઠ ધ્યાનનો કાર્યક્રમ તેમજ ૧૨.૩૦થી ૨ સુધી મહાપ્રસાદનું આયોજન, બપોરનાં ૩.૩૦થી ૪ દરમ્યાન ભજન અને સાંજનાં ૪ થી ૭ પૂ. સહજ ધ્યાનયોગીની શૈલજાદેવી (મૈયાશ્રી)નું તેમજ પ.પૂ. આચાર્ય દેવેશજી તથા ડો. ઉમાજીનાં સત્સંગ ધૂન તથા શકિતપાઠ ધ્યાન અને મહાઆરતીનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ગુરૂપૂર્ણિમા ઉત્સવ નિમિત્તે યોજાનારા બે દિવસનાં ધાર્મિક કાર્યક્રમોમાં પધારી અને મહોત્સવમાં ભાગ લેવા માટે પરીવાર, મિત્ર મંડળ સાથે ભાવિકોને પધારવા શ્રી ગિરનાર સાધના આશ્રમનાં ટ્રસ્ટી મંડળ દ્વારા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# જૂનાગઢમાં રાજલક્ષ્મી પાર્કમાં રહેતા શિક્ષકના ઘરમાંથી રૂા. ૧.૩૦ લાખની થયેલ ચોરી

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢના રાજલક્ષ્મી પાર્કમાં રહેતા સ્વામી વિવેકાનંદ મંદિરના શિક્ષક રમણીકભાઈ હરિભાઈ વસોયાના મકાનમાંથી ૧.૩૦લાખની માલમતાની ચોરી થતા પોલીસ દોડી ગઈ હતી. શિક્ષક પરિવાર રાત્રિના સુઈ ગયા બાદ બે તસ્કરો તેમના મકાનની બારીની લોખંડની ગ્રીલ તોડીને ઘરના હોલમાં પ્રવેશ્યા હતા બાદમાં નિશાચરો રમણીકભાઈ વસોયાના રાજસ્થાનના કોટાથી આવેલ પુત્રી ઈશાબેનના પર્સમાંથી રૂપિયા ૪૦ હજારની રોકડ, ૩૦ હજારનું સોનાનું બ્રેસલેટ ૨૫ હજારની લેડીઝ ઘડિયાળ અને રૂપિયા ૫ હજારની જેન્ટ્સ ઘડિયાળ તથા રૂપિયા ૧૦,૦૦૦ની સોનાની બે બુટી અને રમણીકભાઈના પર્સમાંથી ૨૦હજારની રોકડ મળી કુલ રૂપિયા ૧.૩૦ લાખના મુદ્દામાલની ચોરી કરીને તસ્કરો નાસી ગયા હતા. ચોરીની સમગ્ર ઘટના શિક્ષકના ઘરના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જેમાં ચડ્ડી પહેરેલ અને મો ઢાકેલ બે અજાણ્યા શખ્સોએ રાત્રિના ૧.૩૦ થી ૩.૩૦ દરમ્યાન ઘરમાં પ્રવેશી અને ચોરીને અંજામ આપ્યો હોવાનું માલુમ પડ્યું હતું. આ અંગેની જાણ થતા શ્રી ડિવિઝનના પીએસઆઈ જે. એમ. વાળા સ્ટાફ સાથે દોડી ગયા હતા. એફએસએલ તથા ડોગની મદદ લઈને ચોરીનો ભેદ ઉકેલવા સીસીટીવીના ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી.

# જૂનાગઢમાં સીડી લેવા પ્રશ્ને હુમલો : માર માર્યો

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢમાં વાલ્મીકી વાસ ગોધાવાવની પાટી પાસે રહેતા હીનાબેન નિલેશભાઈ સોલંકી (ઉવ.૨૭)એ સાગર અમુભાઈ વાઢેર વિરૂધ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ છે કે આ કામના ફરીયાદીની શેરીમાં લાઈટ જતી રહેલ જેથી થાંભલા ઉપર લાઈટના છેડા જોવાનું જણાવેલ જેથી બટુક હનુમાન મંદિર પાસે એક લાકડાની સીડી પડેલ હોય જેથી ફરીયાદીએ આ સીડી લેવાનું જણાવેલ અને આ સીડી લઈ લાઈટનું વાયરીંગ જોતા હતા ત્યારે બાજુમાં રહેતો ફરીયાદીના કુટુંબી ફોઈનો દીકરો સાગર અમુભાઈ વાઢેર તેના ઘરમાંથી બહાર નીકળેલ અને ફરીયાદીને કહેવા લાગેલ કે આ સીડી કોને પુછીને લીધેલ છે. તેમ કહેતા સાગર વાઢેર ફરીયાદીને ફાવે તેમ ભૂંડી ગાળો કાઢવા લાગેલ અને ઉશ્કેરાઈ ગયેલ અને તેના પડખામાંથી એક લોખંડની છરી કાઢી ફરીયાદીને ગળાના ભાગે આગળ પાછળ ત્રણ ચાર ઘા મારી દીધેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના મંગલધામ-૧માં મગરના બચ્ચાએ દેખા દીધી

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢના મધુરમ વિસ્તારમાં આવેલ મંગલધામ-૧માં મગરનું બચ્ચુ આવી ચડતા સ્થાનિક લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. બાદમાં તેનું રેસ્કયુ કરી વન વિભાગને સોંપવામાં આવ્યું હતું. ત્યારે નદી, તળાવ ન હોવા છતા આ બચ્ચુ આવ્યું કયાંથી એ બાબત સ્થાનિકોમાં ચર્ચાનો મુદો રહ્યો છે.

આ અંગે મળતી વિગત મુજબ શહેરના મધુરમ વિસ્તારના મંગલધામ-૧માં રાજરત્ન ભવન પાસેની સોસાયટીમાં બાળકો રમી રહ્યા હતા ત્યારે મગરનું બચ્ચુ તેની નજરે ચડયુંહતું. આ અંગેની જાણ કરતા વન વિભાગનો સ્ટાફ દોડતો થયો હતો. દરમ્યાન આ અંગે આરએફઓ અરવિંદ ભાલીયાએ જણાવ્યું હતું કે મગરના બચ્ચાનું રેસ્કયુ કરી તેને સલામત સ્થળે છોડી દેવામાં આવ્યુંહતું.

# જીયુવીએનએલ મેનેજમેન્ટ અને જીબીયા વચ્ચે મંત્રણા ભાંગી પડી : આવતીકાલથી અચોકકસ મુદતની હડતાળ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૭

ગઈકાલે વીઆઈપી ગેસ્ટ હાઉસ ગાંધીનગર ટીપીએસમાં પડતર પ્રશ્ને જીયુવીએનએલ મેનેજમેન્ટ સાથે મીટીંગ યોજાઈ હતી. જેમાં મેનેજમેન્ટ તરફથી ડાયરેકટર રવિશંકર, જેટકો એમડી ઉપેન્દ્ર પાંડે, જીયુવીએનએલ જનરલ મેનેજર જે.ટી. રાય ઉપસ્થિત રહેલ. તેમજ જીબીયા તરફથી બી.એમ. શાહ, એચ.જી. વઘાસીયા, વીપી જેટકો નીરવ બારોટ, કૌશિક ચૌધરી હાજર રહેલ. સ્ટાફ સેટઅપ, હોટાલઈન એલાઉન્સ, બિન કાયદેસર ઓર્ડર રદ કરવા, પર્ફોર્મન્સ બેઈઝડ ઈન્સ્ટીવ સ્કી વગેરે મુદાની ચર્ચા કરવામાં આવી હતી. મેનેજમેન્ટ તરફથી એકપણ મુદે પરીણામલક્ષી હકારાત્મક અભિગમ અપનાવવામાં આવેલ નથી તેથી સંયુકત સંકલન સમીતી દ્વારા આજે માસ સીએલ અને આવતીકાલે અચોકકસ મુદતની હડતાળ પાડવામાં આવશે.

# જૂનાગઢમાં જુગાર રમતા સાત શખ્સો ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ બી ડીવીઝનો ઝાંઝરડા રોડ, જનકનગર, નમ્રતા એપાર્ટમેન્ટ પાસે ગુરૂકૃપા નામનાં મકાનમાં જુગાર અંગે દરોડો પાડતાં ૭ શખ્સોને રોકડ રૂા. ૪૮૨૦, નાલના ઉઘરાવેલ રૂપિયા સહિત કુલ રૂા. ૧,૧૬,૪૮૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શાપુર સોરઠમાં સમસ્ત બ્રહ્મસમાજનાં તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૭

વંથલી તાલુકા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા મહાજન વંડી ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ ભાગવતાચાર્ય મનોજ ભટ્ટ તેમજ ભાગવત આચાર્ય મહાદેવ પ્રસાદ મહેતા અને અતિથિ વિશેષ તરીકે જીતુભાઈ દ્વારકાવાળા તેમજ જૂનાગઢ જીલ્લા સમસ્ત બ્રહ્મસમાજનાં પ્રમુખ કે.ડી. પંડયા, શહેર પ્રમુખ પ્રફુલભાઈ જોષી, માજી ધારાસભ્ય ભીખાભાઈ જોષી તેમજ હસુભાઈ જોષી, છેલભાઈ જોષી, મેહુલભાઈ ઉપાધ્યાય વગેરે ઉપસ્થિત રહયા હતાં. અને તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર આપ્યા હતાં. તેમજ ભાગવતાચાર્ય મહાદેવ પ્રસાદ મહેતાને ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને સન્માનીત કર્યા હતાં.


ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



ઓફર...ઓફર... M. 99787 06355 ફો: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમપર્લ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.